धीरोदात्त नायक का अन्तःकरण शोक, क्रोध इत्यादि मानसिक विकारों से अभिभूत नहीं होता है । उसका अहंकार प्रकट नहीं होता है क्योंकि नायक के अन्दर विनयशीलता की मात्रा इतनी अधिक होती है जिससे अहंकार उभरने नहीं पाता है उसके चरित्र में दृढ़ता होती है तथा वह जिस कार्य को अंगीकार कर लेता है उसको अपनी पूर्ण शक्ति से निर्वाह करता है । नागानन्द नाटक का जीमूतवाहन इसका उदाहरण है ।

धीरोद्धतः - ''दर्पमात्सर्यभूयिष्ठो, मायाच्छद्मपरायणः ।
धीरोद्धस्त्वहंकारी, चलश्चण्डो विकत्थनः ।।'' (दशरूपक २/६)

जिसमें दर्प और मात्सर्य बहुत अधिक हो, जो माया छद्म में लगा हुआ हो, जो अहंकारी हो, चंचल हो, उग्र स्वभाव वाला हो, बढ़चढ़कर बाते करने वाला हो उसे धीरोद्धत कहते हैं । धीरोद्धत नायक के रूप में दुर्योधन, परशुराम तथा रावण आते हैं ।

कर्पूरमंजरी में नायक चण्डपाल-

कर्पूरमंजरी का नायक राजा चण्डपाल है । कवि ने नायक का चरित्र समग्र रूप में अङ्कित किया है उसके चरित्र में वे सभी विशेषतायें स्पष्ट रूप से मिलती हैं जो वास्तव में नाट्यशास्त्रानुसार धीरललित नायक के गुण हैं । नायक-कलाप्रेमी, निश्चिन्त स्वभाव का है । राज्य संचालन के दायित्व के प्रति कम चिंनित है तथा राज्यचिन्ता का भार केवल मंत्रियों पर ही है । राजा इस कर्तव्य से उदासीन होकर सौन्दर्य की उपासना में निमग्न है । राज्यविस्तार की आकांक्षा राजा में नहीं है और कामक्रीडा उनकी प्रमुख दिनचर्या है ।

नायक अत्यन्त सुरूप है और साक्षात् कामदेव की प्रतिमूर्ति ही है । स्त्रियाँ उन्हें देखते ही उनकी ओर आकर्षित हो जाती हैं । राजा चण्डपाल सुन्दरी नायिका को देखकर एकदम सौन्दर्य पर मुग्ध हो जाता है और उससे प्रेम करने लगता है इस प्रेम का पर्यवशान अन्ततगत्वा विवाहसूत्र के बंधन के रूप में होता है । नायिका के रूप राशि को देखकर उसके अनिन्द्य सौन्दर्य पर आश्चर्य प्रकट करता है तथा ''अहह अच्चरिअइ अच्चरिअं'' कहकर प्रशंसात्मक विस्मय प्रकट करता है-

''जं धोआंजणसोणलोअणजुअं लग्गालअग्गं मुहं
हत्थालंबिदकेसपल्लबचए दोल्लंति जं बिंदुणो ।
जं एक्वं सिचअंचलं ण्णिबसिदं तं णहाणकेलिट्ठिदा
आणीदा इअमब्भुदेक्कजणणी जोईसरेणामुणा ।।'' (कर्पूरमञ्जरी, १/२६)

अर्थात् जिसका काजल रहित किन्तु रक्त वर्ण का नेत्र हैं, केशाग्रभाग से जिसका मुख ढका हुआ है, जिसके हाथ से पकड़े हुए केश समूहों से जल बिन्दु गिर रहे हैं तथा जिसने एक ही वस्त्र विधारण किया है उस स्नानगृह में स्थित लोकोत्तर सौन्दर्य से युक्त देवी को इस योगीश्वर ने यहाँ उपस्थित किया है । फिर राजा नायिका के वियोग में परितप्त होता है । उसे प्रकृति की सभी सुन्दर वस्तुऐं संतापदायी लगती हैं । राजा की विरहावस्था का वर्णन विदूषक के मुख से हुआ है । राजा पूर्णतया कर्पूरमंजरी में अनुरक्त है और उसके ही ध्यान में तल्लीन है-

''परं जोण्हा उण्हा गरलसरिसो चंदणरसो ।
खदक्खारो हारो रअणिपबणा देहतबणा ।।
मुणाली बाणाली जलदि अ जलाद्दा तणुलदा ।
बरिट्ठा जं दिट्ठा कमलबदणा सा सुणअणा ।।'' (कर्पूरमञ्जरी, २/४)

तात्पर्य है कि – जब वह कमलनयनी सुन्दरी दृष्टिपथ में आयी तब से चांदनी ताप उत्पन्न करने लगी, चन्दनरस गरल के समान प्रतीत हुआ । हार कांटो पर नमक सा लगने लगा, रात के ठण्डे पवन देह को जलाने लगे । मृणाल बाणावली प्रतीत हुआ और जल से आर्द्र तनुलता भी जलने लगी ।

राजा समग्र राजकार्य से हाथ खींचकर एक ही मन्त्रोपाय के चिन्तन में व्यस्त है । उसकी सारी शक्तियाँ इसी अभीष्ट की प्राप्ति हेतु अग्रेसर हैं । राजा का साथी विदूषक और उसकी परिचारिकायें इसी ध्येय की प्राप्ति कराने को सचेष्ट हैं । दासी विचक्षणा और विदूषक ऐसी व्यवस्था करते हैं जिससे राजा झुला झुलते हुए और चरण स्पर्श से अशोक वृक्ष को कुसुमित करते हुए देख सकें । राजा इन्हीं परिस्थितियों की सहायता से अपनी योजना में सफल होता है और इस प्रकार ये प्रेमाङ्कुर पल्लवित और पुष्पित होता है ।

नायक चण्डपाल कला का भी पारखी है । मित्र विदूषक और विचक्षण के कवित्व की सराहणा तथा अन्यत्र त्रुटियों का संकेत नायक की काव्य मर्मज्ञता को प्रकट करता है । नायक की संगीत कला में भी विशेष अभिरुचि है, जिसका उदाहरण मिलता है –

''कुंतलेस्सरसुआकरप्फस्सप्फारसोक्खसिढिलीकिदसग्गो ।
पालएमि बसुहातलरज्जं चक्कबट्टिपदबीरमणिज्जें ।'' (कर्पूरमञ्जरी, ४/२२)

आचार्य श्यामवर्मा ने अपने ग्रन्थ ''आचार्य राजशेखर'' में नायक के विषय में कहा हैं – राजा चण्डपाल सुन्दरी नायिका के प्रथम दर्शन मे ही उस पर अनुरक्त हो जाता है और ''अहह अच्चरिअ अच्चरिअ'' कहकर प्रशंसात्मक विस्मय प्रकट करता है । वह कला का पारखी है । वह विनोदी एवं विलासी है । प्रारम्भ से अन्त तक हम उसे प्रमोदवन में, लताकुंज में या रत्न चतुरङ्ग में पाते हैं । नायिका के दर्शन न होने में विरह वेदना की अनुभूति करने वाला यह नायक वास्तव में शृङ्गारी है । (श्यामवर्मा, १९७०; ९८) नाट्यशास्त्रकार भरत और आचार्य धनञ्जय द्वारा वर्णित नाटिका के लक्षण में कहा है – ''प्रख्यातो धीरललितस्तत्र स्यान्नायको नृप ।'' (नाट्यशास्त्र–१८/५७, दश. ३/४३) इस प्रकार राजा चण्डपाल में धीरललित नायक के सभी गुण विद्यमान हैं और उसका व्यक्तित्व प्रभावशाली है, क्योंकि चक्रवर्ती पद की प्राप्ति होती है । चाहे उसमें वैवाहिक हेतु हि क्यों न हो । कर्पूरमंजरी में अपने आश्रयदाता महेन्द्रपाल के प्रति अतिशय आदर के कारण राजशेखर ने चण्डपाल को सार्वभौम पद पर प्रतिष्ठित किया है ।

विद्धशालभञ्जिका में नायक विद्याधरमल्ल-

विद्धशालभञ्जिका में प्रमुख पुरुष पात्र विद्याधरमल्ल नायक हैं । कर्पूरमंजरी के नायक के ही समान वो धीरललित प्रकृति का है तथा धीरललित नायक के जो गुण होते हैं वह सब विद्याधरमल्ल में विद्यमान हैं । साहित्यदर्पणकार विश्वनाथ ने धीरललित नायक में निश्चिंतता, शृङ्गारक्रियता तथा कलापरायणता, आदि गुणों का प्राधान्य माना है -

'निश्चिन्तो मृदुरनिशं कलापरो धीरललितः स्यात् ।' (साहित्यदर्पण ३/३४)

राजा विद्याधरमल्ल में ये सभी गुण दृष्टिगोचर होते है । राज्यारोहण के कार्यभार से प्रायः वो मुक्त है । एक सीमा तक अपने प्रजापालन रूप दायित्व से अपने को अलग रखकर केवल इन्द्रियवासना की पूर्ति में आसक्त है । उससे अपनी सारी शक्ति को विषयभोग में ही लगा रखी है । जिसकी सारी परिणति एक नहीं दो-दो विवाहों में होती है । मध्यकालीन राजाओं के अन्तःपुर के समान वहाँ पहले से कई रानियां उपस्थित है - ''अन्ते उरिकासहस्सपरिवारस्स महाराअस्स किं तीए विणा विसूरिदित्ति ?'' (विद्धशालभञ्जिका प्र.अ. पृ.-११) फिर भी राजा की अभिलाषा नित्य नूतन स्त्रीरत्न की प्राप्ति में सचेष्ट रहती है । राजा विद्याधरमल्ल ने राज्य संचालन का संपूर्ण भार अपने योग्य मंत्री भागुरायण को सौंप दिया है । ऐसी स्थिति में मंत्री भी अपने दायित्व को भुलाकर राजा के लिए अभीप्सित वस्तु को जुटाने के लिये तत्पर रहता है । मंत्री भागुरायण ही इस प्रकार का विधान सम्पादन के लिये मृगांकवली को राजा के सामने बुलाने का प्रयत्न करता है, जिससे उसके ऊपर राजा आसक्त हो सके । मंत्री भागुरायण अपने उद्देश्य में सफल होता है । राजा मृगांकवली को देखकर उस पर आसक्त हो जाता है ।

राजा अत्यन्त भावुक है । वो विदूषक से कहता है कि - 'मैनें स्वप्न में एक सुन्दरी को देखकर उसे पकड़ना चाहा, किन्तु वह अपनी मोतियों की माला छोड़कर भाग गई' । राजा कलाप्रेमी है और संयोगवश जब वह अपनी चित्रशाला में अपनी प्रेयषी की खुदी हुई मूर्ति (विद्धशालभञ्जिका) देखता है तो उसके गले में मोतियों की माला डाल देता है ।

नायक राजा निरन्तर अपनी प्रेयशी को प्राप्त करने के लिये प्रयत्नरत है । राजा की शृंगारिक वृत्तियाँ उस स्वप्न सुन्दरी को प्राप्त करने के लिए प्रतिक्षण प्रेरितं करती रहती हैं । प्रकृति के प्रति उसका विशेष अनुराग है । वह अपना अधिकांश समय प्रमोदोद्यान में वसन्त आदि ऋतुओं की चर्चा करता हुआ, अनेक मनोरंजक क्रीडाओं में व्यतीत करता है । राजा की उत्कंठा यहाँ तक बढ़ जाती है कि राजा विदूषक के साथ अपनी प्रेयषी को उद्यान में खेलते हुए तथा एक प्रणयलेख पढ़ते हुए देखता है । इस प्रकार दोनों का अनुराग प्रगाढ़तर हो जाता है ।

यद्यपि राजा की ये चेष्टायें सुविदित हैं और रानी भी इसमें कोई प्रतिरोध करने में असफल रहती है वरन् रानी के ईर्ष्यालु स्वभाव के कारण ही प्रतिशोध की भावना स्वभाविकता राजा के मनोरथ की सिद्धि कर देता है और मृगांकवली एवं कुवलयमाला दोनों का विवाह राजा से होता है तथा राजा को चक्रवर्ती पद प्राप्त होता है ।

आचार्य श्यामवर्मा विद्धशालभञ्जिका नाटिका का राजा विद्याधरमल्ल को धीरललित प्रकृति का नायक माने हैं । उनके कथन अनुसार-दशरूपककार ने मृदु का अर्थ - श्रृंगार-प्रधान एवं सुकुमार सत्वाचार बतलाया है - ''शृंगारप्रधानत्वाच्च सुकुमारसत्वचारो मृदुरिति ललित ।'' (दशरूपक - २/३) राजा विद्याधरमल्ल अत्यधिक शृंगारी है - उसके अन्तःपुर में हजारो रानियां है तथापि स्वप्नदृष्ट्वा नायिका के लिए वह दुःखी है । वह राजा नायिका मृगांकवली के सौन्दर्य का रातदिन स्मरण करता है, किन्तु अपनी रानी को भी दुःखी नही देख सकता । वह उसे भी यथाशक्ति प्रसन्न रखने का प्रयास करता है । (श्यामवर्मा, १९७०, ९५) । नाटिका के विषय में धनञ्जय एवं विश्वनाथ का कथन है - 'अन्तःपुर में नायिका को देखने सुनने से छिपकर डरना-डरता प्रेम करता है'-विद्याधरमल्ल के विषय में वह बात विल्कुल सत्य है । इसप्रकार उपर्युक्त विवरण से स्पष्ट हैं कि नायक राजा विद्याधरमल्ल धीरललित प्रकृति का है और सर्वत्र नाटिका में उसकी यही प्रकृति अभिव्यंजित है ।

बालरामायण में नायक श्रीराम-

बालरामायण नाटक के नायक राम हैं । उनमें वे सभी गुण पाये जाते है जो एक धीरोदात्त नायक के होने चाहिये । साहित्यदर्पण के अनुसार-

''अविकत्थनः क्षमावानतिगम्भीरो महासत्वः ।
स्थेयान्निगूढमानो धीरोदात्तो दृढ़व्रतः कथितः ।।'' (साहित्यदर्पण ३/३४)

अविकत्थन अर्थात् अपनी प्रशंसा न करने वाला, क्षमायुक्त, अति गम्भीर स्वभाववाला, महासत्त्व अर्थात् हर्ष, शोकादि से अपने स्वभाव को नहीं बदलने वाला, स्थिर प्रकृति, विनय से प्रच्छन्न गर्व रखने वाला और दृढ़व्रत अपनी बात का पक्का पुरुष धीरोदात्त कहलाता है । राम में ये सभी गुण समुज्ज्वल है । आत्मश्लाघा रूप गुण से राम सदा असंपृक्त हैं । जब तक वह अपनी की हुई प्रतिज्ञा या घोषित कार्य को सम्पन्न नहीं कर लेते हैं तब तक उनकी कोई बढाई करें ये उन्हें सह्य नहीं है । वह चाहते है कि उनका पराक्रम स्वयं मुखर हो । जब वह अपनी दुस्साध्य प्रतिज्ञा को पुरी करके दिखा दें तभी उसका उल्लेख होना चाहिये । ये स्पृहणीय गुण है और श्रेष्ठपुरुषों ने इसका परित्याग किया है । धर्मशास्त्रों ने भी इसका अनुमोदन किया है । ''सम्मानात् ब्रह्मणो नित्यं उद्विजेद् विशदिव'' । (मनुस्मृति) राम भी रावण वध तक अपनी स्तुति (प्रशंसा) को प्रतिबंधित कर

देते हैं । -''प्रतिहारः- ननु रामदेवेन निषिद्धमात्मोपवर्णनमादशरड़स्वर्गारोहणश्रुतेरादशकण्ठबन्धम् ।'' (बालरामायण स.अ., पृ.२१८) उनमें परस्पर विरोधी गुणों का भी दर्शन होता है । एक ओर वे अतिशय विनम्र हैं - वे वयोवृद्ध परशुराम के सम्मुख भारतीय शिष्टाचार के रूप में अपना शिर उनके आगे झुका देते हैं -

''स्वायत्तेन कुठारेण स्वाधीने राममूर्द्धनि
यथेष्टं चेष्टतामर्यस्त्वदाज्ञां को निषेधति ।।'' (बालरामायण ४/६२)

अर्थात् कुठार आपके अधीन है और राम का शिर भी आपके अधीन है अतः जैसी आपकी इच्छा हो वैसा व्यवहार करिये । आपकी आज्ञा का निषेध कौन करता है । ये विनम्रता राम की भीरुता नही है प्रत्युत शालीनता है । पुनः जब परशुराम उन्हें युद्ध करने के लिए आह्वान करते है तो वह युद्ध के लिए भी तत्पर हो जाते हैं यही उनके चरित्र की दृढ़ता है जो सभी स्थलों पर दृष्टिगोचर होती है । सेतुबन्ध के अवसर पर राम समुद्र से मार्ग की याचना विनम्रता पूर्वक करते है परन्तु आज्ञा का परिपालन न होने पर दण्ड देने को भी उद्यत हो जाते हैं । वह राक्षसों का नियमन करने के लिये कृतसंकल्प हैं । अन्याय का प्रतिकार करना उनके जीवन का चरम लक्ष्य हैं । वह आजीवन इसी नीति पर चले-'राक्षसरक्षौषधं रामभद्रमानेतुं' । अपने प्रबल शत्रु रावण के प्रति भी विनम्र ही रहे और युद्ध प्रारंभ होने पर रावण से यही निवेदन किया कि वह उनकी धर्मपत्नी सीता को वापस लौटा दे ।-

''भो लंकेश्वर ! दीयतां जनकजा रामः स्वयं याचते ।
कोऽयं ते मतिविभ्रमः स्मर नयं नाद्यापि किंचिद्गतम् ।।'' (बालरामायण ९/१९)

तात्पर्य है कि - हे राम ! सीता को दीजिये । राम स्वयं याचना कर हरे हैं । आपका यह कौन सा मति-विभ्रम है । नीति का स्मरण कीजिये । अब भी कुछ गया नहीं है । साथ ही राम नीतिवचनों के पालन की सार्थकता भी रावण को हृदयंगम करा देना चाहते हैं कि जो मनुष्य नीति पर नहीं चलता विधाता उसका अवश्य पराभव करता है । मेरे बाण भी आततायी को दण्ड देने के लिये तूणीर से बाहर निकलने के लिये व्यग्र हैं ।-

''नैवं चेत् खरदूषणत्रिशिरसां कण्ठसृजा पंकिला ।
पत्री नैष सहिष्यते मम धनुर्ज्यबन्धन्धूकृतः ।।'' (बालरमयण, भरतवाक्य)

यही राम के चरित्र का वैशिष्ट्य है । इन अति उत्तम गुणों का समावेश हमें उनके चरित्र में दिखाई देता है वह महान पितृभक्त है । वाल्मीकिरामायण में तो पितृचरणों में अनुरक्त हैं ।-

''अहं हि वचनाद् राज्ञः पतेयमपि पावके ।
भक्ष्येयं विषं तीक्ष्णं पतेयमपि चार्णवे ।।'' (रामायण, अ. का. २८/२८-२९)

बालरामायण में भी उनकी पितृभक्ति अनुमेय है । वह दशरथ का वेश रखने वाले यक्ष के साथ चल देते हैं । आचार्य श्यामवर्मा ने अपने ग्रन्थ ''आचार्य राजशेखर'' में नायक के विषय में कहा हैं - बालरामायण में श्रीरामचन्द्र क्षमाशील, अत्यन्त गम्भीर, दुख सुख में प्रकृतिस्थ, स्वभिमानी किन्तु विनीत हैं । राम में समस्त गुणों की विद्यमानता देखकर राजशेखर ने उनके नायकत्त्व एवं आदर्श चरित्र को पुष्ट किया है किन्तु राम का परिचय नाटक में अत्यन्त विलम्ब से दिया गया है । दर्शक उनके गुणों का श्रवण प्रथम अंक के प्रारंभ से करते हैं किन्तु उनका प्रत्यक्ष दर्शन चतुर्थ अङ्क मे ही हो पाता है । (श्यामवर्म, १९७०; ८९) तथापि राम में सभी गुणों की उपलब्धि नाटक में होने के कारण धीरोदात्त नायक श्रेणी में आते हैं ।

बालभारत में नायक युधिष्ठिर-

बालभारत नाटक की कथा का आधार महाभारत है । इस नाटक के नायक युधिष्ठिर हैं । इसमें केवल दो ही अंक उपलब्ध होने से नायक युधिष्ठिर का चरित्र समग्ररूप में अंकित नहीं हो सका है । प्रारंभिक जीवन के ही कुछ अंशो का ही दिग्दर्शन नाटक में कराया गया है । पाण्डव द्रौपदी स्वयंवर में ब्राह्मण वेश में उपस्थित होते हैं । जहाँ राधावेध (मत्स्य विशेष पर लक्ष्य संधान करना) करने पर द्रौपदी से विवाह की शर्त रखी गई हैं, युधिष्ठिर सभामण्डप में अपने भाईयों के साथ उपस्थित हैं, उनका हृदय उत्कण्ठित है । परन्तु किसी प्रकार का चांचल्य क्षोभ नहीं है । वे पूर्ण आश्वस्त होकर विनम्रता से कहते हैं कि - ''युधिष्ठिरः - वत्स सोदर ! वृकोदर ! परपुरंजय ! धनंजय ! मण्डितपाण्डवकुल नकुल ! द्विषद्दुः सह ! सहदेव ! इह हि महाराज समाजे न जाने कमवलम्बिष्यते राधावेधवैजयन्ती ।'' (बालभारत, प्र.अ., पृ.१३)

उनका व्यक्तित्व प्रभावशाली है और चरित्र में शालीनता है । सभी उनके आज्ञानुवर्ती हैं और अपने बड़े भाई युधिष्ठिर पर स्नेह एवं श्रद्धा करते हैं । भीम उनके पराक्रम की प्रशंसा करते हैं 'आर्यो वेत्ति निजां न विक्रमकलां त्वं विश्वरक्षामणिः' । (बालभारत, १/२३) यद्यपि युधिष्ठिर धर्मपरायण है - ''युधिष्ठिरो धर्ममयो महाद्रुमः'' (बालभारत, २/९४) तथापि द्यूतक्रीड़ा में उनकी प्रवृत्ति हो जाती है - ''राजसूयक्रवोर्यज्वा पाण्डुपुत्रो युधिष्ठिरः आहुतो न निवर्तेत द्यूतादपि रणादपि'' । (बालभारत, २/९६) द्यूतक्रीड़ा में आसक्त होना उनके चरित्र की दुर्बलता है और एक प्रकार का कलंक है जिससे उनका अवमान एवं तिरस्कार होता है और वे धन और सम्पत्ति से भी हाथ धो बैठते हैं और उन्हें निर्वासन आदि अनेक विपत्तियों का सामना करना पड़ता हैं-

"वर्षाणि द्वादशारण्ये सह तिष्ठतु निष्ठया ।
अज्ञातचर्चया वर्षमावयोर्यो विजीयते ।।" (बालभारत, २/१२५)

द्यूतक्रीड़ा में प्रवृत होने पर वे अपनी धर्मपरायण पत्नी द्रौपदी को भी दाव पर लगा देता हैं उसे भी हार जाते हैं । उन्हीं के सामने सभा में द्रौपदी का भी अपमान किया गया है-

"पंचानां या कलत्रं द्रुपदमखविधौ चाद्भूतं जन्म यस्याः
पूतायाः राजसूयावभृथपरिगमे मन्त्रपूतैः पयोभिः ।
तामेतां द्यूतदासीं कुरूपतिनियमं मूर्ध्नि कृत्वा मयाऽन्तः
वेशेष्वाकृष्यमाणां श्रृणुत नृपतयो यस्य शक्तिः स पातु ।।" (बालभारत, २/१२६)

इसप्रकार हम देखते हैं कि युधिष्ठिर के कार्यकलापों और उपलब्ध सामग्री के आधार पर युधिष्ठिर का चरित्र धीरप्रशान्त नायक का है ।

उपसंहार :-

इसप्रकार से विचार करने के बाद देखते हैं कि कर्पूरमंजरी में केन्द्रबिन्दु चरित्रवान राजा चण्डपाल है । उसके शासन के अधीन उच्चवर्ग के अमात्य, महारानी, विदूषक तथा परिचारिकायें सभी राजा को प्रसन्न करने के लिए कृतसंकल्प दिखाई देते हैं । वास्तव में कर्पूरमञ्जरी शृंगार अथवा प्रणय की नाटिका है, जिसमें राजा की विलासी प्रवृत्ति सर्वोपरि है । महाकवि भाष ने भी "स्वप्नवासवदत्तम्" में "वत्सराज उदयन" का चरित्र उसी प्रकार का चित्रित किया है । जो राजा चण्डपाल के समकक्ष रख सकते हैं परन्तु चण्डपाल के चरित्र में कामुकता तथा तांत्रिकों की धर्मसाधना पर विश्वास दिखाई देता है । इसके फलस्वरूप देखते हैं "वाममार्ग" की रहस्यमयी चेष्टाओं के रूप में कर्पूरमंजरी का समागम राजा के समक्ष होता है और कर्पूरमंजरी राजा की अङ्कातिशायिनी बनती है । वाममार्गी तांत्रिको की धर्मसाधना का यही मूर्तरूप है । जिसके आधार पर ऐसे तांत्रिक राजकुल तथा अन्तःपुर में विश्वासपात्र बन जाते थे । सर्वत्र नाटिका में राजा का एक ही रूप दृष्टिगोचर होता है । उसका कलाप्रेम भी अपनी प्रेयषियों की आराधना में अभिव्यक्त होता है । उसकी धीरललित प्रकृति मनोहारी है । अन्तःपुर में वस्तुतः राजा का ही शासन है और राणी जो भी व्यवधान अभिलाषा पूर्ति में उपस्थित करती हैं उनको वह बड़े चातुर्य के साथ दूर कर देता है । राजा को इन विवाह संबंधों के द्वारा चक्रवर्ती पद की प्राप्ति होती है । उससे राजा की गौरव वृद्धि होती है ।

विद्धशालभञ्जिका में नायक विद्याधरमल्ल भी धीरललित नायक में आते है । क्योंकि वह अपने राज्यपाट मन्त्री भागुरायण को सौंप के निश्चिन्त रहते है तथा कामवासना में डुबे रहते हैं । मन्त्री भागुरायण राजा की कामवासना देखकर अपनी बुद्धि से कुशलतापूर्वक राजा के समक्ष

मृगांकवली को उपस्थित करता है तथा मृगांकवली अपना प्रेम प्रकट करता है और राजा भी उसमें अनुरक्त हो जाते हैं । इस नाटिका में भी जैसा कर्पूरमंजरी मैं है राजमहिषी राजा की प्रणय लीलाओं में गतिरोध उत्पन्न करने के लिये अंकुश लगाने में प्रयत्नरत हैं परन्तु रानी अपने कार्य मे सफल नहीं होती है । राजा अपने कौशल से मृगांकवली को पाने में समर्थ हो जाता हैं तथा एक अन्य नायिका कुवलयमाला से पाणिग्रहण करने में समर्थ होते हैं । अपनी सारी चेष्टाओं को प्रणय लीलाओं में संलग्न कर देते हैं प्रणय लीलायें ही उनके जीवन का सर्वस्व है । उनके जीवन की यही चरम उपलब्धि है जिसकी फलश्रुति महाकवि राजशेखर ने विद्याधरमल्ल की धीरललित नायक के रूपमें उपस्थापित किया हैं ।

बालरामायण में राम के उदात्त गुणों का वर्णन मिलता है । भारतीय इतिहास में जो सम्मान उन्होंने सामाजिक मर्यादा का पालन करते हुए अर्जित किया है वह अनुपम है । राम का चरित्र देवकोटि का है । अपनी सहज विनम्रता, क्षमाशीलता, परदुःखकातरता और दुष्टदमन की नीति आदि गुणों से अन्य सभी पात्रों की तुलना में वह देदीप्यमान भास्कर के समान है और अपने चरित्र की धीरोदात्त गुणो से वे महान हैं । उनकी जीवन की प्रतिज्ञा राक्षसों का विनाश करना और साधु सन्तों-ऋषियों एवं महात्माओं की रक्षा करना । जिसका उन्होनें विकट परिस्थितियों में रहते हुए निर्वाह किया । परशुराम के अहंकार को बड़ी शालीनता के साथ उन्होंने विखंडित किया तथा उनके सामने नतमस्तक भी हुये । इसका कारण उनसे भयभीत होकर नहीं अपितु उनके गौरव और भारतीय शिष्टाचार का उल्लंघन न होने देना । इस प्रकार की विशाल हृदयता और दूरदर्शिता अन्य चरित्रों में नहीं है । आत्मश्लाघा से सदैव अपने को पराङ्गमुख रखा जब तक कार्यसिद्धि नही हो जाती । इसप्रकार अपने समुज्ज्वल चरित्र और स्पृहणीय गुणों के कारण राम नाटक के पात्रो में शिरोमणि है और राजशेखर इन्हीं गुणों के कारण बालरामायण नाटक में नायक राम की श्रेष्ठता प्रतिपादित की है ।

''प्रचण्डपाण्डव'' में युधिष्ठिर की प्रधानता स्पष्ट है । वे पाण्डवों के अग्रज हैं और इसीलिए उनके छोटे भाई उनको गुरुतुल्य आदर देते हैं, जिसके वे पात्र भी हैं । उनमें आभिजात्य गुण विद्यमान है । नाटक में उन्हें ब्राह्मण के वेश में राजा विराट की स्वयंवर सभा में उपस्थित पाते हैं तथा अपने भाई अर्जुन के कौशल एवं पराक्रम से विजयी होते हैं । परन्तु तदनन्तरं उनके जीवन का वो अध्याय प्रारंभ होता है जिसमें भाग्यदेवी उनसे रूठ जाती है । द्यूतक्रीड़ा का व्यसन उन्हें अपमान और विपत्तियों के कगार पर खड़ा कर देता है जिसमें पड़कर जीवन के सुखों से वंचित हो जाते हैं दुर्योधन के द्वारा किया हुआ द्रौपदी का अपमान इनमें प्रतिशोध की भावना जगा देता है और यही प्रतिशोध की चिंगारी धीरे-धीरे भीषण रणज्वाला में परिणत हो जाती है तथा समग्र कौरवकुल अग्निसात् हो जाता है । युधिष्ठिर के निर्मल चरित्र में द्यूतक्रीड़ा का व्यसन एक

अरोचक स्थान है । किन्तु इस नाटक में केवल दो ही अंक उपलब्ध होने के कारण उनके अन्य चारित्रिक गुण दोषों के महत्त्व और स्थिति की समीक्षा करना सुलभ नहीं है । इस प्रकार युधिष्ठिर का चरित्र गुणदोषों से मण्डित है और भारतीय इतिहास के नायक के रूप में उन्हें अन्ततोगत्वा विजय मिली उसका श्रेय उनके चारित्रिक गुणों में निहित है ।

सन्दर्भ ग्रन्थसूची

१. दशरूपक – सुधाकर मालवीय (सम्पादक), द्वितीय प्रकाश, चौखम्बा कृष्णदास अकादमी, वाराणसी, २०१०

२. श्री रामकुमार आचार्य (सम्पादक), कर्पूरमंजरी, चौखम्बा विद्याभवन, वाराणसी, १९५५

३. वाबुलाल शुक्ल शास्त्री (सम्पादक), विद्धशालभञ्जिका, चौखम्बा ओरियेन्टालिया, वाराणसी, १९७६

४. जीवानन्द विद्यासागर (अनुवादक), बालभारत, बङ्गीय साहित्य परिषद्, कलिकाता, १८८८

५. साहित्यदर्पण – श्रीशालग्रामशास्त्री विद्यावाचस्पति (व्याख्याकार), भारतीय कला प्रकाशन, दिल्ली, २००४

६. राकेश शास्त्री (व्याख्याकार), मनुसंहिता, विद्यानिधि प्रकाशन, दिल्ली, २००६

७. श्याम वर्मा – आचार्य राजशेखर, मध्यप्रदेश हिन्दी ग्रन्थ अकादमी, १९७१

શ્રી સયાજી સાહિત્યમાળા, પુષ્પ ૩૮૧


મહાભારતનાં ગૂઢ રહસ્યો

મૂળલેખક

ગ. વા. કવીશ્વર

અનુવાદ

વિજયા લેલે





પ્રાચ્યવિદ્યામંદિર

મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય

રાજમહેલ દરવાજા સામે, રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧

૨૦૧૬

Email : director-oriental@msubaroda.ac.in

Phone No. 0265-2425121

વૈદિક અસુર નમુચિનું પુરાણોમાં ઉપબૃંહણ

મનસુખ કે. મોલિયા*

વૈદિક સાહિત્યમાં દેવો અને અસુરો વચ્ચેના સંગ્રામનાં પુષ્કળ વર્ણનો છે, જેમાં દેવોના અધિપતિ ઇન્દ્ર અને વિવિધ અસુરો વચ્ચેના યુદ્ધની કથાઓ મુખ્ય છે. ઇન્દ્રના શત્રુઓમાં વૃત્ર સૌથી મુખ્ય છે. આ સિવાય પણ શમ્બર, અહિ, અશ્ન, પિપ્રુ, નમુચિ, રુધિક્રા વગેરે અસુરો સાથે યુદ્ધ કરીને ઇન્દ્રે તેમને હણ્યા હતા. પ્રસ્તુત લેખમાં વૈદિક સાહિત્યમાં પ્રાપ્ત થતી નમુચિકથાનું પુરાણસાહિત્યમાં થયેલ ઉપબૃંહણનું અધ્યયન કરવાનો પ્રયત્ન છે. અત્યન્ત રસપ્રદ વાત છે કે પુરાણ સાહિત્યમાં હિરણ્યકશિપુની કથામાં પ્રાપ્ત થતાં તેના અવધ્યત્વ અંગેનાં લોકપ્રિય તત્ત્વો નમુચિની કથામાંથી ઊતરી આવ્યાં છે. હિરણ્યકશિપુને બ્રહ્માનું વરદાન હતું કે લાકડા કે લોખંડથી, અસ્ત્ર કે શસ્ત્રથી દિવસે કે રાતે, કોઈ મનુષ્ય કે પ્રાણી તેને મારી શકે નહિ. બ્રહ્માએ હિરણ્યકશિપુને આપેલા આ વરદાનને લીધે જ તેને હણવા વિષ્ણુએ નરસિંહ અવતાર ધારણ કર્યો હતો. વિષ્ણુના દશ અવતારોમાં નરસિંહઅવતાર ચોથા ક્રમે છે. વૈદિક નમુચિકથામાં રહેલું અવધ્યત્વ અંગેનું રોચક તત્ત્વ હિરણ્યકશિપુ સાથે જોડાયા પહેલાં વૃત્રની સાથે પણ જોડાયું છે, જો કે વૃત્રકથામાં તેનો વિનિયોગ બહુ સફળ રહ્યો નથી. તેનું મુખ્ય કારણ એ છે કે વૈદિક સાહિત્યમાં વૃત્રનું કથાનક અનેક સ્થળે મળતું હોઈ સુપ્રસિદ્ધ છે. તેના પાત્રની રેખાઓ બહુ જ સ્પષ્ટ રીતે આલેખિત થયેલી છે. વૈદિક સાહિત્યમાં ક્યાંય વૃત્રને પ્રાપ્ત થયેલ અવધ્યત્વ અંગેના નિર્દેશો મળતા નથી. તેથી નમુચિકથાના અવધ્યત્વના મૂળ તત્ત્વનો વૃત્રકથામાં વિનિયોગ બહુ સ્વીકાર્ય રહ્યો ન હોઈ મહાભારત (ઉદ્યોગપર્વ) અને દેવીભાગવત સિવાય અન્યત્ર ક્યાંય દૃષ્ટિગોચર થતો નથી. પણ નમુચિકથામાં રહેલું અવધ્યત્વ અંગેનું આ વિશિષ્ટ તત્ત્વ હિરણ્યકશિપુની કથાનું પ્રાણભૂત તત્ત્વ બની રહ્યું છે.

(૧) વૈદિક સંહિતામાં નમુચિ

ઋગ્વેદ : ઋગ્વેદમાં કુલ નવ ઋચાઓમાં નમુચિનો નામોલ્લેખ થયો છે અને બે ઋચાઓમાં તેનો નામોલ્લેખ ન હોવા છતાં પૂર્વાપર સંદર્ભથી તે નમુચિને જ લાગુ પડતી હોઈ કુલ અગિયાર ઋચાઓમાં તેનું નિરૂપણ થયું છે એમ કહી શકાય.[1] ઋગ્વેદની આ અગિયાર ઋચાઓને આધારે નમુચિ અંગેની વિગતો આ પ્રમાણે પ્રાપ્ત થાય છે.

'સ્વાધ્યાય' – પુ. ૬૦, વર્ષ ૨૦૨૩, પૃ. ૮૯–૧૧૦. ISSN 2250-0391

* સંસ્કૃત ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, M: 9687692933, Email : mansukh_moliya@yahoo.com

૧ ઋગ્વેદ, ૧.૫૩.૭, ૨.૧૪.૫, ૫.૩૦.૭-૮, ૬.૨૦.૬, ૭.૧૯.૫, ૮.૧૪.૧૩, ૧૦.૭૩.૭, ૧૦.૧૩૧.૪ (આ ઉપરાન્ત ૫.૩૦.૯ અને ૧૦.૧૩૧.૫માં નમુચિનો નામનિર્દેશ નથી પણ આગળની ઋચાઓને અનુસરીને તે નમુચિને જ લાગુ પડે છે. ૫.૩૦.૯ પરના ભાષ્યમાં સાયણાચાર્યે નમુચિનો નામોલ્લેખ પણ કર્યો છે.)

- નમુચિને માટે દાસ,[૨] માયિન્[૩] અને મખસ્યુ[૪] વિશેષણો પ્રયોજાયાં છે.
- ઇન્દ્રે અન્ય શત્રુઓની જેમ નમુચિનો પણ વધ કર્યો હતો.[૫]
- તેણે નમુચિને માયારહિત કરીને મનુ માટે દેવોની મધ્યમાં લઈ જનાર માર્ગની રચના કરી હતી.[૬]
- ઇન્દ્રે નમુચિના મસ્તકનું મંથન કર્યું હતું અને નમી સાપ્યનું રક્ષણ કરીને તેને અવિનાશી પશુ વગેરેનું ધન અને અન્ન આપીને સમૃદ્ધ કર્યા હતા.[૭]
- નમુચિ પાસે સ્ત્રીઓની સેના હતી. ઇન્દ્રે તેની સેનામાં રહેલી બે સ્ત્રીઓને પકડી લીધી હતી અને પોતાના ઘરમાં રાખી હતી. પછી તેણે નમુચિને યુદ્ધ માટે પડકાર ફેંક્યો હતો.[૮]
- ઇન્દ્રે પાણીના ફીણથી નમુચિનું મસ્તક કાપ્યું હતું.[૯]
- પછીથી અશ્વિન દેવતાઓ અને સરસ્વતીએ ઇન્દ્રને સ્વસ્થ કર્યો હતો. તેમણે તેનું સારી રીતે રક્ષણ કર્યું હોઈ ઇન્દ્રને 'સુત્રામા' કહેવામાં આવ્યા છે.[૧૦]

ઋગ્વેદમાં નમુચિ વિષયક ઉપર્યુક્ત નિર્દેશો પૈકી ''ઇન્દ્રે પાણીના ફીણથી નમુચિનું માથું કાપી નાખ્યું હતું''- એ એક માત્ર નિર્દેશને વિષય તરીકે લઈને આ લેખ તૈયાર કર્યો છે. ઋગ્વેદમાં નીચેના શબ્દોમાં આ વાત કહેવામાં આવી છે.

अपां फेनैन नमुंचेः शिरं इन्द्रोदवर्तयः ।
विश्वा यदजंयः स्पृधंः ॥ ઋગ્વેદ, ૮.૧૪.૧૩.

ઋગ્વેદ (સાયણભાષ્યસહિત), ખંડ ૧ થી ૪, વૈદિક સંશોધન મંડળ, પૂના, ઈ.સ. ૧૯૩૩, ૧૯૩૬, ૧૯૪૧ અને ૧૯૪૬

૨ ઋગ્વેદ, ૧૦.૭૩.૭, ૫.૩૦.૭-૮, ૬.૨૦.૬

૩ ઋગ્વેદ, ૧.૫૩.૭

૪ ઋગ્વેદ, ૧૦.૭૩.૭

૫ ઋગ્વેદ, ૨.૧૪.૫

૬ ઋગ્વેદ, ૧૦.૭૩.૭

૭ ઋગ્વેદ, ૬.૨૦.૬

૮ ઋગ્વેદ, ૫.૩૦.૯

૯ ઋગ્વેદ, ૮.૧૪.૧૩

૧૦ ઋગ્વેદ, ૧૦.૧૩૧.૪-૫

(અનુવાદ : હે ઇન્દ્ર, તમે પાણીના ફીણથી નમુચિનું માથું કાપી નાખ્યું, જ્યારે તમે સઘળી શત્રુસેનાને હરાવી હતી.[૧૧])

સામાન્ય રીતે ઇન્દ્ર વજ્રથી વૃત્ર વગેરે અસુરોને હણે છે. પણ નમુચિના વધ અંગે અહીં ભિન્નતા જોવા મળે છે. ઇન્દ્રે પાણીના ફીણથી નમુચિનું મસ્તક કાપ્યું હતું. આ મન્ત્રમાં પ્રાપ્ત થતો શબ્દપ્રયોગ 'अपां फेनेन' નમુચિ કથાનું પ્રાણતત્ત્વ કહી શકાય એવો છે. અહીં 'કાપી નાખ્યું' એ અર્થને દર્શાવવા 'उदवर्तयः' ક્રિયાપદ વપરાયું છે. સાયણાચાર્ય આ મન્ત્રની સરળ સમજૂતી આ પ્રમાણે આપે છે: ''હે ઇન્દ્ર, તમે વજ્ર બની ગયેલા પાણીના ફીણથી નમુચિના શરીરમાંથી ઉપર ઉઠેલા તેના માથાને કાપી નાખ્યું હતું, જ્યારે તમે તમારી સાથે સ્પર્ધા કરતી સઘળી આસુરી સેનાઓને જીતી લીધી હતી.''[૧૨] આ સમજૂતી પૂર્વે તેમણે એક કથા નોંધી છે, જે આ પ્રમાણે છે : ''ઇન્દ્રે બધા અસુરોને હરાવ્યા હતા. પરન્તુ તે નમુચિને હરાવી શક્યો ન હતો. નમુચિ સાથે યુદ્ધ કરતા ઇન્દ્રને નમુચિએ પકડી લીધો હતો. પછી તેણે ઇન્દ્ર સાથે એક શરત કરીને તેને છોડ્યો હતો. તે શરત આ પ્રમાણે હતી : ''જો તું મને રાતે કે દિવસે, સૂકા કે ભીના આયુધથી હણે નહિ તો હું તને મુક્ત કરું.'' નમુચિની શરત સ્વીકારીને ઇન્દ્ર મુક્ત થયો. પછી તેણે દિવસ અને રાત્રિના સન્ધિકાળે સૂકા કે ભીના નહિ એવા વિલક્ષણ ફીણથી તેનું મસ્તક છેદી નાખ્યું.''[૧૩]

સાયણાચાર્યે નોંધેલી ઉપર્યુક્ત કથા નમુચિને પાણીથી ફીણથી હણવાના ઇન્દ્રના કૃત્યના કારણને સ્પષ્ટ કરે છે. નમુચિ સાથે ઇન્દ્રે કરેલી શરતને લીધે તેને પાણીના ફીણથી હણવામાં આવ્યો હતો. આ શરતનો ઉલ્લેખ ઋગ્વેદમાં ક્યાંય સાંપડતો નથી. અત્યન્ત મહત્ત્વપૂર્ણ વાત એ છે કે ઋગ્વેદનો ઉપર્યુક્ત મન્ત્ર બાકીના ત્રણેય વેદમાં પણ મળે છે.[૧૪]

---

૧૧ English Translation : "With waters' foam thou torest off, Indra, the head of Namuci, Subduing all contending hosts."

The Hymns of the Rigveda, Vol III, translated by Ralph T. H. Griffith, E. J. Lezarus and Co., Benares, A.D. 1891

૧૨ हे इन्द्र अपां फेनेन वज्रीभूतेन नमुचे असुरस्य शिरः उदवर्तयः शरीरादुद्गतमवर्तयः । अच्छैत्सीरित्यर्थः । कदेति चेत् । यत् यदा विश्वा सर्वाः स्पृधः स्पर्धमाना आसुरीः सेनाः अजय जितवानसि इन्द्रो वृत्रं हत्वासुरान्........॥ ઋગ્વેદ, ખંડ ૩, ઉપર્યુક્ત, સાયણભાષ્ય, પૃ. ૬૧૮

૧૩ पुरा किलेन्द्रोऽसुराञ्जित्वा नमुचिमसुरं ग्रहीतुं न शशाक । स च युध्यमानस्तेनासुरेण जगृहे । स च गृहीतमिन्द्रमेवमवोचत् । त्वां विसृजामि रात्रावह्नि च शुष्केणार्द्रेण चायुधेन यदि मां मा हिंसीरिति । स इन्द्रस्तेन विसृष्टः सन्नहोरात्रयोः सन्धौ शुष्कार्द्रविलक्षणेन फेनेन तस्य शिरश्चिच्छेद । अयमर्थोऽस्यां प्रतिपाद्यते । એજન

૧૪ • શુક્લ યજુર્વેદ સંહિતા (શ્રીમદ્ વાજસનેયિ માધ્યન્દિન) (ઉવટાચાર્ય અને મહીધરાચાર્યના ભાષ્ય સહિત), વાસુદેવ લક્ષ્મણ પણશીકર, પ્રકાશક : પાંડુરંગ જાવજી, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ઈ.સ. ૧૯૨૯, મન્ત્ર ક્રમાંક ૧૯.૭૧

શુક્લ યજુર્વેદ : ઋગ્વેદનો ઉપર્યુક્ત મન્ત્ર શુક્લ યજુર્વેદ અધ્યાય ૧૯માં પ્રાપ્ત થાય છે. તેના પરના ઉવટ અને મહીધરના ભાષ્યમાં ઇન્દ્ર અને નમુચિ વચ્ચેની શરતનો ઉલ્લેખ મળતો નથી.[૧૫] શુક્લ યજુર્વેદમાં અન્યત્ર નમુચિને લગતા નિર્દેશો મળે છે પણ પાણીના ફીણથી તેના વધની કથાને સ્પષ્ટ કરે તેવો કોઈ સંકેત તેમાં મળતો નથી.

તૈત્તિરીયસંહિતા : કૃષ્ણયજુર્વેદની તૈત્તિરીય સંહિતામાં 'રાજસૂય પ્રકરણ'માં નમુચિનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.[૧૬] પણ અહીં પાણીના ફીણથી તેના વધનો સંકેત જોવા મળતો નથી.

મૈત્રાયણીસંહિતા : કૃષ્ણ યજુર્વેદની મૈત્રાયણી સંહિતામાં નમુચિ કથામાં વધારાનાં તત્ત્વો દૃષ્ટિગોચર થતાં હોઈ તેનું મહત્ત્વ વિશેષ છે.[૧૭] અહીં કાણ્ડ ૪, પ્રપાઠક ૩, અનુવાક ૪ માં ઇન્દ્ર અને નમુચિ વચ્ચેની શરતનો પ્રથમ વખત ઉલ્લેખ મળે છે. ઋગ્વેદમાં પાણીના ફીણથી નમુચિનો વધ કર્યાનો સંક્ષિપ્ત નિર્દેશ મળ્યો હતો. અહીં આ કથામાં પાણીના ફીણનો ઉલ્લેખ પ્રથમ વખત દૃષ્ટિગોચર થાય છે.

इन्द्रो वै नमुचिं नालभत, स रश्मीन् कुलायं कृत्वान्वारोहदमुमादित्यं, तं वा अन्वमन्त्रयत, सखाया असावेति, सोऽब्रवीन्नाहं हनिष्यामीति, सोऽब्रवीत, सन्धा ते सन्दधै यथा त्वा न दिवा हनानि न नक्तं न शुष्केण नार्द्रेणेति, तस्य वा उपोदये सूर्यस्य नीहारं, सन्तत्यापां फेनेन शिरोऽछिनत्, तद्वा एनमन्ववर्तत, मित्रद्रुगसीति, पाप्मा वै नमुचेः शिरः, पाप्मा वा एनं तदन्ववर्तत, पाप्मानं वै स तेनापहत ॥ મૈત્રાયણી સંહિતા, ૪.૩.૪ (પૃ. ૩૫૪-૫૫)

• सामवेद का सुबोध भाष्य, डॉ. श्रीपाद दामोदर सातवलेकर, स्वाध्याय मण्डल, पारडी, ई.स. १९८५, मन्त्र क्रमांक : १.२.२.८, पृ. ७३

• અથર્વવેદ (ભાગ ૪), સં. શંકર પાંડુરંગ પંડિત, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ઈ.સ. ૧૮૯૮, મન્ત્ર ક્રમાંક : ૨૦.૨૯.૩

૧૫ • अथेन्द्रो मन्त्रः सोमो राजेत्यस्य निदानभूतः पठ्यते । अपां फेनेन । तृतीयपादप्रभृतिव्याख्यानं यच्छब्दयोगात् । विश्वाः सर्वाः । यत् यदा अजयः स्पृधः सङ्ग्रामान् । अथ तदा अपां फेनेन फेनपुञ्जेन नमुचेः असुरस्य शिरः हे इन्द्र त्वमुदवर्तयः उद्वर्तितवानसि । उत्पूर्वो वृतिः छेदने वर्तते ॥ શુક્લ યજુર્વેદ, ઉપર્યુક્ત, મન્ત્રાંક : ૧૯.૪૧ પરનું ઉવટભાષ્ય, પૃ. ૩૭૮

• इन्द्रो गायत्री अग्रिमानुवाकनिदानभूता । हे इन्द्र, यत् यदा त्वं विश्वाः स्पृधः सर्वान् सङ्ग्रामानजयो जितवानसि तदा अपां फेनेन जलडीण्डीरेण नमुचेरसुरस्य शिरः उदवर्तयः छिन्नवानसि । उत्पूर्वो वृति छेदार्थः ॥ શુક્લ યજુર્વેદ, ઉપર્યુક્ત, મહીધરભાષ્ય, પૃ. ૩૭૮

૧૬ निरस्तं नमुचेः शिरः ॥ कृष्णयजुर्वेदीयतैत्तिरीयसंहिता (तृतीय भाग), आनन्दाश्रम संस्कृत ग्रन्थावलि ग्रन्थांक ४२, काशीनाथ शास्त्री अगाशे, आनन्दाश्रम मुद्रणालय, पूणे, ई.स. १९४७, वाक्यांश : १.८.१४.१, पृ. ९१८

૧૭ मैत्रायणीसंहिता, श्रीपाद दामोदर सातवलेकर, स्वाध्याय मण्डल, औन्धनगर, सतारा, महाराष्ट्र, ई.स. १९४२

મૈત્રાયણી સંહિતામાં નમુચિના વધ સાથે નીચેની બાબતો પ્રથમ વખત જોવા મળે છે. જેમ કે,

(૧) ઇન્દ્ર નમુચિને શોધી શક્યો ન હતો.

(૨) તે કિરણોને પોતાનું સ્થાન બનાવીને રહ્યો હતો.

(૩) ઇન્દ્રે નમુચિ સાથે શરત કરી હતી કે તેને દિવસે કે રાત્રે ન મારવો, ભીનાથી કે સૂકાથી પણ મારવો નહિ.

(૪) ઇન્દ્રે સૂર્યોદય પહેલાના સમયે પાણીના ફીણથી તેનું માથું કાપી નાખ્યું હતું.

(૫) કપાયેલું માથું ઇન્દ્રની પાછળ પડ્યું હતું અને ઇન્દ્રને મિત્રદ્રોહી કહ્યો હતો.

(૬) નમુચિનું માથું પાપ છે. તે ઇન્દ્રની પાછળ ફરતું હતું.

મૈત્રાયણી સંહિતામાં મળતું આ કથાનક પરવર્તી વૈદિક અને લૌકિક સાહિત્યનું આધારસ્રોત બની રહ્યું છે. અત્યન્ત સંક્ષિપ્ત આ કથાનકમાં નમુચિ અને ઇન્દ્રના સંઘર્ષમાં ઉપર દર્શાવ્યા પ્રમાણે કેટલાક નવાં જ તત્ત્વો સામેલ થયાં છે.

(૨) બ્રાહ્મણ સાહિત્યમાં નમુચિ

તૈત્તિરીયબ્રાહ્મણ : તૈત્તિરીયબ્રાહ્મણમાં એક કરતાં વધુ વખત નમુચિનો ઉલ્લેખ સાંપડે છે.[૧૮] પ્રસ્તુત ચર્ચાના સંદર્ભમાં નીચેનો એક જ ઉલ્લેખ દ્રષ્ટવ્ય છે. મૈત્રાયણી સંહિતા સાથેના સામ્ય છતાં અહીં કેટલીક નવી બાબતો જોઈ શકાય છે. કથાનક આ પ્રમાણે પ્રાપ્ત થાય છે.

- इन्द्रो वृत्रं हत्वा । असुरान् पराभाव्य । नमुचिमासुरं नालभत । तँ शच्यागृह्णात् । तौ समलभेताम् । सोऽस्मादभिशुनतरोऽभवत् । सोऽब्रवीत् । सन्धाँ सन्दधावहै । अथ त्वावः स्रक्ष्यामि । न मा शुष्केण नाद्रेण हनः । તૈત્તિરીયબ્રાહ્મણ, ૧.૭.૧.૬ (પૃ. ૩૬૨)
- न दिवा न नक्तमिति । स एतमपां फेनमसिञ्चत् । न वा एष शुष्को नार्द्रो व्युष्टासीत् । अनुदितः सूर्यः । न वा एतद्दिवा न नक्तम् । तस्यैतस्मिँल्लोके । अपां फेनेन शिर उदवर्तयत् । तदेनमन्ववर्तत । मित्रद्रुगिति । તૈત્તિરીયબ્રાહ્મણ, ૧.૭.૧.૭ (પૃ. ૩૬૨-૬૩)

આ કથાનકમાં પ્રથમ વખત 'શચી' શબ્દનો પ્રયોગ થયો છે. ભાસ્કરાચાર્ય 'શચી'નો અર્થ 'વિશેષ પ્રકારની શક્તિ' કરે છે. ભાસ્કરાચાર્યના ભાષ્ય મુજબ કથાનકને સમજીએ. ઇન્દ્રે બીજા

૧૮ तैत्तिरीयब्राह्मणम्, भट्टभास्करमिश्रविरचितभाष्यसमेतम्, प्रथमाष्टकम्, गवर्नमेन्ट ओरिएन्टल लाईब्रेरी सीरीझ, बिब्लिओथेका संस्कृत क्रमांक ३६, सं. ए. महादेव शास्त्री, गवर्नमेन्ट ब्रांच प्रेस, मैसुर, ई.स. १९०८

અસુરોને પરાજિત કર્યા પણ તે નમુચિ નામના અસુરને હણવા શક્તિમાન થઈ શક્યો નહિ. તેણે તેને શચી દ્વારા પકડી લીધો. પછી તેઓ બન્ને વચ્ચે યુદ્ધ થયું. નમુચિ ઇન્દ્ર કરતાં વધારે બળવાન બની રહ્યો. વિશેષ બળવાળા નમુચિએ ઇન્દ્રને કહ્યું, ''આપણે બન્ને સમાધાન કરીએ. તો હું તને છોડીશ. આજથી શરૂ કરીને મને સૂકા કે ભીના આયુધથી મારવો નહિ, દિવસે કે રાત્રે પણ મારવો નહિ.'' આ પ્રમાણે શરત થતાં નમુચિએ ઇન્દ્રને મુક્ત કર્યો. પછી ઇન્દ્રે તેને હણવા પાણીના ફીણને આયુધ બનાવ્યું. ફીણ સૂકું પણ નથી અને ભીનું પણ નથી. જ્યારે રાત્રિ પૂર્ણ થવા આવી હતી અને સૂર્ય ઉગ્યો ન હતો ત્યારે તે સમયે દિવસ પણ ન હતો અને રાત્રિ પણ ન હતી. દિવસરાત્રિના આવા સન્ધિકાળે ઇન્દ્રે પાણીના ફીણથી નમુચિનું માથું કાપી નાખ્યું. કાપી નાખવામાં આવેલું તે માથું ઇન્દ્રનો પીછો કરવા લાગ્યું અને કહેવા લાગ્યું કે તું મિત્રદ્રોહી છે.

તૈત્તિરીયસંહિતા અને મૈત્રાયણી સંહિતામાં નમુચિના કપાયેલા માથા વડે ઇન્દ્રનો પીછો કરવાનો ઉલ્લેખ મળે છે તે પરવર્તીકાળે નમુચિકથામાં કે તેનાથી પ્રભાવિત વૃત્ર કે હિરણ્યકશિપુની કથામાં બિલકુલ અદશ્ય છે, પણ ગ્રહણ સમયે સૂર્ય અને ચન્દ્રને ગ્રસી જતા રાહુના મસ્તકની પૌરાણિક કથાનું મૂળ અહીં જોઈ શકાય છે.

શતપથબ્રાહ્મણ : શતપથબ્રાહ્મણમાં એક કરતાં વધુ સ્થળે નમુચિનું કથાનક પ્રાપ્ત થાય છે.[૧૯] અહીં કુલ ત્રણ સ્થાનોમાં પ્રાપ્ત કથાનક નોંધનીય છે.

(૧) શતપથબ્રાહ્મણના પંચમકાણ્ડની નોંધ મુજબ નમુચિ એક અસુર હતો અને ઇન્દ્રે તેને નીચે પછાડ્યો હતો પોતાના પગથી કચડી નાખ્યો હતો. જ્યારે તે આ રીતે કચડાયેલો ઉદરાકારે રહ્યો. ઇન્દ્રે પોતાના પગથી તેના માથાને ચીરી નાખ્યું. પછી તેમાંથી એક રાક્ષસ જન્મ્યો. તેણે ઇન્દ્રને કહ્યું કે ''તું ક્યાં જઈશ ? મારાથી કઈ રીતે છુટકારો મેળવીશ ?''

नमुचिर्ह वै नामासुर आस । तमिन्द्रो निविव्याध । तस्य पदा शिरोऽभितष्ठौ । स यदभिष्ठित उदबाधत स उच्छवङ्कः । तस्य पदा शिरःप्रचिच्छेद । ततो रक्षः समभवत् । तद्ध स्मैनमनुभाषते क्व गमिष्यसि, क्व मे मोक्ष्यसऽइति ॥ કાંડ ૫, અ.૪, બ્રાહ્મણ ૧, કંડિકા ૯ (ભાગ ૨, પૃ. ૧૪૧)

(૨) શતપથબ્રાહ્મણના બારમા કાણ્ડના સાતમા અધ્યાયમાં નમુચિની કથાનાં અમુક નવાં તત્ત્વો ઉમેરાયાં છે. તે મુજબ ઇન્દ્ર નમુચિ સાથે ફરતો હતો ત્યારે તે નમુચિએ આમ વિચાર્યું, ''આ પહેલાંથી સાવ જુદો થઈ ગયો છે. હું તેની ઇન્દ્રિય, વીર્ય, સોમપાન અને અન્નાદિને હરી લઉં.'' તેની આ સુરાને હરી લઈને તેણે ઇન્દ્રના ઇન્દ્રિયબળ, વીર્ય, સોમપાન અને અન્નાદિને હરી લીધાં, ઇન્દ્ર શક્તિહીન બની ગયો. દેવો તેની ફરતે એકઠા થયા અને કહેવા લાગ્યા કે ''આ ખરેખર આપણામાં શ્રેષ્ઠ છે. અત્યારે તેને પાપ ઘેરી વળ્યું છે. અરે, આપણે તેની સારવાર કરીએ.''

---

૧૯ श्रीवाजसनेयि-माध्यन्दिन-शतपथब्राह्मणम्, श्रीमत्सायणाचार्यविरचितवेदार्थप्रकाशाख्यव्याख्यासमेतम्, ज्ञानपब्लिशिंग हाउस, दिल्ही, प्रथमपुनर्मुद्रणम्, ई. १९८७

अथ ह वैतर्हि नमुचिनैवासुरेण सह चचार । स ऐक्षत नमुचिः, अपुनर्वा अयमभूत् । हन्त ! अस्येन्द्रियं वीर्यं सोमपीथमन्नाद्यं हराणीति । तस्यैतयैव सुरयेन्द्रियं वीर्यं सोमपीथमन्नाद्यमहरत् । स ह न्यर्णः शिश्ये । तं देवा उपसंजग्मिरे । श्रेष्ठो वै नोऽयमभूत् । तमिमं पाप्माऽविदत् । हन्त, इमं भिषज्यामेति ॥ કાંડ ૧૨, અ.૭, બ્રાહ્મણ ૧, કંડિકા ૧૦ (ભાગ ૪, પૃ. ૮૭)

પછી દેવોએ અશ્વિનદેવો અને સરસ્વતીને વિનંતી કરી. તેમણે યજ્ઞભાગ માગ્યો. દેવોએ તેમની માગણી સ્વીકારી એટલે તેમણે નમુચિમાંથી ઇન્દ્રિય અને વીર્યને લઈને તેનામાં ફરીથી સ્થાપિત કર્યાં.

(૩) શતપથબ્રાહ્મણના બારમા કાણ્ડના સાતમા અધ્યાયમાં ફરીથી નમુચિની વાત મળે છે. અહીં ઇન્દ્ર અને નમુચિ વચ્ચે થયેલી શરતનો પણ ઉલ્લેખ છે. આ શરત ઇન્દ્રે ક્યારે અને શા માટે કરી હતી તે જાણવા મળતું નથી. સુરાપાન કરીને નમુચિએ ઇન્દ્રના ઇન્દ્રિય, અન્નરસ અને સોમનું હરણ કરી લીધું ત્યારે તેમને પાછા મેળવવા ઇન્દ્ર અશ્વિનદેવ અને સરસ્વતી પાસે ગયો અને નમુચિએ હરેલી વસ્તુ પાછી અપાવવા પ્રાર્થના કરી. આ વખતે ઇન્દ્રે અશ્વિન દેવો અને સરસ્વતીને કહ્યું કે મેં નમુચિને એમ કહીને શપથ લીધા છે કે ''હું તને દિવસે કે રાત્રે હણીશ નહિ, દણ્ડ કે બાણથી હણીશ નહિ, હાથની હથેળી કે મુઠ્ઠીથી મારીશ નહિ. સૂકી કે ભીની વસ્તુથી પણ મારીશ નહિ.'' તેમણે ઇન્દ્ર પાસે યજ્ઞભાગ માગ્યો અને ઇન્દ્રે તેને કબૂલ રાખ્યો. પછી બન્ને અશ્વિનો અને સરસ્વતીએ પાણીનું ફીણ સૂકું કે ભીનું નથી એમ કહીને વજ્ર તરીકે પાણીના ફીણને છાંટ્યું. રાત્રિ જ્યારે સ્વચ્છ બની રહી હતી અને સૂર્ય ઊગ્યો ન હતો ત્યારે આ દિવસ પણ નથી અને રાત પણ નથી એમ વિચારીને ઇન્દ્રે તેનું માથું ભાંગી નાખ્યું.

इन्द्रस्येन्द्रियम् अन्नस्य रसम्, सोमस्य भक्षं सुरयाऽऽसुरो नमुचिरहरत् । सोऽश्विनौ च सरस्वतीं चोपाधावत् । शेपानोऽस्मि नमुचये । न त्वा दिवा न नक्तं हनानि । न दण्डेन । नधन्वना । न पृथेन । न मुष्टिना । न शुष्केण । नार्द्रेण । अथ म इदमहार्षीत् । इदं म आजिहीर्षयेति ॥ કાંડ ૧૨, અ. ૭, બ્રાહ્મણ ૩, કંડિકા ૧

तावश्विनौ च सरस्वती च अपां फेनं वज्रमसिञ्चन् । न शष्को नार्द्र इति । तेनेन्द्रो नमुचेरासुरस्य व्युष्टायां रात्रौ, अनुदित आदित्ये, न दिवा न नक्तमिति शिर उदवासयत् ॥ કાંડ ૧૨, અ. ૭, બ્રાહ્મણ ૩, કંડિકા ૩ (ભાગ ૪, પૃ. ૯૫)

આગળ જતાં કહ્યું છે કે નમુચિ એ પાપ છે. ઇન્દ્રે પોતાનો દ્વેષ કરનાર તે પાપી શત્રુને હણીને તેનાં ઇન્દ્રિય અને વીર્ય ખૂંચવી લીધાં. જેને શત્રુ હોય તેણે સૌત્રામણીથી યજન કરવું જોઈએ. તે પાપી અને દ્વેષ કરનાર શત્રુને હણીને તેનું ઇન્દ્રિય અને વીર્ય ખૂંચવી લે છે. નમુચિના કપાયેલા મસ્તકમાં સોમરસ લોહી સાથે ભળેલો હતો. તેથી દેવોએ તેને ધિક્કાર કર્યો.

पाप्मा वै नमुचिः । पाप्मानं वाव तद्विषन्तं भ्रातृव्यं हत्वा, इन्द्रियं वीर्यमस्यावृङ्क्त । स यो भ्रातृव्यवान् स्यात् स सौत्रामण्यायजेत । पाप्मानमेव तद्विषन्तं भ्रातृव्यं हत्वा, इन्द्रियं वीर्यमस्य वृङ्क्ते । तस्य शीर्षच्छिन्ने लोहितमिश्रः सोमोऽतिष्ठत् । तस्मादबीभत्सन्त । त एतदन्धसो विपानमपश्यत् । ''सोमो राजाऽमृतंसुतः''- (वा.सं. १९.७२, ७९) इति । तेनैनं स्वदयित्वाऽऽत्मन्नदधत ॥ કાંડ ૧૨, અ.૭, બ્રાહ્મણ ૩, કંડિકા ૪

શતપથબ્રાહ્મણમાં પ્રાપ્ત થતા નિર્દેશોમાં વૈવિધ્ય છે. ઇન્દ્રે પોતાના પગથી તેનું માથું ચીરી નાખ્યું અને તેમાંથી ઉત્પન્ન રાક્ષસની વાત અન્યત્ર ક્યાંય મળતી નથી. નમુચિએ સુરાપાન કરીને ઇન્દ્રનાં બળ અને સામર્થ્યને હરી લીધાં હતાં. સૌત્રામણી યજ્ઞ દ્વારા તેને અશ્વિનદેવો અને સરસ્વતી દ્વારા સ્વસ્થ કરવાનો ઉલ્લેખ પણ નવો છે.

ઋગ્વેદમાં નમુચિને પાણીના ફીણથી હણવાના અત્યન્ત સંક્ષિપ્ત નિર્દેશનો પરવર્તી વૈદિક સાહિત્યમાં આ પ્રકારે વિસ્તાર થયો છે.

(૩) રામાયણ અને મહાભારતમાં નમુચિ

રામાયણ : રામાયણમાં ઉત્તરકાણ્ડમાં બે વખત નમુચિનો નામોલ્લેખ થયો છે. રાવણનો વધ કરીને અયોધ્યામાં રાજ્યગાદી પર બેસેલા રામને અભિનન્દન આપવા માટે આવેલા મુનિઓની સાથે નમુચિને દર્શાવ્યો છે. ગીતા પ્રેસમાં પ્રાપ્ત નમુચિ નામના સ્થાને સમીક્ષિત આવૃત્તિમાં અહીં નમુચુ જોવા મળે છે એ નોંધનીય છે.[૨૦] ઉત્તરકાણ્ડમાં અધ્યાય છમાં અસુરોની નામાવલિમાં કાલનેમિ, સંહ્લાદ વગેરે સાથે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે[૨૧], પણ સમીક્ષિત આવૃત્તિમાં એ શ્લોકોને મૂળ અંશ તરીકે મુદ્રિત કરવામાં આવ્યા નથી. આમ, રામાયણમાં ક્યાંય પણ ઇન્દ્રે કરેલા નમુચિના વધ અંગેનો કોઈ નિર્દેશ મળતો નથી.

મહાભારત : મહાભારતના આદિપર્વ, શલ્યપર્વ અને શાન્તિપર્વમાં નમુચિનો ઉલ્લેખ છે.[૨૨] આદિપર્વ ૬૪.૨૨ અનુસાર કશ્યપ અને દનુના ૩૪ પુત્રોમાં એક નમુચિ છે. મહાભારત શાન્તિપર્વમાં અધ્યાય ૨૨૬માં ઇન્દ્ર અને નમુચિ વચ્ચેનો સંવાદ છે. ઇન્દ્ર નમુચિને શોક અંગે પૂછે છે ત્યારે તે કહે છે કે શોકના પ્રસંગે પણ તે શોક કરતો નથી. નમુચિના મુખમાં તત્ત્વજ્ઞાનપરક વિચારો મૂકવામાં આવ્યા છે. પ્રસ્તુત લેખના સંદર્ભમાં આ સંવાદનું વિવરણ અપેક્ષિત નથી.

---

૨૦ *The Vālmīki-Rāmāyaṇa, the seventh book, Uttarakāṇḍa,* Critically edited by Umakant Premchand Shah, Oriental Institute, Vadodara, A. D. 1975, verses : 7.1.1-3

૨૧ नमुचिः कालनेमी च प्रह्लादो वीरसत्तमः ।
राधेयो बहुमायी च लोकपालोऽथ धार्मिकः ॥ રામાયણ, ગીતા પ્રેસ, ગોરખપુર, શ્લોકાંક : ૭.૬.૩૪

૨૨ મહાભારત (ખંડ ૧, ૪ અને ૫), ગીતા પ્રેસ, ગોરખપુર, શ્લોકાંક : ૭.૬.૩૪

શલ્યપર્વમાં અધ્યાય ૪૩ માં શ્લોક ૩૩ થી ૪૫ માં નમુચિનું ઉપાખ્યાન છે, જેમાં ઇન્દ્ર દ્વારા તેના વધ અંગેની કથા મળે છે.[૨૩] કથાના આરંભે કહેવામાં આવ્યું છે કે નમુચિને હણતી વખતે ઇન્દ્રે નમુચિ સાથે કરવામાં આવેલ પ્રતિજ્ઞાનો ભંગ કર્યો હતો. કથાનક અનુસાર નમુચિ ઇન્દ્રથી ડરીને સૂર્યનાં કિરણોમાં પ્રવેશી ગયો હતો. ઇન્દ્રે તેની સાથે મિત્રતા કરી હતી અને શરત કરી હતી કે તે સૂકા કે ભીના હથિયારથી દિવસે કે રાત્રે નમુચિને મારશે નહિ. આ પ્રમાણે પ્રતિજ્ઞા કર્યા બાદ તેણે ઝાકળ જોઈને પાણીના ફીણથી તેનું માથું કાપી નાખ્યું હતું. નમુચિનું કપાયેલું માથું ઇન્દ્રની પાછળ પડ્યું હતું અને વારંવાર તેને કહેતું હતું કે ''તું મિત્રઘ્ન છે, તું પાપી છે.''

शृणुष्वैतदुपाख्यानं यथावृत्तं जनेश्वर ।
यथा बिभेद समयं नमुचेर्वासवः पुरा ॥ ३३
नमुचिर्वासवाद्भीतः सूर्यरश्मिं समाविशत् ।
तेनेन्द्रः सख्यमकरोत्समयं सत्येन ते शपे ॥ ३४
एवं स कृत्वा समयं सृष्ट्वा नीहारमीश्वरः ।
चिच्छेदास्य शिरो राजन्नपां फेनेन वासवः ॥ ३५
तच्छिरो नमुचेश्छिन्नं पृष्ठतः शक्रमन्वयात् ।
हे मित्रहन्पाप इति ब्रुवाणं शक्रमन्तिकात् ॥ ३६

મહાભારત, શલ્યપર્વ, અધ્યાય ૪૩

નમુચિના મસ્તકનાં આ પ્રકારનાં વચનોથી સંતાપ પામેલો ઇન્દ્ર પોતાના ગુરુ બૃહસ્પતિ પાસે ગયો અને મુક્તિનો માર્ગ પૂછ્યો ગુરુએ તેને પવિત્ર તીર્થમાં યજ્ઞ અને સ્નાન કરવા કહ્યું. ઇન્દ્ર ગૂઢરૂપે અરુણા નદીના તીરે આવ્યો. સરસ્વતી અને અરુણના સંગમસ્થળે યજ્ઞ, સ્નાન અને દાન કરીને તે પાપમુક્ત થયો. તેની પાછળ પડેલું નમુચિનું માથું પણ તે તીર્થભૂમિમાં અક્ષય લોકને પ્રાપ્ત થયું.

(૪) પુરાણ સાહિત્યમાં નમુચિ

બ્રહ્મપુરાણ,[૨૪] વામનપુરાણ[૨૫] અને સ્કન્દપુરાણ[૨૬] એમ ત્રણ પુરાણોમાં નમુચિ અંગેની કથા નોંધપાત્ર છે. આ ત્રણ પુરાણો વૈદિક નમુચિ કથાનકમાં કેટલાંક મૂળ તત્ત્વોને જાળવી રાખીને તેનાં કશુંક નવું ઉમેરે છે. અત્યન્ત મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે આ ત્રણેય પુરાણોમાં પાણીના

---

૨૩ ભાંડારકર પ્રાચ્યવિદ્યા શોધ સંસ્થાન, પૂનાથી પ્રકાશિત સમીક્ષિત આવૃત્તિમાં આ અધ્યાયનો ક્રમ ૪૨ મળે છે.

૨૪ બ્રહ્મપુરાણ, https://sanskritdocuments.org/doc_purana/brahmapur.html

૨૫ વામનપુરાણ, પરિમલ પબ્લિશર્સ, દિલ્હી, પ્રથમ સંસ્કરણ, ૨૦૦૫

૨૬ સ્કન્દપુરાણ, નાગ પબ્લિશર્સ, દિલ્હી, દ્વિતીય સંસ્કરણ, ૧૯૯૫

ફીણથી તેનો વધ કરવાની બાબત સુરક્ષિત રહી છે. વિષ્ણુપુરાણ,[૨૭] ભાગવતપુરાણ,[૨૮] પદ્મપુરાણ[૨૯] અને શિવપુરાણમાં[૩૦] પણ નમુચિને લગતા નિર્દેશો મળે છે પણ પાણીના ફીણથી તેના વધ સાથે સંબંધિત કોઈ વિગત મળતી ન હોઈ પ્રસ્તુત લેખમાં તેનો નિર્દેશ આવશ્યક નથી.

(૪.૧) બ્રહ્મપુરાણ : બ્રહ્મપુરાણ ૩.૮૬-૮૮ માં નમુચિને વિપ્રચિતિ અને સિંહિકાના કુલ તેર પુત્રોમાંનો એક કહ્યો છે. ત્યારબાદ બે ભિન્ન સ્થળે અધ્યાય ૧૨૪ ને અધ્યાય ૧૨૯માં તેના વધની વાત મળે છે.

બ્રહ્મપુરાણ અધ્યાય ૧૨૪.૩૨માં દર્શાવ્યા મુજબ નમુચિ અને મય બન્ને ભાઈઓ હતા. નમુચિ બળવાન અને દૈત્યોનો અધિપતિ હતો. તેને ઇન્દ્ર સાથે ભીષણ વેર હતું. એક વાર યુદ્ધ સિવાય ઇન્દ્ર ક્યાંક જઈ રહ્યો હતો. નમુચિ તેની પાછળ જવા લાગ્યો. તેને પોતાની પાછળ આવતો જોઈને ઇન્દ્રને ભય લાગ્યો. તેણે પોતાના ઐરાવત હાથીનો ત્યાગ કર્યો અને ફીણમાં પ્રવેશી ગયો. પછી ઇન્દ્રે તરત ફીણથી જ તે અસુરને મારી નાખ્યો.

दैत्यानामधिपश्चासीद्बलवान्नमुचिः पुरा ।
इन्द्रेण वैरमभवद्भीषणं लोमहर्षणम् ॥ ३३
युद्धं हित्वा कदाचिद्धो गच्छन्तं तु शतक्रतुम् ।
दृष्ट्वा दैत्यपतिः शूरो नमुचिः पृष्ठतोऽन्वगात् ॥ ३४
तमायान्तमभिप्रेक्ष्य शचीभर्ता भयातुरः ।
ऐरावतं गजं त्यक्तवा इन्द्रः फेनमथाविशत् ॥ ३५
स वज्रपाणिस्तरसा फेनेनैवाहनद्रिपुम् ।
नमुचिर्नाशमगमत्तस्य भ्राता मयोऽनुजः ॥ ३६, બ્રહ્મપુરાણ, અધ્યાય ૧૨૪

બ્રહ્મપુરાણના ઉપરના કથાનકમાં ઇન્દ્રના પક્ષે કપટ સ્પષ્ટ છે. અહીં નમુચિને ઇન્દ્ર કરતાં વધારે બળવાન દર્શાવ્યો છે. બન્ને વચ્ચે ભીષણ વેર હતું. ઇન્દ્ર નમુચિ સાથેના યુદ્ધને છોડીને ઇન્દ્ર ભાગે છે. નમુચિ તેનો પીછો કરે છે. ઇન્દ્ર નમુચિના ભયથી ડરીને પોતાના વાહન ઐરાવતને પણ ત્યજી દે છે અને પાણીના ફીણમાં છુપાઈ જાય છે અને ફીણની મદદથી નમુચિને હણી નાખે છે. શ્લોક ૩૬માં પ્રયુક્ત શબ્દ वज्रपाणिः ચિન્તનીય છે. જો તેને ઇન્દ્રનું નામ લઈએ તો આ કાર્યમાં

---

૨૭ વિષ્ણુપુરાણ, અનુ, મુનિલાલ ગુપ્તા, ગીતા પ્રેસ, ગોરખપુર, ૧૯મું સંસ્કરણ, ઈ.સ. ૧૯૯૯

૨૮ ભાગવતપુરાણ (ભાગ ૧), સં. હનુમાનપ્રસાદ પોદ્દાર, ગીતા પ્રેસ, ગોરખપુર, ઈ.સ. ૧૯૮૭

૨૯ પદ્મપુરાણ (પ્રથમ ખંડ), સૃષ્ટિખંડ, ખેમરાજ શ્રીકૃષ્ણદાસ સંપાદિત અને વેંકટેશ્વર સ્ટીમ પ્રેસ પ્રકાશિત સંસ્કરણનું પુનર્મુદ્રણ, નાગ પબ્લિશર્સ, દિલ્હી, ચતુર્થ સંસ્કરણ, ઈ.સ. ૨૦૦૮, અધ્યાય ૬૭, શ્લોકાંક : ૬૫.૬૨

૩૦ શિવપુરાણ, ઉમાસંહિતા નાગ પબ્લિશર્સ, દ્વિતીય સંસ્કરણ, ઈ.સ. ૧૯૯૫, શ્લોકાંક : ૩૨.૨૬-૩૦, : ૩૩.૩૬

વજ્રની સહાયનો ઉલ્લેખ માની શકાય નહિ. પણ જો હાથમાં વજ્ર ધારણ કરેલા ઇન્દ્ર એવો લઈએ તો ફીણ અને વજ્ર બન્નેનો સ્વીકાર કરી શકાય એમ છે. અહીં ઇન્દ્રે નમુચિ સાથે કરેલી સન્ધિની રક્ષા માટે પાણીના ફીણનો આયુધ તરીકે ઉપયોગ કર્યાની મૈત્રાયણિસંહિતાથી ચાલી આવતી વાત અદશ્ય છે. ભયત્રસ્ત ઇન્દ્રે હાથમાં આવ્યું તે હથિયાર ન્યાયે ફીણનો ઉપયોગ કર્યો એવું જણાય છે. અથવા ફીણની વચ્ચે પોતાને છુપાવીને ફીણયુક્ત વજ્રથી તેને હણ્યો એવો અર્થ પણ તારવી શકાય તેમ છે.

બ્રહ્મપુરાણ અધ્યાય ૧૨૯માં પણ નમુચિ અને ઇન્દ્રના યુદ્ધનો ઉલ્લેખ થયો છે. તે મુજબ ઇન્દ્રે ફીણથી તેનું માથું કાપી નાખ્યું હતું. અહીં ફીણને વજ્રનું રૂપક આપવામાં આવ્યું છે. માથાને કાપીને તે ફીણ ગંગાના દક્ષિણ કિનારે પડ્યું અને પૃથ્વીને ભેદીને રસાતલમાં પ્રવેશ્યું હતું. ત્યારબાદ વજ્ર દ્વારા આદેશ આપવામાં આવેલા માર્ગે તે ભૂમિમણ્ડલમાં પ્રવેશ્યું અને તે પાણી 'ફીણ' નામે અને નદી 'ફેના' નામે ઓળખાયાં છે.

नमुचिर्बलवानासीदिन्द्रशत्रुर्मदोत्कटः ।
तस्येन्द्रेणाभवद्युद्धं फेनेनेद्रोऽहरच्छिरः ॥ ५
अपां च नमुचेः शत्रोस्तत्फेनवज्ररूपधृक् ।
शिरच्छित्त्वा तच्च फेनं गङ्गाया दक्षिणे तटे ॥ ६
न्यपतद्भूमिं भित्त्वा तु रसातलमथाविशत् ।
रसातलभवं गाङ्गं वारि यद्विश्वपावनम् ॥ ७
वज्रादिष्टेन मार्गेण व्यगमद्भूमिगण्डलम् ।
तज्जलं फेन नाम्ना तु नदी फेनेति गद्यते ॥ ८, બ્રહ્મપુરાણ, અધ્યાય ૧૨૯

બ્રહ્મપુરાણના ઉપરના વર્ણનમાં ફીણને વજ્રનું રૂપક આપવામાં આવ્યું છે. આગળના કથાનકની માફક અહીં ઇન્દ્રના ભય વગેરેનું આલેખન થયું નથી. કથાનકનો મૂળ હેતુ તીર્થમાહાત્મ્યનો છે. ફેના નદીના માહાત્મ્યને વર્ણવવા માટે આ કથા આપવામાં આવી છે. તેથી અહીં પણ ફીણથી મારવાની સ્થિતિ પાછળના કારણનો નિર્દેશ મળતો નથી. પરન્તુ કપાયેલા મસ્તકની ગતિ અંગે વર્ણન મળે છે. આ પ્રકારે કોઈપણ તીર્થનું માહાત્મ્ય દર્શાવવાની પરમ્પરા પુરાણોમાં પ્રસિદ્ધ છે.

(૪.૨) વામનપુરાણ : વામનપુરાણના અધ્યાય ૫૫માં નમુચિનું કથાનક પ્રાપ્ત થાય છે. તે મુજબ કશ્યપ અને દનુના ત્રણ પુત્રો શુમ્ભ, નિશુમ્ભ અને નમુચિ હતા. ઇન્દ્ર નમુચિને હણવા ઇચ્છતો હતો. ઇન્દ્રે નમુચિને હણવા ઇચ્છતો હતો. ઇન્દ્રે હાથમાં વજ્ર ધારણ કર્યું હતું. તેને જોઈને નમુચિ ડરી ગયો. તેથી તે સૂર્યમાં પ્રવેશી ગયો. ઇન્દ્ર તેને હણવા સમર્થ થઈ શક્યો નહિ. પછી ઇન્દ્રે તેની સાથે એક શરત કરી અને તેને અવધ્યત્વ આપ્યું. ઇન્દ્રે કરેલી શરત એ હતી કે તેને અસ્ત્ર કે શસ્ત્રથી મારશે નહિ. પછી નિર્ભય થયેલો નમુચિ સૂર્યને ત્યજીને પાતાળમાં ગયો. તેણે

સમુદ્રના પાણીમાં પ્રવેશ કર્યો ત્યારે સમુદ્રના પાણીમાં રહેલ ઉત્તમ ફીણને જોયું. તેણે બન્ને હાથમાં ફીણને લઈને પોતાનાં મોં, નાક, આંખ, કાન વગેરે સાથે ઘસ્યું. ઇન્દ્ર અદશ્ય રહીને ફીણમાં વજ્રને મૂક્યું. તેનાથી નમુચિના મોઢું, નાક વગેરે ભાંગી ગયાં અને તે નીચે પડ્યો અને મરી ગયો. નમુચિના વધથી ઇન્દ્રને બ્રહ્મહત્યા લાગી. તેણે તીર્થજળમાં સ્નાન કરીને પાપમુક્તિ મેળવી અને પછી નમુચિના બન્ને ભાઈઓ શુમ્ભ અને નિશુમ્ભને મારવા માટે ઇન્દ્ર ઉદ્યમ કરવા લાગ્યો.

योऽसौ नमुचिरित्येवं ख्यातो दनुसुतोऽसुरः ।
तं हन्तुमिच्छति हरिः प्रगृह्य कुलिशं करे ॥ ૩
त्रिदेवेशं समायान्तं नमुचिस्तद्भयादथ ।
प्रविवेश रथं भानोस्ततो नाशकदच्युतः ॥ ૪
शक्रस्तेनाथ समयं चक्रे सह महात्मना ।
अवध्यत्वं वरं प्रादाच्छस्त्रैरस्त्रैश्च नारद ॥ ૫
ततोऽवध्यत्वमाज्ञाय शस्त्रादस्त्राच्च नारद ।
संत्यज्य भास्कररथं पातालमुपयादथ ॥ ૬
स निमज्जनपि जले सामुद्रं फेनमुत्तमम् ।
ददृशे दानपतिस्तं प्रगृह्येदमब्रवीत् ॥ ૭
यदुक्तं देवपतिना वासवेन वचोऽस्तु तत् ।
अयं स्पृशति मां फेनः कराभ्यां गृह्य दानवः ॥ ૮
मुखनासाक्षिकर्णादीन् संममार्ज्य यथेच्छया ।
तस्मिञ्छक्रोऽसृजद् वज्रमन्तर्हितमपीश्वरः ॥ ૯
तेनासौ भग्ननासास्यः पपात च ममार च ।
समये च तथा नष्टे ब्रह्महत्याऽस्पृशद्धरिम् ॥ ૧૦
स वै तीर्थं समासाद्य स्नातः पापादमुच्यत ।
ततोऽस्य भ्रातरौ वीरौ क्रुद्धौ शुम्भनिशुम्भकौ ॥ ૧૧

વામનપુરાણ, અધ્યાય ૫૫

વામનપુરાણમાં કેટલાંક મૂળ વૈદિક તત્ત્વો સચવાઈ રહ્યાં છે અને કથાનકની માવજત પૌરાણિક શૈલીમાં કરવામાં આવી છે. નમુચિને ઇન્દ્રથી ડરીને સૂર્યના રથમાં આશ્રય લેતો દર્શાવ્યો છે. અહીં મૈત્રાયણિસંહિતાનો પ્રભાવ જોવા મળે છે.[૩૧] ઇન્દ્ર નમુચિને શસ્ત્રાસ્ત્રોથી નહિ હણવાનું વરદાન આપે છે ત્યારે તે સૂર્યને ત્યજીને પાતાળમાં જાય છે. પાતાળમાં જતી વકતે સમુદ્રમાં પ્રવેશ કરે છે ત્યારે ઇન્દ્ર પોતાને હવે કંઈ કરી શકશે નહિ તેવું વિચારે છે અને સમુદ્રના ફીણથી પોતાનાં મુખ, નાસિકા,

---

૩૧ इन्द्रो वै नमुचिं नालभत, स रश्मीन् कुलायं कृत्वान्वारोहमुमादित्यं....॥ મૈત્રાયણી સંહિતા, ૪.૩.૪

આંખ, કાન વગેરેને તેનાથી ઘસે છે. ઇન્દ્ર આ તકનો લાભ લઈને ફીણમાં પોતાના વજ્રનું સર્જન કરે છે અને તેનાથી નમુચિનાં બધાં જ અંગો ભાંગી જાય છે અને મૃત્યુ પામે છે. મૈત્રાયણિસંહિતામાં ઇન્દ્રને શરતનો ભંગ કરીને નમુચિને હણવા બદલ તેને મિત્રદ્રોહી કહ્યો છે. તૈત્તિરીયબ્રાહ્મણ પણ તેનો નિર્દેશ કરે છે. અહીં ઇન્દ્રે તેની સાથે કરેલી પ્રતિજ્ઞાનો ભંગ કરવાથી તેને બ્રહ્મહત્યાનું પાપ અને પછી તીર્થસ્થાનમાં સ્નાનથી મુક્તિ કહી છે. વામનપુરાણમાં નમુચિનું આ કથાનક દેવી દ્વારા શુમ્ભ અને નિશુમ્ભના વધની પૂર્વે મૂકાયેલું છે અને નમુચિને તેમનો ભાઈ ગણાવ્યો છે.

(૪.૩) સ્કન્દપુરાણ : સ્કન્દપુરાણના માહેશ્વર ખણ્ડના સત્તરમા અધ્યાયમાં નમુચિકથા મળે છે. ઇન્દ્ર અને વૃત્ર વચ્ચેના યુદ્ધ પ્રસંગે નમુચિની કથા પ્રાપ્ત થાય છે. મધ્યદેશમાં આ સંગ્રામ થયો હતો. નમુચિને વૃત્રનો સહાયક કહેવાયો છે. સૌ પ્રથમ ઇન્દ્રે નમુચિ પ્રત્યે વજ્રનો પ્રહાર કર્યો, પણ વજ્રથી તેના એક રુંવાડાને પણ ઈજા કરી શકાઈ નહિ. આ જોઈને બધા દેવતાઓ વિસ્મય પામ્યા અને ઇન્દ્ર પણ લજ્જિત થયો. ઇન્દ્રે તેના પર ગદા ફેંકી, પણ તે ગદા નમુચિના અંગને લાગતાં જ ભાંગીને ભૂક્કો થઈ ગઈ. ત્યારબાદ તેણે શૂલથી પ્રહાર કર્યો તો શૂળ પણ નમુચિના શરીરને સ્પર્શીને સેંકડો કટકામાં વિખેરાઈ ગયું. આ પ્રમાણે અનેક પ્રકારનાં શસ્ત્રોથી પ્રહાર કરવા છતાં ઇન્દ્ર તેને હણી શક્યો નહિ. ઇન્દ્ર સાવ મુંઝાઈ ગયો ત્યારે ત્યાં આકાશવાણી થઈ અને તેણે જણાવ્યું કે ''તું નમુચિને પાણીના ફીણથી મારી નાખ. અન્ય શસ્ત્રથી પ્રહાર કરવાથી તેને ક્યારેય હણી શકાશે નહિ.''

जह्येनमद्याशु महेन्द्र दैत्यं दिवौकसां घोरतरं भयावहम् ।
फेनेन चैवाशु महासुरेन्द्रमपां समीपेन दुरासदेन ॥
अन्येन शस्त्रेण च आहतोऽसौ वध्यः कदाचिन्न भवत्ययं तु ।
तस्माच्च देवेश वधार्थमस्य कुरु प्रयत्नं नमुचेर्दुरात्मनः ॥ સ્કન્દપુરાણ, ૧.૧૭.૩૫-૩૬

આકાશવાણી સાંભળીને ઇન્દ્ર સમુદ્રના કિનારે ગયો. તેને જોઈને નમુચિ એકદમ ગુસ્સે થયો. તેણે ઇન્દ્ર પર શૂલથી પ્રહાર કર્યો અને પૂછ્યું ઇન્દ્રને યુદ્ધભૂમિ અને શસ્ત્ર ત્યજીને સમુદ્રના કિનારે આવી ભરાવા અંગે કટાક્ષપૂર્વક વાણીમાં, ''હે દેવોત્તમ, તું રણભૂમિ છોડીને નિઃશસ્ત્ર થઈને અહીં દરિયાકિનારે કેમ આવ્યો છે ? તારા વજ્ર કે અન્ય શસ્ત્રો પહેલાં મને કંઈ કરી શક્યાં નથી. હવે તું ક્યા શસ્ત્રથી મારી સાથે લડીશ. તું મારી સામે રણભૂમિમાં ઊભો રહીશ તો હું તને આજે જ હણી નાખીશ અને જો તું યુદ્ધ કરવા માગતો ન હોય તો તને જીવતો છોડી દઈશ. આમ, તું નિરાંતે જીવી શકીશ.''

तत्रागतं समीक्ष्याथ नमुचिः क्रोधमूर्च्छितः ।
हत्वा शूलेन देवेन्द्रं प्रहसन्निदमब्रवीत् ॥ ३८

समुद्रस्त तटः कस्मात्सेवितः सुरसत्तम् ।
विहाय रणभूमिं च त्यक्तशस्त्रोऽभवद्भवान् ॥ ३९
त्वदीयेनैव वज्रेण किं कृतं मम दुर्मते ॥ ४०
तथान्यानि च शस्त्राणि अस्त्राणि सुबहूनि च ।
गृहीतानि पुरा मन्द हन्तुं मामेव चाधुना ॥ ४१
किं करिष्यसि मां हन्तुं युद्धाय समुपस्थितः ।
केन शस्त्रेण मन्द योद्धुमिच्छसि संयुगे ॥ ४२
त्वां घातयामि चाद्यैव यदि तिष्ठसि संयुगे ।
नो चेद्गच्छ मया मुक्तश्चिरं जीव सुखी भव ॥ ४૩, સ્કન્દપુરાણ, ૧.૧૭

નમુચિનું આવું ગર્વયુક્ત વચન સાંભળીને ઇન્દ્રે ગુસ્સાથી હાથમાં ફીણને ધારણ કર્યું. તેના હાથમાં ફીણ જોઈને અસુર હસવા લાગ્યો : ''ઇન્દ્ર, લાગે છે કે તારાં બધાં અસ્ત્રો ક્ષીણ થઈ ગયાં છે એટલે તું મારી સાથે ફીણથી લડવા તૈયાર થયો છે.'' આમ કરીને નમુચિ તેને અવગણતો હોય તેમ તેની સામે ઊભો રહ્યો. ત્યારે જ ઇન્દ્રે તેને ફીણથી હણી નાખ્યો. નમુચિના વધ બાદ દેવતાઓ ખૂબ જ પ્રસન્ન થયા અને અસુરો એકદમ ગુસ્સે થઈને દેવો સાથે યુદ્ધ કરવા લાગ્યા. મહાતેજસ્વી વૃત્રાસુર પણ યુદ્ધ માટે આવી ચડ્યો.

एवं स गर्वितं तस्य वाक्यमाहवशोभिनः ।
श्रुत्वा महेन्द्रोऽपि रुषा जगृहे फेनमद्भुतम् ॥
फेनं करस्थं दृष्ट्वा तु असुरा जहसुस्तदा ॥
क्षयं गतानि चास्त्राणि फेनेनैव पुरन्दरः ।
हन्तुमिच्छति मामद्य शतक्रतुरुदारधीः ॥
एवं प्रहस्य नमुचिरवज्ञाय पुरन्दरम् ।
सावज्ञं पुरतस्तस्थौ नमुतिर्दैत्यपुङ्गवः ॥
तदैव तं स फेनेन शीघ्रमिन्द्रो जघान ह ॥
हते तु नमुचौ देवाः सर्वे चैव मुदान्विताः ।
साधुसाध्विति शब्देन ऋषयश्चाभ्यपूजयन् ॥
तदा सर्वे जयं प्राप्ता हत्वा नमुचिमाहवे ।
दैत्यास्ते कोपसंरब्धा योद्धुकामा मुदान्विताः ॥ ૫૦, સ્કન્દપુરાણ, ૧.૧૭

સ્કન્દપુરાણમાં પાણીમાં ફીણથી વધ એટલું જ મૂળ વૈદિક તત્ત્વ બચ્યું છે અને તેની આસપાસ નવી નવી વાતો વિકસી છે. અહીં ઇન્દ્ર અને નમુચિનું યુદ્ધ વૃત્રાસુર અને દેવોના યુદ્ધના એક ભાગ તરીકે સ્થાન પામ્યું છે. સમગ્ર કથાનકમાં નમુચિને ઇન્દ્ર કરતાં અનેક ગણો બળવાન આલેખ્યો છે.

અહીં નમુચિ ઇન્દ્રનાં વિવિધ શસ્ત્રાસ્ત્રોથી અવધ્ય રહે છે પણ ઇન્દ્ર અને નમુચિ વચ્ચેના કોઈ કરાર કે બ્રહ્માદિ દેવો દ્વારા તેને અવધ્યત્વના વરદાનનો ઉલ્લેખ મળતો નથી. તેને હણવા ઇન્દ્ર વજ્ર, ગદા, શૂલ વગેરે આયુધો પ્રયોજે છે પણ નિષ્ફળ જાય છે. ઇન્દ્રની સ્થિતિ લજ્જાસ્પદ બની રહે છે. તે કિંકર્તવ્યમૂઢ બની જાય છે ત્યારે આકાશવાણીની મદદથી ઇન્દ્રને પાણીના ફીણથી તેના વધનો ઉપાય દર્શાવવામાં આવ્યો છે. આકાશવાણીને અનુસરીને ઇન્દ્ર સમુદ્રના કિનારે જાય છે. ત્યાં આવી ચડેલો નમુચિ તેની તીવ્ર ભર્ત્સના કરે છે. ઇન્દ્રને ફીણ ઉપાડતો જોઈને નમુચિ ફરીથી તેની મશ્કરી કરે છે અને અન્તે ફીણના પ્રહારથી નાશ પામે છે.

આ રીતે સ્કન્દપુરાણ સાવ નવી જ દિશામાં આ કથાનકને વિકસાવે છે. ફીણ સિવાયના તમામ પ્રકારનાં આયુધોથી નમુચિને અવધ્ય દર્શાવવા છતાં આ અવધ્યત્વના કારણને સદંતર છોડી દેવામાં આવ્યું છે. કદાચ તેનું કારણ એ છે કે સ્કન્દપુરાણમાં સૂકા-ભીના, દિવસ-રાત, શસ્ત્રાસ્ત્રથી અવધ્યત્વની વાત હિરણ્યકશિપુ સાથે રૂઢ થઈ ગઈ છે. તેથી અહીં તે વાતને ટાળવામાં આવી છે અને નવા પ્રકારે કથાનકને આકાર આપ્યો છે. આ પુરાણનું કથાનક નાટ્યાત્મ પામ્યું છે. અહીં ઇન્દ્ર અને નમુચિ વચ્ચેના સંવાદ ઘણો રોચક છે. ''વજ્ર પ્રહારથી તેના શરીરનો એક રોમ પણ તૂટ્યો નહિ'' - આ શબ્દોમાં અમોઘ અસ્ત્ર ગણાતા વજ્રની નિષ્ફળતાનું કથન ઇન્દ્ર અને વજ્ર બન્નેના અપકર્ષની ચરમસીમાને પ્રગટ કરે છે.

> वज्रेण जघ्ने तरसा नमुचिं देवराट् स्वयम् ।
> न रोमैकं च त्रुटितं नमुचेरसुरस्य च ॥ સ્કન્દપુરાણ, ૧.૧૭.૨૮

આમ, વામનપુરાણ, બ્રહ્મપુરાણ અને સ્કન્દપુરાણમાં ઇન્દ્ર દ્વારા નમુચિને પાણીના ફીણથી મારવાની વાતનો ઉલ્લેખ હોવા છતાં દરેક પુરાણના કથાનકમાં ભેદ પણ છે. વામનપુરાણમાં નમુચિને અસ્ત્ર કે શસ્ત્રથી નહિ મારવાની ઇન્દ્રની પ્રતિજ્ઞા જોવા મળે છે, જ્યારે બ્રહ્મપુરાણ અને સ્કન્દપુરાણમાં આવી કોઈ પ્રતિજ્ઞા મળતી નથી.

(૫) વૈદિક નમુચિનું પૌરાણિક વૃત્રમાં રૂપાન્તર

અત્યન્ત રસપ્રદ બાબત એ છે કે નમુચિના અવધ્યત્વની આ કથા પરવર્તીકાળે વૃત્ર સાથે જોડાય જાય છે. મહાભારત ઉદ્યોગપર્વમાં નમુચિકથાના અંશો વૃત્રકથામાં જોવા મળે છે.[૩૨] મુખ્ય અઢાર પુરાણોમાં ક્યાંય તેનું અનુસરણ થયું નથી. એક માત્ર દેવીભાગવતમાં તેનું અત્યન્ત વિસ્તારથી ઉપબૃંહણ કર્યું છે. વૈદિક સાહિત્યમાં પ્રાપ્ત થતી વૃત્રની કથાનો પુરાણોમાં વિવિધ પ્રકારે વિકાસ થયો છે. વૈદિક સાહિત્યમાં ક્યાંય વૃત્રને ઇન્દ્ર દ્વારા પ્રાપ્ત અવધ્યત્વ કે તે અંગેની પ્રતિજ્ઞાનો નાનો સરખો

---

૩૨ મહાભારત, ઉદ્યોગપર્વ, ભાંડારકર પ્રાચ્યવિદ્યા શોધ શંસ્થાન, પૂના, ૧૯૭૨, અધ્યાય ૧૦

નિર્દેશ જોવા મળતો નથી. તેથી વૃત્રકથાના નિરૂપણમાં પુરાણો નમુચિકથામાં રહેલ અવધ્યત્વના રોચક અંશને વૃત્ર સાથે જોડ્યો નથી. મહાભારતમાં વૃત્ર અને ઇન્દ્રના સંઘર્ષની કથા એકથી વધુ વખત આલેખાઈ છે પણ માત્ર ઉદ્યોગપર્વમાં જ નમુચિકથાનો પ્રભાવ જોઈ શકાય છે.

(૫.૧) મહાભારત : મહાભારત ઉદ્યોગપર્વમાં ઇન્દ્ર અને વૃત્ર વચ્ચેના સંગ્રામની કથા છે. ઇન્દ્ર વૃત્રને હરાવવા અસમર્થ બની ગયો ત્યારે વિષ્ણુની સલાહને અનુસરીને તેણે વૃત્ર સાથે સન્ધિ કરી હતી. વૃત્રનો વિશ્વાસ સંપાદિત કરવા ઋષિઓ અને ગન્ધર્વોને વચ્ચે રાખ્યા. વૃત્રે ઇન્દ્રની દાનત પર શંકા વ્યક્ત કરી ત્યારે ઋષિઓએ ઇન્દ્રને સત્યવાદી, અનિન્દનીય, ધર્મજ્ઞ અને સૂક્ષ્મ નિશ્ચય બુદ્ધિવાળો જણાવીને તેના પર ભરોસો બંધાવ્યો. ઋષિઓની વાત પર વિશ્વાસ મૂકીને વૃત્ર સન્ધિ કરવા તત્પર થયો. તેણે શરત રાખી કે ઇન્દ્ર વૃત્રને સૂકાથી કે ભીનાથી, પથ્થરથી કે લાકડાથી, શસ્ત્રથી કે અસ્ત્રથી દિવસે કે રાતે તેને મારે નહિ. ઋષિઓની મધ્યસ્થીથી બન્નેએ શરતનો સ્વીકાર કર્યો. ત્યારબાદ ઇન્દ્ર મનમાં ને મનમાં વૃત્રને મારવાની તક શોધતો રહ્યો. એકવાર તેણે સમુદ્રના કિનારે વૃત્ર જોયો અને તેને મારવા માટે નિશ્ચય કરી લીધો. ત્યારે સન્ધ્યાકાળ હતો, એટલે દિવસ પણ નહોતો અને રાત્રિ પણ નહોતી. ઇન્દ્રને લાગ્યું કે જો તે આ તક જવા દેશે તો પછી ક્યારેય તેને મારી શકશે નહિ. વિષ્ણુનું સ્મરમ કરતા ઇન્દ્રની નજર સમુદ્રમાં ઊઠતા પર્વતાકાર ફીણના ઢગલા પર પડી. ફીણ સૂકું પણ નથી અને ભીનું પણ નથી એમ વિચારીને વજ્રને ફીણ સાથે રાખીને પ્રહાર કર્યો. વિષ્ણુએ ફીણમાં પ્રવેશ કર્યો હોઈ વજ્રના પ્રહારથી વૃત્રનો વધ કર્યો. સર્વત્ર હર્ષ છવાઈ ગયો.

મહાભારત ઉદ્યોગપર્વમાં વૃત્ર ઇન્દ્ર સાથે સન્ધિ કરવા તત્પર થાય છે ત્યારે તે વિવિધ પ્રકારને પોતાનું અવધ્યત્વ માગે છે. અહીં પ્રયુક્ત શબ્દો પરવર્તી પુરાણ સાહિત્યમાં વારંવાર હિરણ્યકશિપુના વરદાનમાં પુનરાવર્તિત થતા જણાય છે.

न शुष्केण न चार्द्रेण नाश्मना न च दारुणा ।
न शस्त्रेण न वज्रेण न दिवा न तथा निशि ॥
वध्यो भवेयं विप्रेन्द्राः शक्रस्य सह दैवतैः ।
एवं मे रोचते सन्धिः शक्रेण सह नित्यदा ॥ મહાભારત, ઉદ્યોગપર્વ, ૧૦. ૨૮-૨૯

સમુદ્રના કિનારે સન્ધ્યાકાળે વિચરતા વૃત્રને જોઈને ઇન્દ્ર તેને હણવા સંકલ્પ કર્યો અને સાગરમાં ઊઠતા પર્વતાકાર ફીણને જોઈને તેણે નિશ્ચય કર્યો કે આ ફીણ ભીનું કે સૂકું નથી. એ શસ્ત્ર પણ નથી. પછી ઇન્દ્રે વજ્ર સહિત ફીણને ફેંકીને વૃત્રનો વધ કર્યો.

नायं शुष्को न चार्द्रोऽयं न च शस्त्रमिदं तथा ।
एनं क्षेप्स्यामि वृत्रस्य क्षणादेव नशिष्यति ॥

सवज्रमथ फेनं तं क्षिप्रं वृत्रे निःसृष्टवान् ।
प्रविश्य फेनं तं विष्णुरथ वृत्रं व्यनाशयत् ॥ મહાભારત, ઉદ્યોગપર્વ, ૧૦. ૩૭-૩૮

(૫.૨) દેવીભાગવત : મહાભારત ઉદ્યોગપર્વની ઉપરની કથાનો વિસ્તાર દેવીભાગવતના છઠ્ઠા સ્કન્ધમાં મળે છે.[૩૩] તેમાં વૃત્રાસુરના વધની કથા અત્યન્ત વિસ્તારથી જોવા મળે છે. અહીં વૃત્ર દેવતાઓને પરાજિત કરીને તેમનું સર્વસ્વ પડાવી લે છે. દેવો સ્વર્ગ છોડીને પલાયન થઈ ગયા છે. ત્યારબાદ વૃત્ર સો વર્ષનું ભયંકર તપ કરીને બ્રહ્માને પ્રસન્ન કરીને વરદાનો માગે છે. આ વરદાનો આ પ્રમાણે છે. લોઢું, લાકડું, ભીનું, સૂકું, અગ્નિસમૂહ અને બીજાં કોઈ જ શસ્ત્રોથી મારું મૃત્યુ થાય નહીં. યુદ્ધમાં મારું પરાક્રમ અતિશય વધતું જ રહે, જેથી પરમ બળવાન દેવતાઓ મને યુદ્ધમાં જીતી શકે નહીં.

मृत्युश्च मा भवतु मे किल लोहकाष्ठाशुष्कार्द्रवंनिचयैरपरैश्च शस्त्रैः ।
वृद्धिं प्रयातु मम वीर्यमतीव युद्धे यस्माद्भवामि सबलैरमरैरजेयः ॥ દેવીભાગવત, ૬.૪.૮

સર્વ પ્રકારે અવધ્યત્વની તેની આ માગણીથી બ્રહ્મા હસી પડ્યા અને તેને વરદાન આપતા કહ્યું કે ''સૂકાથી કે ભીનાથી, પથ્થરથી કે લાકડાથી તારું મૃત્યુ થશે નહીં. આ હું તને સત્ય વચન કહું છું.''

न शुष्केण न चार्द्रेण न पाषाणेन दारुणा ।
भविष्यति च ते मृत्युरिति सत्यं ब्रवीम्यहम् ॥ દેવીભાગવત, ૬.૪.૧૦

વૃત્રાસુરને હણવા માટે દેવો વિષ્ણુ પાસે ગયા ત્યારે વિષ્ણુએ કહ્યું કે બ્રહ્માના વરદાનથી અજેય બની ગયેલા વૃત્રને પ્રથમ તો કપટ કરીને છેતરવો જોઈએ અને પછી તેને હણવો જોઈએ. આ માટે તેની સાથે સમાધાન કરીને મૈત્રીનું નાટક કરવા ઇન્દ્રને સમજાવ્યો. ઇન્દ્રે ઋષિઓને આગળ રાખીને વૃત્રને વિશ્વાસમાં લઈને સન્ધિ કરી. તે મુજબ વૃત્રે તેમની સમક્ષ શરત રાખી કે ''હે મહાભાગ, સૂકાં કે લીલાં અસ્ત્ર-શસ્ત્રથી, પથ્થરથી કે લાકડાથી કે વજ્રથી, દિવસે કે રાત્રે ઇન્દ્ર કે દેવતાઓ દ્વારા મને મારવામાં ન આવે - આ શરતે મને સમાધાન માન્ય છે, અન્ય કોઈ રીતે નહીં.''

न शुष्केण न चार्द्रेण नाश्मना न च दारुणा ।
न वज्रेण महाभाग न दिवा निशि नैव च ॥
वध्यो भवेयं विप्रेन्द्राः शक्रस्य सह दैवतैः ।
एवं मे रोचते सन्धिः शक्रेण सह नान्यथा ॥ દેવીભાગવત, ૬.૬.૩૫-૩૬

૩૩ દેવીભાગવતપુરાણ, ખંડ ૧, ગીતા પ્રેસ ગોરખપુર, પ્રથમ સંસ્કરણ, ઈ.સ. ઈ.સ. ૨૦૧૧

પછી ઇન્દ્રે લાગ જોઈને વૃત્રને સન્ધ્યાકાળે હણી નાખ્યો. પાણીના ફીણની વચ્ચે વજ્રને સંતાડીને તેના પર પ્રહાર કર્યો. વજ્રમાં વિષ્ણુએ પ્રવેશ કર્યો હતો અને ભગવતી જગદમ્બાએ પોતાની શક્તિ મૂકી હતી. તેથી ઇન્દ્ર વૃક્ષને હણી શક્યો.

(૬) વૈદિક નમુચિનું હિરણ્યકશિપુમાં રૂપાન્તર

વૈદિક નમુચિની કથા સાથે સંબંધિત અવધ્યત્વ અને ઇન્દ્ર દ્વારા તેના વધની કથા વૃત્ર સાથે જોડાયા બાદ પરવર્તી પુરાણસાહિત્યમાં નમુચિનું હિરણ્યકશિપુમાં રૂપાન્તર થતું જોવા મળે છે. સૂકા કે ભીના અસ્ત્રથી નમુચિના અવધ્યત્વની મૂળભૂત વૈદિક વાત અહીં પણ હિરણ્યકશિપુ સાથે જોડાઈ જાય છે. 'ઇન્દ્ર'નું સ્થાન 'નરસિંહ' લે છે અને આયુધ તરીકે 'પાણીના ફીણ'નું સ્થાન 'નરસિંહ ભગવાનના નખ' લે છે.

(૬.૧) રામાયણ : રામાયણમાં નરસિંહ દ્વારા હિરણ્યકશિપુના વધનો ઉલ્લેખ મળતો નથી. મહાભારતમાં નરસિંહ અને હિરણ્યકશિપુનો ઉલ્લેખ મળે છે. પણ નખોથી તેના વધની કથાનું વર્ણન પ્રાપ્ત થતું નથી. વિવિધ પુરાણોમાં આ કથાનક ખૂબ વિસ્તાર પામ્યું છે.

(૬.૨) વાયુપુરાણ : વાયુપુરાણમાં હિરણ્યકશિપુને બ્રહ્માના વરદાનની કથા મળે છે.[૩૪] હિરણ્યકશિપુ અમરત્વનું વરદાન મેળવે છે અને તેને હણવા માટે ભગવાન વિષ્ણુ નરસિંહ સ્વરૂપ ધારણ કરીને નખથી તેનો વધ કરે છે. હિરણ્યકશિપુએ બ્રહ્મા પાસેથી મેળવેલ વરદાનની વિગતોમાં સૂકાથી કે ભીની વસ્તુથી નહિ મરવાનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. વાયુપુરાણમાં હિરણ્યકશિપુએ મેળવેલા વરદાનનું વર્ણન આ પ્રમાણે થયું છે.

तं ब्रह्मा छन्दयामास दैत्यं तुष्टो वरेण तु ।
सर्वामरत्वं विप्रेशाः सर्वभूतेभ्य एव च ।
योगादेवान्विनिर्जित्य सर्वदेवत्वमास्थितः ॥ ६२
दानवाश्चासुराश्चैव देवाः समा भवन्तु वै ।
मारुतेर्यन्महैश्वर्यमेष मे दीयतां वरः ॥ ६३
एवमुक्तोऽथ ब्रह्मा तु तस्मै दत्त्वा यथेप्सितम् ।
दत्त्वा तस्मै वरान्दिव्यान् तत्रैवान्तरधीयत ॥ ६४, વાયુપુરાણ અધ્યાય ૬૭

વાયુપુરાણ હિરણ્યકશિપુને લગતા પ્રાચીન શ્લોકને ટાંકે છે. તેમાં કહ્યું છે કે "તે જે દિશાઓમાં જતો હતો તે દિશાને મહર્ષિઓ નમન કરતા હતા. આવા પ્રભાવશાળી દૈત્યને વિષ્ણુએ નરસિંહનું

---

૩૪ વાયુપુરાણ, અનુ. રામપ્રતાપ ત્રિપાઠી શાસ્ત્રી, હિન્દી સાહિત્ય સંમેલન, પ્રયાગ, ઈ.સ. ૧૯૮૭, શ્લોકાંક ૬૭.૪૯ થી ૭૧

શરીર ધારણ કરીને માર્યો હતો. તેને નખથી ચીરી નાખ્યો હતો કેમ કે નખ ભીના કે સૂકા હોતા નથી.''

हिरण्यकशिपुर्दैत्यः श्लोकैर्गीतः पुरातनैः ।
राजा हि हिरण्यकशिपुर्यामाशां निषेवते ।
तस्यै तस्यै दिशे देवा नमश्चक्रुर्महर्षिभिः ॥ ६५
एवं प्रभावो दैत्येन्द्रो हिरण्यकशिपुर्द्विजाः ।
तस्यासीन्नरसिंहः स विष्णुर्मृत्युः परा किल ।
नखैस्तु तेन निर्भिन्नो नार्द्रशुष्का नखाः स्मृताः ॥ ६६, વાયુપુરાણ, અધ્યાય ૬૭

બ્રહ્માણ્ડપુરાણમાં હિરણ્યકશિપુના વરદાન અને તેને જાળવવા માટે વિષ્ણુના નરસિંહ અવતાર લઈને પોતાના નખોથી તેનો વધ કરવાની વાત મહદંશે વાયુપુરાણને મળતી આવે છે.[૩૫]

(૬.૩) મત્સ્યપુરાણ : મત્સ્યપુરાણમાં હિરણ્યકશિપુએ માગેલા વરદાનનું પાંચ શ્લોકોમાં અતિ વિસ્તૃત વર્ણન છે.[૩૬] તેમાં તે દેવ, અસુર, ગન્ધર્વ, યક્ષ, નાગ, રાક્ષસ, મનુષ્ય, પિશાચ કોઈ તેને હણી શકે નહિ તેવું માગે છે. ઋષિઓ શાપથી પણ ન હણે. ત્યારબાદ તે અવધ્યત્વ અંગે કહે છે. નીચેના શ્લોકમાં અસ્ત્ર, શસ્ત્ર, પર્વત, વૃક્ષ, સૂકી કે ભીની કોઈ વસ્તુ, દિવસ કે રાતના સમયે અવધ્યત્વની માગણી કરવામાં આવી છે. અહીં નોંધપાત્ર છે નીચેનો શ્લોક પદ્મપુરાણમાં અક્ષરશઃ સમાન મળે છે.[૩૭]

न चास्त्रेण न शस्त्रेण गिरिणा पादपेन च ।
न शुष्केण न चार्द्रेण न दिवा न निशाथ वा ॥ મત્સ્યપુરાણ, ૧૬૧.૧૩

(૬.૪) ભાગવતપુરાણ : ભાગવતપુરાણમાં સાતમા સ્કન્ધમાં નરસિંહાવતારની કથા આઠ અધ્યાયોમાં અત્યન્ત વિસ્તાર પામી છે. ત્યાં હિરણ્યકશિપુએ માગેલા વરદાનમાં અનેક પ્રકારે અવધ્યત્વ માગવામાં આવ્યું છે. જેમકે, બ્રહ્મા દ્વારા ઉત્પન્ન કોઈ પ્રાણીથી મૃત્યુ ન થાય, અંદર નહિ અને બહાર પણ નહિ, દિવસે નહિ રાતે નહિ, કોઈ પ્રકારના આયુધથી નહિ, ભૂમિ પર નહિ અને આકાશમાં પણ નહિ, માણસથી નહિ અને પશુથી નહિ, જડથી નહિ અને ચેતનથી નહિ, સુર-અસુર કે નાગથી નહિ.

---

૩૫ બ્રહ્માણ્ડપુરાણ, સં. જે. એલ. શાસ્ત્રી, મોતીલાલ બનારસીદાસ, દિલ્હી, પુનર્મુદ્રણ, ઈ.સ. ૧૯૮૩, શ્લોકાંક : ૧૬૧.૧૧-૫

૩૬ મત્સ્યપુરાણ, કલ્યાણવિશેષાંક (ઉત્તરાર્ધ), ગીતા પ્રેસ, ગોરખપુર, ઈ.સ. ૧૯૮૪, શ્લોકાંક : ૧૬૧.૧૧-૫

૩૭ પદ્મપુરાણમાં સૃષ્ટિખણ્ડ, અધ્યાય ૪૫, શ્લોક ૧૩

भूतेभ्यस्त्वद्विसृष्टेभ्यो मृत्युर्मा भून्मम प्रभो ॥ ૩૫
नान्तर्बहिर्दिवा नक्तमन्यस्मादपि चायुधैः ।
न भूमौ नाम्बरे मृत्युर्न नरैर्न मृगैरपि ॥ ૩૬
व्यसुभिर्वासुमद्भिर्वा सुरासुरमहोरगैः । ૩૭(કખ)

ભાગવતપુરાણ, ૭.૩

(૭) નિષ્કર્ષ

વૈદિક સાહિત્યમાં પ્રાપ્ત થતી નમુચિકથા પુરાણસાહિત્યમાં વિવિધ પ્રકારે વિસ્તાર પ્રામીને ઉપબૃંહણ પામી છે. કેટલાંક પુરાણોમાં નમુચિકથામાં રહેલ અવધ્યત્વને વૃત્ર સાથે સાંકળવાનો પ્રયત્ન જોવા મળે છે. પછીથી નમુચિ કથામાં રહેલ આ રસપ્રદ તત્ત્વ હિરણ્યકશિપુની કથા સાથે સ્થિર બન્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો હિરણ્યકશિપુએ વૈદિક અસુર નમુચિનું એક સાવ નવું રૂપાન્તરણ છે.

ઋગ્વેદમાં ઇન્દ્ર દ્વારા પાણીના ફીણથી નમુચિના વધનો નિર્દેશમાત્ર છે. ત્યારબાદ મૈત્રાયણિસંહિતા પાણીના ફીણથી વધ કરવા માટેના કારણને દર્શાવે છે કે ઇન્દ્રે નમુચિ સાથે તેને સૂકા કે ભીના આયુધથી દિવસે કે રાત્રે મારવો નહિ એવી ઇન્દ્રે પ્રતિજ્ઞા લીધી હતી. પોતાની આ પ્રતિજ્ઞાના પાલન માટે ઇન્દ્રે સન્ધ્યાકાળે નમુચિને મારવા પાણીના ફીણનો ઉપયોગ કર્યો હતો. તૈત્તિરીયબ્રાહ્મણ પણ આ વાતને નોંધે છે. અહીં નમુચિના વધનો સમય રાત્રિની સમાપ્તિ અને દિવસના ઉદયની મધ્યનો બતાવ્યો છે. શતપથબ્રાહ્મણમાં નમુચિને અવધ્યત્વ અંગે ઇન્દ્ર કરેલી પ્રતિજ્ઞાને કંઈક વિસ્તાર પ્રાપ્ત થયો છે. ઇન્દ્ર અશ્વિનદેવતાઓ અને સરસ્વતીને પોતે નમુચિ સમક્ષ લીધેલા શપથ આ રીતે જણાવે છે કે "હું તને દિવસે કે રાત્રે હણીશ નહિ, દણ્ડ કે બાણથી હણીશ નહિ, હાથની હથેળી કે મુઠ્ઠીથી મારીશ નહિ, સૂકી કે ભીની વસ્તુથી પણ નહિ." બન્ને અશ્વિનો અને સરસ્વતીએ "આ સૂકું કે ભીનું નથી" એમ કહીને વજ્ર તરીકે પાણીના ફીણને છાંટ્યું. રાત્રિ જ્યારે સ્વચ્છ બની રહી હતી અને સૂર્ય ઊગ્યો ન હતો ત્યારે "આ દિવસ પણ નથી અને રાત પણ નથી" એમ વિચારીને ઇન્દ્રે ફીણથી તેનું માથું ભાંગી નાખ્યું હતું. વૈદિક સાહિત્યમાં નમુચિના અવધ્યત્વ માટેની શરતો અને તેના વધ અંગે આવી વિગતો પ્રાપ્ત થાય છે.

રામાયણમાં નમુચિ કથામાં કોઈ વિશેષ વિગતો મળતી નથી. મહાભારત શલ્યપર્વમાં વૈદિક નમુચિ કથાના મૂળ સ્વરૂપને જાળવી રાખીને તેનું નિરૂપણ થયું છે. બ્રહ્મપુરાણમાં પાણીના ફીણથી તેનો વધ દર્શાવ્યો છે પણ અવધ્યત્વ અંગેની શરતોનો કોઈ નિર્દેશ નથી. વામનપુરાણ આ કથાને થોડું નવું સ્વરૂપ આપે છે. તદનુસાર શસ્ત્ર કે અસ્ત્રથી નહિ મારવાની ઇન્દ્રની શરતથી નિર્ભય થયેલો નમુચિ સૂર્યને ત્યજીને પાતાળમાં ગયો. તેણે સમુદ્રના પાણીમાં પ્રવેશ કર્યો ત્યારે સમુદ્રના પાણીમાં રહેલા ઉત્તમ ફીણને જોયું. તેણે બન્ને હાથમાં ફીણને લઈને પોતાનાં મુખ, નાક, આંખ,

કાન વગેરે સાથે ઘસ્યું. ઇન્દ્રે અદશ્ય રહીને ફીણમાં વજ્રને મૂક્યું. તેનાથી નમુચિનું મુખ, નાક વગેરે ભાંગી ગયાં અને તે મરી ગયો. સ્કન્દપુરાણમાં ઇન્દ્રે વૃત્ર સાથે કોઈ શરત કર્યાનો ઉલ્લેખ નથી. તેને હણવા ઇન્દ્રે વજ્ર, ગદા, શૂળ એમ અનેક શસ્ત્રાસ્ત્રોનો પ્રયોગ કર્યો પણ વૃત્ર અવધ્ય બની રહ્યો હતો. પછીથી આકાશવાણીના કહ્યા પ્રમાણે ઇન્દ્રે પાણીના ફીણથી તેને હણ્યો હતો.

મહાભારત ઉદ્યોગપર્વમાં નમુચિના અવધ્યત્વ અને પાણીના ફીણથી તેના વધની ઉપર્યુક્ત વૈદિક અને પૌરાણિક કથા એક નક્ષ જ સ્વરૂપમાં વિકાસ પામી છે. તેમાં નમુચિના સ્થાને વૃત્ર આવી જાય છે અર્થાત્ નમુચિનું વૃત્રમાં રૂપાન્તરણ થાય છે. વૃત્રને હણવા ઇન્દ્ર તેની સાથે સન્ધિ કરે છે અને પછી કપટ કરીને તેને હણી નાખે છે. અહીં વજ્રમાં વિષ્ણુના પ્રવેશનું નવું તત્ત્વ દાખલ થાય છે. વૈદિક સાહિત્યમાં નમુચિની કથામાં ક્યાંય વિષ્ણુ ઇન્દ્રના સહાયક નથી, પણ અહીં નમુચિનું વૃત્રમાં રૂપાન્તરણ કરતી આ ઉદ્યોગપર્વની કથામાં તેઓ ઇન્દ્રના સહાયક બને છે. દેવીભાગવતમાં ઉદ્યોગપર્વમાં આ કથાનો વિસ્તાર કરવામાં આવ્યો છે. અહીં ઇન્દ્ર સાથે સન્ધિ કરીને વૃત્રે પ્રાપ્ત કરેલ અવધ્યત્વ ઉપરાંત બ્રહ્માના વરદાનને પણ દર્શાવવામાં આવ્યું છે. વૃત્રાસુરે કરેલી સો વર્ષની તપસ્યાથી બ્રહ્માને તેને આપેલું અવધ્યત્વનું વરદાન એ દેવીભાગવતમાં જોવા મળતી નવી બાબત છે. બ્રહ્માનું વરદાન અને ઇન્દ્રે કરેલી સન્ધિને કારણે પાણીના ફીણથી ઢાંકીને વજ્રનો પ્રહાર કરીને તેનો વધ કરવામાં આવ્યો છે. દેવીભાગવતમાં એક વિશેષ વાત એ ઉમેરાઈ છે કે વૃત્રવધમાં દેવી મહામાયા જ સર્વસ્વ છે.

નમુચિ કથાના ઉપબૃંહણનો ત્રીજા તબક્કામાં નમુચિનું હિરણ્યકશિપુ અને ઇન્દ્રનું નરસિંહ તરીકે રૂપાન્તરણ થાય છે. પાણીના ફીણનું સ્થાન નરસિંહના નખ લે છે. વાયુપુરાણ અને બ્રહ્માણ્ડપુરાણમાં કહ્યું છે કે નખ સૂકા કે ભીના હોતા નથી. તેથી નરસિંહે નખથી હિરણ્યકશિપુને ચીરી નાખ્યો. મત્સ્યપુરાણમાં હિરણ્યકશિપુને અવધ્યત્વના વરદાનમાં દેવ, અસુર, ગન્ધર્વ, યક્ષ, નાગ, રાક્ષસ, ઋષિઓ, મનુષ્ય સિવાય કોઈ તેને અસ્ત્ર, શસ્ત્ર, પર્વત, વૃક્ષ, સૂકી કે ભીની કોઈ વસ્તુ, દિવસ કે રાતના સમય - એમ ઘણી બાબતો જોવા મળે છે. ભાગવતપુરાણમાં હિરણ્યકશિપુને પ્રાપ્ત વરદાનમાં વધારાની કેટલીક નવી વિગતો ઉમેરાઈ છે. જેમ કે, બ્રહ્મા દ્વારા ઉત્પન્ન કોઈ પ્રાણીથી નહિ, અંદર નહિ અને બહાર પણ નહિ, દિવસે નહિ રાતે નહિ, કોઈ પ્રકારના આયુધથી નહિ, ભૂમિ પર નહિ અને આકાશમાં પણ નહિ, માણસથી નહિ અને પશુથી નહિ, જડથી નહિ અને ચેતનથી નહિ, સુરાસુર કે નાગથી નહિ. આ વરદાનની રક્ષા કરવા માટે વિષ્ણુએ નરસિંહ ભગવાનની જાંઘો પર હોઈ જમીન કે આકાશમાં નહિ વગેરે શરતોનું પાલન થયું છે.

પૌરાણિક નરસિંહ અવતારનાં મૂળ ઋગ્વેદ ૮.૧૪.૧૩માં જોઈ શકાય છે, જેમાં ઇન્દ્રે પાણીના ફીણથી કરેલા નમુચિવધનો ઉલ્લેખ છે. ઋગ્વેદમાં પ્રાપ્ત આ સાવ નાનો નિર્દેશ પરવર્તી વૈદિક અને પૌરાણિક સાહિત્યમાં કેવાં વિલક્ષણ સ્વરૂપો ધારણ કરે છે તે આ લેખમાં દર્શાવ્યું છે. પ્રાસંગિક

તબક્કામાં નમુચિના સ્થાને વૃત્ર ગોઠવાય છે પણ પછી તેના સ્થાને દાનવ હિરણ્યકશિપુ આવી જાય છે. નમુચિને હણવા ઇન્દ્રે પાણીના ફીણને આયુધ બનાવ્યું હતું. નરસિંહ ભગવાનના નખ હિરણ્યકશિપુને હણવાનું આયુધ બને છે અને તેનો વધ કરવા માટે નરસિંહ ભગવાન વિલક્ષણ પ્રકારનું સ્વરૂપ ધારણ કરે છે. અત્યન્ત રસપ્રદ બાબત એ છે કે નરસિંહ અને હિરણ્યકશિપુની આ કથાના વિકાસથી ભારતીય સંસ્કૃતિમાં એક અમર પાત્રનો આવિર્ભાવ થયો છે અને તે છે પરમભક્ત પ્રહ્લાદ. આ લેખનો વિષય વૈદિક અસુર નમુચિનું કથાનક પુરાણ સાહિત્યમાં કયા પ્રકારે ઉપબૃંહણ પામ્યું છે તે પૂરતો સીમિત હોઈ નરસિંહાવતાર અને ભક્ત પ્રહ્લાદ અંગેની વિગતો અહીં સમાવવામાં આવી નથી.

શ્રી ગરીબદાસ કૃત 'યોગપાવડી' (ટબા સાથે)

રસીલા કડીઆ*

ટબા સાથેની 'યોગ પાવડી' નામની યોગ વિષયક કૃતિ મને 'ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટ, બરોડા' સંસ્થા પાસેથી ઉપલબ્ધ થઈ છે તેનો હું ઋણ સ્વીકાર કરું છું, અને અભ્યાસ અર્થે પ્રાપ્ત આ કૃતિનો તેના ટબા સાથેના લિપ્યંતર સાથે પરિચય કરાવવા ઇચ્છું છું.

સૌ પ્રથમ કૃતિનો બાહ્યપરિચય આપું તો, મને આ કૃતિની ઝેરોક્ષ મળી હતી અને તેના પ્રારંભે આપેલ પરિચય કરાવું તો તેમાં Acc. No. 20006/sub. જૈન/નામ ઉપર દર્શાવ્યા પ્રમાણે/ Author - કવીશ્વર/Extent Fols.10/grs.225/Language હિન્દી-ગુજરાતી/Script - દેવનગરી અને Sourceમાં યતિશ્રી હેમચંદ્રજી, વડોદરા તરફથી gift એવો પરિચય મળે છે.

કૃતિના કદ માટે સંસ્થાને પૂછાવડાવેલું જેના જવાબમાં મને Alphabatic list of Manuscripts in the Oriental Institute માંના Vol. IV પરની આ કૃતિની detail મોકલી હતી. આમાં તેનો Sr. No. 928 અને Accession No. 20006 જણાવાયો છે. અન્ય વિગતો ઉપર પ્રમાણે છે. વધારામાં તેની Size (Sms) - 25 x 11 જણાવેલ છે. Remarksમાં ધર્મશાસ્ત્ર જણાવેલ છે. વોલ્યૂમ ૪ના પૃ.૮૬૪ પર આ વિગત છે.

આ બધી વિગતો પરિચય માટે જરૂરી છે પણ સાથે સાથે કૃતિનો અભ્યાસ કરતાં એક-બે અન્ય વિગતો પરત્વે ધ્યાન દોરવું જરૂરી સમજું છું.

કૃતિનો વિષય યોગ બાબતનો છે. સાચો યોગી કોને કહેવાય, કેવી રીતે તેને ઓળખવો, યોગમાર્ગમાં આવતા પ્રલોભનોથી દૂર રહેવું પડે તે કયા છે તેની વિગત આપી સમજાવવું, કેવી રીતે બોલવું, ચાલવું, રહેવું-ફરવું તેની સમજ સાથે સાચા આહાર, વિહાર, નિહારને સમજાવતા મન, વચન અને કાયા એકરૂપ હોય અર્થાત્ જેવો વિચાર, તેવી વાણી અને તેવું વર્તન જરૂરી એ ભારપૂર્વક સમજાવેલ છે. સૌથી મોટી વાત તો એ કરી કે યોગ અંગીકાર કરવાનું લક્ષ્ય માત્ર ને માત્ર મોક્ષપ્રાપ્તિનું જ હોય, પ્રલોભનવશ થનાર જોગી કેવું આચરણ કરે છે તેની વાત પણ કરી છે. યોગદીક્ષા જેની પાસે લો છે, તે ગુરુની પસંદગીમાં માપદંડ પણ દર્શાવ્યા છે. સાચો ગુરુ જ

'સ્વાધ્યાય' - પુ. ૬૦, વર્ષ ૨૦૨૩, પૃ. ૧૧૧-૧૩૬. ISSN 2250-0391

* ૮, જયમા સોસાયટી, સેટેલાઈટ માનસી ક્રોસ રોડ, પાણીની ટાંકીની બાજુમાં, સેટેલાઈટ કોમ્પલેક્ષની બાજુમાં, અમદાવાદ-૩૮૦૦૧૫, M:07926765442

મુક્તિમાર્ગ દેખાડશે. તેવી રીતે સાચો શિષ્ય કોને કહેવાય તે પણ દર્શાવ્યું છે. માર્ગચ્યુત સાધક માટે નરકનાં દ્વાર ખૂલે છે.

આમ યોગમાર્ગની પગદંડી દર્શાવનારી આ કૃતિ અવારનવાર ગોરખનાથનું નામ કહે છે. માર્ગચ્યુત થયેલા ગુરુને પણ (મત્સ્યેન્દ્રનાથને) 'ચેત મછંદર, ગોરખ આયા' કહી ચેતવે છે તેવા આ યોગીશ્વર ગોરખનાથે પ્રબોધેલા યોગમાર્ગને આ કૃતિના સર્જક શ્રી ગરીબદાસ કવીશ્વરે તત્કાલીન લોકોની સમજમાં આવે તેવી બોલચાલની ભાષામાં સમજાવેલ છે, અર્થાત્ તે અગાઉ પ્રરૂપેલા માર્ગને જ દર્શાવે છે.

આ સર્વ વિગતો કર્તાએ ૬૯ કડીઓમાં કરી છે. કૃતિ સંપૂર્ણ થયે છૂટાછવાયાં અક્ષરો થકી જે લખાણ છે તે આ કૃતિનો અભ્યાસ કરનાર મુનિઓની વાત હોય તેમ જણાય છે. ૬૭ જેટલા સાધુઓનાં ઠાણાં છે જેઓમાંથી બે મુનિવરો પરમુ ભુદરના ઘેર નગરે આવ્યા છે. બાકીનાં વન, જંગલમાં રહે છે. ધર્મજ્ઞાન આપવા કાજે, સાધુઓ શહેરમાં વસવાટ કરતા પણ ખરા. દિગંબર જૈન સાધુઓ નગર, ગામમાં વિહરે છે અને ચાર્તુમાસમાં એક સ્થાને સ્થિર બનતા હોય છે. જંગલમાં રહેવાની વાત આમ ઘણી જૂની છે. કદાચ કૃતિ પણ ઘણી જૂની હોઈ શકે છે અહીં રચનાસંવત આપવામાં આવી નથી.

કર્તા ગરીબદાસે પોતાને કવીશ્વર કહ્યા છે એ સૂચવે છે કે તેમની એકથી વધુ કૃતિઓ હોવી જોઈએ. અંતે બહુ સ્પષ્ટ છે કે કર્તાનું વિશેષણ કવીશ્વર છે. નામ ગરીબદાસ છે. (જુઓ કડી-૬૯માં ''ગુરુનો દાસાનદાસ ગરીબદાસ કવીશ્વર એમ કહઈછઈ છે.'')નામ ઉપરથી આ કૃતિ જૈન મુનિની જણાતી નથી જૈનોમાં વચ્ચે યતિપરંપરા ચાલી તે વખતે આવાં નામ હોય તો મારી જાણમાં નથી નામને છેવાડે 'દાસ' કે 'ગિરિ' ના લટકણ જૈન મુનિઓની પાછળ લાગતાં નથી તેથી આ જૈન કૃતિ નથી તે નક્કી. હા, તે ધર્મશાસ્ત્ર કહેવાય કારણ એમાં યોગના શાસ્ત્રની વાત છે. કૃતિ યતિશ્રી પાસેથી ભેટ મળી છે. તેથી તેને 'જૈન' કૃતિ ગણવામાં આવી હોય તેમ બને.

દેવનાગરી લિપિમાં લખાયેલી આ કૃતિના ચરણની ઉપર ટબો આપવામાં આવેલો છે. તેની ભાષામાં હિન્દી ગુજરાતીનું મિશ્રણ મારવાડી ભાષા જેવું જણાય છે. તત્કાલીન સમયની લોકબોલી કહેવી એ વધુ યોગ્ય છે. પ્રાસયુક્ત રચના હોવાથી કંઠસ્થ કરવામાં સરળતા રહે તેવી છે. ટબામાં ક્યારેક જૈન પરિભાષાનો ઉપયોગ થયો જણાયો છે તેથી આ ટબો જૈન મુનિવરો માટે લખાયેલો હોઈ શકે. ટબો લખનારનું નામ અહીં ન હોવાથી તે ગરીબદાસે જ લખ્યો હોઈ શકે.

બોલચાલની ભાષા હોવાથી અહીં અનુસ્વાર તથા જોડણીની અરાજકતા એટલે કે તેમાં એકવિધતા જોવા મળતી નથી. એક જ ચરણમાં એ જ શબ્દ અનુસ્વાર સાથે અને અનુસ્વાર વિનાનો મળે. જો કે, અહીં વર્ણ્યવિષય ભાષા શુદ્ધિની અપેક્ષાવાળો ન હોય તે સ્વાભાવિક છે.

આવી રીતે સ-શ/ત-ટ/ડ-દ/ન-ણ એમ તાલવ્યને સ્થાને મૂર્ધન્ય અને મૂર્ધન્યને સ્થાને તાલવ્ય વ્યંજન પ્રયોજાયેલ છે. દા.ત. દેસ-વિદેસ/એતલે/ડંડાસન વગેરે.

લિપ્યંતર કરતી વખતે જ્યાં શબ્દ કે અક્ષર સુધારવા જેવો લાગ્યો છે. તેને ગોળ કૌંસમાં, જ્યાં શબ્દ કે અક્ષર ઉમેર્યો છે તેને ચોરસ કૌંસમાં, કેટલીકવાર શબ્દ કે અક્ષર પુનરાવર્તિત થયો હોય તેવો અક્ષર શબ્દ રદ કરવા છગડિયા કૌંસનો પ્રયોગ કરેલો છે. વળી અહીં જ્યાં જ્યાં 'ખ'ના અર્થમાં 'ષ' છે ત્યાં સુધારો સૂચવ્યા વિના 'ષ'નો ખ કર્યો છે. પ્રાચીન લિપિમાં 'ષ' ખ માટે પણ વપરાતો હતો.

કડીઓને નંબર આપવામાં આવ્યા છે ત્યાં '૫૨' મી કડીને '૫૩' મો નંબર આપેલ છે. '૫૩'મો નંબર તો છે જ. આથી, પ્રથમ '૫૩' છે ત્યાં '૫૨' એમ સુધારીને લખેલ છે. વળી, ૧૮મી કડીમાં બીજું પદ લખાયું નથી, માત્ર ત્રણ પદો આપેલા છે. સંદર્ભને આધારે તે બીજું પદ લાગવાથી તે સ્થાને પદ ન હોવાની સૂચના આપી છે. ૩૬મી કડીમાં ત્રીજા ચરણમાં આગળ પછીના બે અક્ષરો ચહેરાયા હોઈ ઉકેલી શકાયા નથી તેને બે ડેશથી દર્શાવ્યા છે.

૭મી કડીમાંના ટબામાં અંતિમ ચરણોમાં 'અર્થ દષ્ટાંત' લખીને ૮મી કડી બાદ, ઉપર નિર્દેશિત દષ્ટાંત પાદટીપમાં આપેલ છે જેમાં જીવનાં લક્ષણો જણાવવામાં આવ્યા છે. આ દષ્ટાંત લિપ્યંતરમાં ૭મી કડીના ટબા પછી તરત જ લેવામાં આવેલ છે.

શ્રી ગોરખનાથના યોગને સમજાવતી, ટબા સાથેની આ કૃતિ ખરે જ, યોગમાર્ગે ચાલનાર પ્રત્યેક સાધકને ઘણી ઉપયોગી માહિતી આપે છે એ તો ખરું પણ તે લોકબોલીમાં તેની લિખાવટ હોઈને તે ખરે જ, તત્કાલીન સમયના સૌ કોઈ જ્ઞાની કે આ માર્ગે પ્રથમ પગલું માંડનાર તમામને ઘણી લાભદાઈ બની હશે જ.

॥ શ્રી ગરીબદાસ રચિત 'યોગપાવડી'નો મૂળપાઠ ॥
(ટબા સાથે)

ક્રોધ, લોભ, દૂરિ પરિહરિવા, પરિહરિ મમતા માયા ।
ગોરખનાથ ઈસી ઉપદેસી, કણમારીયા બુઝવાયા ॥૧॥

ટબોઃ ॥र्द०॥ અથ શ્રી યોગપાવડીનો ટબો લિખિઇ છે.

ક્રો૦ ક્રોધ અને લોભ એ બે વેગલા તજવા, ક્રોધ, લોભ ન કરવા.

પ૦ અહો યોગીશ્વર શિષ્ય, મમતા મૂછા શરીરાદિક નીધ ને માયાકપટ એ છૈ તજિ.

ગો૦ શ્રી ગોરખનાથ એહવો ઉપદેશ આપૈ છંઈ

ક૦ કણૈરીષાય યોગીનૈ સમજાવવાનૈ અર્થૈ ઉપદેશ દ્યૈ છૈ. (૧)

ધબક ન બોલણા, ધબક ન ચલણાં, જોઈ મુકવા પાયા ।
દેસ વિદેસ એણી પરિભમણા, ભણે તે ગોરખરાયા ।।૨।।

ટબોઃ

ધ૦ અહો યોગીશ્વર, ઉતાવલો, અણ વિમાસ્યો વચન ન બોલિયૈ અનૈ પગનૌ ધબકો ધાયૌ તિમ હીડીયૈ નહિ, જતનાયૈ હીડિયૈ.

જો૦ માર્ગે હીડતાં જીવજંતુ જોઈનઈ પગ મૂકિયૈ.

દે૦ દેશૈ અથવા પરદેસૈ એણી પરૈ જતનાયૈ વિચરવૌ

ભ૦ કહે છે શ્રી ગોરખરાય (૨)

કોપીનં ઉપર, વસ્ત્ર ન રખણા, હરિણા (રહિણા)વનિ સમસાણાં ।
મુગતિ કે કાજિ જોગી હોસી, તો રહિના એકિ ધ્યાન્યા ।।૩।।

ટબોઃ

કો૦ એક પહિરનવાનૈ કોપીન રાખવા, પિણ બીજો વસ્ત્ર ન રાખવો.

હ૦ હા, રહિયૈ તો વનમાંહિ અથવા સમસાંન માંહૈ એકાંતે રહિયૈ.

મુ૦ જો મુગતિ પાંમવાનૈ અર્થૈ યોગમાર્ગ અંગીકાર કરસ્યૈ

તો૦ તો એકાંગ્ર ચિત્તપણૈ ધ્યાંન માંહૈ રહિવઉં (૩)

માનેપૂતા મ ધરિસિ માન, અપ્યમાને નહીં ખેદં ।
ગીતગાંન સું કાંન ન દિણાં, મુગતિ મારગ એ વેદં ।।૪।।

ટબોઃ

મ૦ અહો પુત્ર વત્સ, માંન પૂજા પાંમીનૈ મનમાં અહંકાર માંન ધરીસ માં

અ૦ અને કોઈકે અપમાન અનાદ(ર) કીધો તો પિણ ખેદ દ(દિ)લગા(ગી)રી ન ધરી.

ગી૦ કોઈ ગીત ગ્યાંન રાગરંગ કરતો હોઈ તો તિહાંકાન ન દેઈસ.

મુ૦ એતલે કાનનૈ વસિ પોહોચીસમાં એ મુગતિ પામવાનો માર્ગ જાણવો. (૪)

મીઠા મધુરા આહાર ન લેણા, સબરસ તિ પરિહરવા ।
ઈંદ્રીપોષ કહે ન કરવા, એ મારગ તુઝ તરવા ।।૫।।

ટબો:

મી૦ મીઠો અને મધુરો એહવો આહાર લેવો નહી, જીભનો સ્વાદ ન કરવો.

સ૦ સરવ જે ભલા એક રસની જાતિ છૈ તે ખાટા, ખારા, તીખા પ્રમુખ સ્વાદ તજવા.

ઈ૦ જે વાતૈ ઈંદ્રીનૈ પોષ ઉપજે તે વાત ન કરવી

એ૦ અહો પુત્ર, એ માર્ગ મુઝનૈ તરવાનૈ અર્થૈ કહિયૈ છૈ (૫)

મીટી ઉપરિ પાઉ ન ધરણા, જોગી કૌઉ ન કરેણી ।
ગંગનમંડળ ઊપરિ પાગરણાં, સેજ બીછાઈ ધરણી ।।૬।।

ટબો:

મી૦ અહો પુત્ર, માટી પૃથવીકાય ઉપરૈ પગ દીજિયૈ નહીં

જો૦ અને યોગીશ્વરને કો. અગ્નિ તાપચીનૈં કરવી નહીં

ગ૦ અહો પુત્ર, સોવાંની વેલાયૈ ગગન આકાસ ઉપરિ ઉઢવૌ એતલૈ વસ્ત્ર ઉઢવો નહીં.

સે૦ અને તલે પિણ કાંઈ ધરતી વિના પાથરવૌ નહી, ભૂમિ સૂવૌ (૬)

ના(ની)લી સુકા(કી) હરિ મત ખુટિ, બહુ મત પીજે આપ ।
બહુ અપરાધે કસ(રા)થી પુત્રા, મનમાં મ ધરિસિ તાપ ।।૭।।

ટબો:

ના(ની)૦ નીલા તથા સુકા હરીકાય વનસ(પ)તી ચૂંટીસ મા.

બ૦ ઘણો પાણી પીઈસ મા.

બ૦ ઘણો અપરાધ પુનહ કોઈ કરે તો પણિ તેહથી અહો પુત્ર,

મ૦ મન માંહે સંતોં(તા)પ દુખ મ ધરીસ=અથ દષ્ટાંત આગમ ચંતાનાય, વસ્તમીન

(પાદટીપમાં આપેલ દ્દષ્ટાંત નીચે મુજબ છે.)

ગઈ વસ્ત્ત સોચે નહિ, આગમ ચંતાનાય ।
વરતમીન વરતે સદા સોં જ્ઞાની જુગસાય ।।૧।।
જ્ઞાની ધ્યાનમાં મગન રહેં, રાગાદિક મલ ખોય ।
ચીત ઉદાસકર ની કરે, સો કર્મબંધ નહી હોય ।।૨।।
સમતા, રમતા૨. ઉર્ધતા ૩. વ્યાયકતા ૪. સુખ ૫ ભાસઃ
વેધકતાઃ ચેતન {ન}તાએ સર્વ જીવ વાલાંસ ।।૩।। જીવલક્ષણ દ્દષ્ટાંત

અમર ભણી દેવી મત તાકે, પવન રોધ કરિ પૂતા ।
અજરાંમર હોણકી આસા, એ મારગ અવધૂતકા ।।૮।।

ટબોઃ

અ૦ અમર દેવતાની દેવી દેવાંગનાની પણિ વાંછા ન કરીવી

પ૦ પવનનો રોધ કરવો એતલૈ પવનાસ્યાસ વાવો હે પુત્ર

અ૦ જોઉઝ જરા મરણ રહિત થાવાની આસ્યા છૈ તો

એ૦ એસું તુઝ આગલિ કહું છું તે માર્ગ અવધૂતની છૈ. (૮)

પરિનિંજ્ઝા તું મ કરિસિ બાવા, મા કરિસિ આપવખાણં
ઇચ્છારોધ કરે તુ પુત્રા, યોગ હેં એહ પરિમાણં ।।૯।।

ટબોઃ

પ૦ પર બીજી કોઈનૂં નિંદ્યા ભૂડાઈ ન કરીસ હે બાબા શિષ્ય.

મ૦ અનૈ પોતાનૌ વખાણ વડાઈ ન કરીસ

ઈ૦ અને ઇચ્છારોધ કરજ્યે પિણ મન મૌકલો મ મૂકીસ પુત્ર.

યો૦ યોગ લીધો એ વાતે પ્રમાણ ચઢૈ છંઈ. (૯)

અખાલ પખાલાતા ઊનહ કરણા, ધોઈવા હાથ મત પાય ।
માઈ સબ નિજ માઈ સરિખી, ચિત્ત રાખણા એકકઠાય ।।૧૦।।

ટબો:

ઉ૦ ઉખાલ વમન જાણી ન કરવો. પખાલ રેચ પિણ ન લેવો. એતલૈ અતિ માત્રામાં આહાર ન લેવો. પછંઈ

ધો૦ વમન વિરેચ કરવા પડૈ. હાથ પગ ધોવા નહીં

મા૦ અનૈ જેતલી સ્ત્રીમાત્ર છે તે સર્વ માતા સરીખી જાણવી.

ચિ૦ મન પોતાનો વસિ કરી એકાગ્ર રાખવો. (૧૦)

છાંની વાત ન કરણી પૂતા, કિસકે કાનું લાગી ।
વાટિ ચલતા વાત ન કરણી, જત હોવઈ વઈરાગી ।।૧૧।।

ટબો:

છાં૦ છાની વાત કરવી નહિ અહો પુત્ર

કિ૦ કોઈનૈ કાને લાગીનૈ છાની વાત ન કરવી.

વા૦ માર્ગ માંહિ ચાલતા વાત કરવી નહી.

જો૦ જો પુત્ર તૂં વૈરાગી છે તૌ એ ક્રિયા આદરિ (૧૧)

કથા કલ્લૌલ વાત પરિહરજે, હાસુ મ કરિસિ બાપા ।
યોગ ધરિનઈ એ તું કરિસી, તુ વિગોવાઈસ આપા ।।૧૨।।

ટબો:

ક૦ કથા, સ્ત્રીકથા, પ્રમુખ તથા કલ્લોલ મસ કરી પ્રમુખ વાર્તા ત્યજઈ.

હા૦ હાસ્ય(મ) કરીસ એ બાબા

યો૦ યોગ લેઈનેઈ પૂત્ર એ પ્રકારે કરીસ તો

તુ૦ તુ પોતાનો આત્મ વિગોવીસ પિણ કોઈ આત્માર્થ નહિ સરે (૧૨)

પીપલ વડ હેઠે નહુ રહણા, ન કરણા તીહાં વાસા ।
તસકે બીજ ચંપાવે પુત્રા, સબકી સરખી આસા ।।૧૩।।

ટબો:

પી૦ પીપલ તથા વડ હેઠલિ યોગીશ્વરને રહેવો નહી.

ન૦ તે ચામૈં વાસો રહવો નહીં

ત૦ તિહાં રહતાં તેહના બીજ પગ તલૈ આવે, ચંપાયૈ

સ૦ બીજ તો જીવા છૈ અને સર્વ જીવમાત્રને આસા જીવવાની એક સરીખી (૧૩)

દેખી યોગી ઇંદ્રી બલવંતી, તુઝકુ નરગિ પાડસિ ।
યોગ લેઈને મન તો ન રૂંધીસ, તુ પેછિ પસતાસા ।।૧૪।।

ટબો:

દે૦ હે યોગીશ્વર, પાંચ ઈંદ્રી બલવંત છંઈ જોરાવર તે ઇંદ્રી

તુ૦ તુઝને નરહનૈ વિષે પાડસ્યૈ તે માટે ઇંદ્રીઉનો વિશ્વાસ ન કરીસ

યો૦ જો યોગ લીધા કેડૈ મન રુધીસ્ય નહી વસ્ય નહીં કરે તો

તુ૦ પછે પછિતાવવો પડસ્યઈ (૧૪)

પુત પારવતી આસન રહણા, ગુરુડાસણિ ધરિ ધ્યાન ।
પદમાસણ ડંડાસણા કરણા, ઈસા બ્રહ્મજ્ઞાન ।।૧૫।।

ટબો:

પુ૦ અહો પુત્ર, બૈસવૌં તે પાર્વતી આસનેં એતલૈ ભગાસનૈ બૈસવો.

ગુ૦ અને ધ્યાન ધરવોં ગરુડાસ(ન) કરી ધ્યાન ધરવો

પ૦ અથવા પદમાસન અને દંડાસનૈ બૈસવો તથા ધ્યાન કરવો

ઈ૦ એહવોં બ્રહ્મજ્ઞાન છંઈ, આસન જ યોગાસન હઠપ્રદીપિકા પ્રમુખ યોગાભ્યાસ{સ}ના શાસ્ત્ર છૈ તેહમાં કસા છૈ તે શાસ્ત્રથી જાણીયૈ (૧૫)

વીરાસણ ભદ્રાસન રહિણા, ધરવી જોગહમુદ્રા ।
લેઈ લાઈ તાલી ઉપજાવી, પુત્ર પરહરવી નિદ્રા ।।૧૬।।

ટબો:

વી૦ વીરાસનૈ તથા ભદ્રાસનૈ બેસવો તથા ધ્યાન ધરવો.

ધ૦ અહો પુત્ર, યોગની મુદ્રા ધરવી

લે૦ પછી લયલીન થઈ, ધ્યાન ધરીનૈં તાલી ઉપજાવવી

પુ૦ અહો પુત્ર, નિદ્રા કિવારૈ કરવી નહી (૧૬)

જુ ડુમ કારસી, તુહિ મરસી, ડુમો કૂર ગતી હોસી ।
એક જ પડ પોસેવા કારણિ, કાહો જોગ વગોસી ।।૧૭।।

ટબો:

જુ૦ જો પુત્ર, દંભ કપટ કરૈ તો પિણ મરણનો સમૈ ન ટલૈ અને

ડુ૦ {કપટ} કપટથી પ્રાણી દુર્ગતિગામી થાયૈ

એ૦ અહો પુત્ર, તે મારૈં એક પિંડ પોતાનૈં પોષવાનંઈ અર્થે

કા૦ એહવા કપટ પ્રપંચ કરી પોતાના યોગસ્થાનૈં વિગોવવો પડે. (૧૭)

પુત્ર પીઆરા સુખ દુખ દેખી, મ મુકીસ ઈહ જોગી(ગ)
ધ્યાન ધરણાં, આસનહુ કરણા, દેસી બંછિત ભોગા(ગ) ।।૧૮।।

ટબો:

પુ૦ અહો પુત્ર, બીજી કોઈનઈ સુખ તથા દુખ ઉપનો દેખીનઈ

મ૦ પોતાનો યોગ ધ્યાન મ મૂકીસ, હર્ષશોક ન કરીસ.

ધ્યાં૦ અહો ! યોગીશ્વર ધ્યાનનોં ધરવો અને આસનોન(ને) કરવો.

દે૦ તેહ જ તુઝનઈ વાંછિત સુખ દેસઈ (૧૮)

દેખિ પુત્ર દિ(ન) કરકી કર્ણા, (અહીં બીજું પદ લખાયું નથી)
યોગ લેઈ કછુ સાધન ન કીયા, તુઆલિ ભવભી ગમીઉ

ટબો:

દે૦ અહો પુત્ર, તું જોઈ જે દિનકર સૂર્ય સરિખા પ્રતાપી પણ (અહીં આ પંક્તિનો ટબો નથી, કારણ પંક્તિ લખવી ભુલાઈ છે.)

યો૦ એ સૂર્યને દૃષ્ટાંતે યોગમાર્ગ લેઈનઈ જો કોઈ સાધન કરણી ન કીધી તો

તુઆ૦ તો આલે સ્વાર્થ વિના પોતાને જન્મ ખોયો

પરવ મહોચ્છવ આસન કરણી, તહુ ખાણી મીઠાઈ ।
આસહથી મન વિકલ હોઈસી, જાસિ જોગ ઠકુરાઈ ॥૨૦॥

ટબો:

પ૦ પરબ લોકીક દીવાલી પ્રમુખ આવ્યાં તથા મહોછવ દસરા વો પ્રમુખ આવ્યો, આસ્યા ન કરવી

ન૦ અહો પુત્ર, મીઠાઈ મીઠી સુખડી ન ખાવી

આ૦ અહો પુત્ર, જો આસ્થા કરીસ તો તાહરુ મન વિકલ ફિકર ચંત રહસ્યર

જા૦ તે વિકલ્પપણે કરી, યોગની સાહિબી જાસ્યઈ (૨૦)

અરસ વિરસનો અકલ સમ કલસ, પેટ ભરી નહુ ખાણા ।
દેઉ ભાડા કાયા કેતાઈ, જું એ નો હિ અપમાણા ॥૨૧॥

ટબો:

અ૦ અહો પુત્ર, યોગીશ્વરને આહાર કરવો અરસ-વિરસ, લૂખો સૂખો દેહને ભાડા માત્ર કરવો પિણ અલક સમ કલસ ચોપડો મીઠો આહાર કરવો નહીં

પે૦ પેટ ભરી ખાવું નહીં

દે૦ કાયાને ભાડો દેવો, ભાડે દીધા પાખે શરીર ચાલે નહી

જું૦ જિમ જિહાં યોગીશ્વર માંહિ પુત્ર, તાહારો અપમાન ન હોઈ (૨૧)

અમરી વજરી રોધન કીતા, પવન પિંડ નવિ ધોઈ,
જિહવા ઇદ્રી વસિ નહુ કીત્રી, તે અજરામર કયુ હોઈ ॥૨૨॥

ટબો:

અ૦ અમરી કહીયેં લઘુનીતિ અને વજરી કહીયે વડી નીતિ રુધી નહી

પ૦ અને હે પુત્ર, પવન કરી નૈ પોતાની દેહ ધોઈને નિર્મલ કીધો નહીં, પવન સાધના કીધી નહી.

જિ૦ અને જીભ વસિ નથી એતલે જીભનો સ્વાદ ન જીત્યો.

તે૦ તે યોગ લીધો તો સ્યૂ થયો પિણ અજરામર પદ ન પામઈ (૨૨)

સનાંન દાંન તેહુ જ કરણી, જ્ઞાન, ધ્યાન, મનિ ધરણા ।
અઈસા યોગ ધાર તુ યોગી, જ્યું નુ હુંઈ આવાગમ{૨}ણા ।।૨૩।।

ટબો:

સ૦ સ્નાન અને દાન એ બે તેહુ જ નિત્યૈ કરવા તેહ કેહા.

જ્ઞા૦ જ્ઞાન અને ધ્યાન એ બેરૂ, સ્નાન અને દાન એ બે મનમાં નિત્યે ધરવા.

અ૦ એહવો યોગનો માર્ગ તૂ મનમાં ધરજે, હે યોગીશ્વર

જ્યુ૦ જિમ તુઝને ન હોઈ આવાગમન.

મન મેલચ્છડૈ સાહુ સનાનં, જીવ રાખઈ સો દાનં ।
જ્ઞાન તચ્ચં અસિંતર ધરણા, અઈસા બ્રહ્મજ્ઞાનં ।।૨૪।।

ટબો:

મ૦ મનનો મૈલ, કપટ, દ્રોહ ઇત્યાદિક છાંડવો તે સ્નાન કહીયે

જી૦ અનઈ જીવની રક્ષા કરિ જે દયા પાલીંઈ તેહ દાન.

જ્ઞા૦ અને જ્ઞાન તે કહીયૈ જે અસંતર તરત્વ (તત્ત્વ?) જ્ઞાન સમઝીયૈ.

અ૦ હે પુત્ર, એહવો બ્રહ્મજ્ઞાનનો સ્વરૂપ છંઈ (૨૪)

વઈરાગી તુ યોગ લેઈનઈ, અઈસી કરણી મનિ ધરજે ।
માંકડ કૂકડ સબહિ યોગિની, પહિલું એ પરિહરિજે ।।૨૫।।

ટબો:

વ૦ અહો પુત્ર, જો તેં વઈરાગ્યે કરી યોગમાર્ગ કીધો છંઈ તો હવે યોગ લેઈનિ

અ૦ એહવી કરવી નિય(ય)ય(મ) મનમી રાજ્યે (રાખ્યે)

માં૦ માંકડો પાપહારીયો મન અને કૂકડો ક્રોધ

પ૦ એ છૈ પ્રથમ પહિલૂં ત્યાંગ કરીનેઈ પછે કરણી કરજ્યે. (૨૫)

બ્રહ્મજ્ઞાન પુતા નિતિકા પઢણા, જોગ અઈસા લહીંઈ ।
શ્રી ભાગવત ગીતા શ્રવણે સુણીઈ, ગુરૂડે બોલે રહીંઈ ।।૨૬।।

ટબો:

બ્ર૦ હે પુત્ર, બ્રહ્મજ્ઞાન ભગવદ્‌ગીતા પ્રમુખ હવે સાંભણ(લ)વા ગુણવા

જો૦ યોગમાર્ગ એહ બોલે શ્રી૦ તે પ્રકટ પણઈ દેખાડઈ છઈ ભગવતગીતા કાને પડી પણિ સાંભલીનઈ ગુ૦ ગુરુનો વચન ઉથાપીઈ નહી. (૨૬)

કરણી કથણી એક જો હોસી તવ પામાસિ કેઈલાસં ।
કરણી કથણી જુદી પડેસી, એ તુ જોગ વિનાસં ।।૨૭।।

ટબો:

ક૦ હે પુત્ર જિવારૈ તાહરી હરણી અને કથણી-કહણી એ બૈ એક સ્યે એ તલે મનનો શલ્ય ટલસ્યે.

ત૦ તિવારૈ તૂ કૈલાસ કહતાં મુક્તિપદ પામીસઈ

ક૦ અને કરણી કહણી એ બે જુદી પડસ્યૈ એતલૈં મનનો કપરશીલ નહીં ટલે તો

એ૦ એહ તો યોગનો વિનાશ જાણજયો (૨૭)

જોગી હોઈ સો રાત ન ખાવેઈ, દીસે નીદ નહુ કરણી(ણા),
એક પિંડ માહોકધી ઊન ધરણા, એઈસી જોગ આચરણા ।।૨૮।।

ટબો:

જો૦ હે પુત્ર, યોગીશ્વર હોઈ તે રાત્રે જિમંઈ નહીં

દી૦ અને દિવસઈ નિદ્રા ન કરંઈ

એ૦ એક પિંડ જે ગ્રાસ માત્ર તે માંહિ કપડાહિ આહાર લેવો નહી.

અ૦ એહવા અતિ કઠિન યોગમાર્ગની આચરણી કમાઈ છંઈ (૨૮)

મુરગાની પરિ એક રીતિ, જોગી એણિ પરિ સોવિ ।
એકૈ આખેં નીદ્રુ જ કરણી, દુજિ કાલઉ જોવિ ।।૨૯।।

ટબો:

મુ૦ જિન સૂવાની વેલાયૈ કૂકડો પગ સંકોચીને સૂયૈ તિમ યોગીશ્વર પગ સંકોચીને સૂવૈઈ

જો૦ પિણ પગ લાંબા કરીનઈ સોવઈ નહી.

એ૦ એંકૈ આંખે નીદ્રા કરંઈ પણિ બૈ આંખ્યો મીચીને આધાર નિદ્રા ન કરઈ

દુ૦ બીજી આંખિ ઉઘાડી રાખિ કાલનિદ્રાથી જાગી ઊઠીને ધ્યાનાદિક કરવાનો કાલ જોતા રહૈ એહવી અતિ અજય નિદ્રા કરઈ (૨૯)

જતી જોગીકું તબ હી ચલણા જબ રાહ હોઈ ચાલતા ।
સુરજ કેરણે સબ કછૂ દીસંઈ, યોગી ભલા સૌ ફિરતા ।।૩૦।।

ટબો:

જ૦ અહો પુત્ર, જતી તથા યોગીને પણિ ત્યારે જ ચાલવો,

જ૦ જ્યારે માર્ગ ચાલતો થાઈ

સુ૦ સૂરજને કિરણે કરીનૈં સર્વ જીવજંતૂ નજરે આવે.

યો૦ યોગીશ્વરને ફીરતાં રહવઉં તે જ ગુણનો કારણ છઇં પણિ એક ઠામિં રહવોં ભલું નહી. (૩૦)

પુતા ક(કિ)સકી આસ નહુ કરણી, આસ ઘરણી જગદીસાએ ।
આસા છોડી ભયા ઉદાસા, સબ જુ(જ)ગ ઉ(સ)કા દાસા ।।૩૧।।

ટબો:

પુ૦ અહો પુત્ર, યોગીશ્વર નઈ કોઈ ગૃહસ્થાદિકની આસ્યા ન કરવી

આ૦ આસ્યા તો એક પરમેશ્વરની ધરવી

આ૦ એમ જે આસ્યા લાલચિ મૂકીને જગતથી ઉદાસ થયો એતલે વિરક્ત થયે

સ૦ સર્વ જગ તેહ મહાપુરુષનો દાસ છઇં (૩૧)

દામ દુનીઆકુ દુઃખ દેખલાવે, જોગી સોઈ ન રાખે ।
બાલે બૂઢેકું સુખ ઉપજાવિ, જોગી તઈસા ભાખઈ ।।૩૨।।

ટબોઃ

દા૦ દામ માલ ધન તેહ સંસારને દુખ દેખાડે. ધન એકઠોં કરવા નઈ પ્રાણી અનેક અનર્થ કરે છંઈ.

જો૦ જોગેશ્વર હોઈ તે તેહ ધનનઈ ન રાખઈ.

બા૦ બાલકને તથા ગરઢાને સાંભલીને સુખ ઉપજાવે પણિ અસાતા ન ઉપજાવે.

જો૦ જોગીશ્વર એહવો એહવો પ્રિય પથ્ય વચન બોલે. (૩૨)

કાહેકુ પુતા જટા વધાવે, કાહેકુ ભસમે લગાવિ ।
તબ તાંઈ તુઝ મુગતિ ન પાવે, જબ સમતા ભાવ ન આવિ ।।૩૩।।

ટબોઃ

કા૦ સ્યાને કાજે અહો પુત્ર જટા વધારઈ છંઈ?

કા૦ સ્યાને કાજે શરીરનઈ ભસ્મ ચોલઈ છંઈ?

ત૦ તિવાર લગે તૂ મુગતિ નહી પામે.

જબ૦ જિવાર લગઈ સમતા ભાવ નહીં આવે. શત્રૂ મિત્ર, નૃણમણિ એ સરખા નહી જણાઈ (૩૩)

વૈરા(રી) વલ્લભ જબ સમ લેખવીસિ, સોવર્ણ ત્રણા સમાન ।
દીનાનાથે ઈસા દેખલાયા, અઈસા બ્રહ્મજ્ઞાનં ।।૩૪।।

ટબોઃ

વૈ૦ અહો પુત્ર, પોતો(તે) વૈરી તથા વલ્લભ જે મિત્ર એ બે સમાન કરી લેખવસી નહીં,

સો૦ અને સોનોં તથા તૃણો એ બે સમાન કરી લેખવસી નહી,

દી૦ દીનાનાથ શ્રી ભગવાને એહવો માર્ગ દેખાડ્યો છંઈ.

અ૦ એહવોં બ્રહ્મજ્ઞાન જાણપણાનો સાર છંઈ. (૩૪)

સર્પની પરે સમુદા(ય)થી નાસઈ, નરગિ પાડિ સજનાં ।
ડાકણની પરિ સુંદરીથી અલગુ, જોગી એ ધનધનાં ।।૩૫।।

ટબો:

સ૦ જિમ કોઈક સર્પની દેખીનઈ વેગલો નાસે તિમ પોતાની નાતિ, જાતિ, કુટુંબથી વેગલો નાસ્યઈ,

ન૦ સજન તે નરગે પડવાની સામગ્રી છઈ

ડા૦ અનિ જિમ ડાકણિથી અલગા રહવાનાં કરે તિમ સ્ત્રીથી અલગા રહઈ.

જો૦ એહવો યોગીશ્વર હોઈ તે ધન છે. (૩૫)

યોગી હોય સો જુગતુ બોલઈ, પુઠિ મસ મહુ દૂખાવિ ।
આગલે...બહુત ગુણ દેખી, આપિ ઉચ્છા ભાવિ ।।૩૬।।

ટબો:

યો૦ યોગીશ્વર હોય તે જુગતૂં એતલે સાચૂ અનંઈ મીઠો, ગમતો, થોડો બોલઈ

પુ૦ પિણ માંસ જે પૂઠિ પાછલિ ભૂડોં બોલવો એતલે કોઈનો ભૂડો અવગુણ મર્મ ન કહઈ

અ૦ બીજાના ગુણ ઘણા દેખે. અવગુણ ત્યજી નંઈ ગુણ ગ્રહઈ,

આ૦ પોતે પોતાને ઉછો(ઓછો) ચિંતવે, પોતાના અવગુણ દેખે. (૩૬)

બડે તખત પંચ દિન રહિણા એક દિન રહિણા ગામિ ।
હજાર હાથ વસતીથી દુરિ રહિણા, ગિરિ આરામિ ।।૩૭।।

ટબો:

બ૦ મોટો તખત હોઈ સહર તિહાં યોગીશ્વરને પાંચ રાત્રિ રહવો.

એ૦ અને એક રાત્રિ છોટો ગામ હોય તિહાં રહવો.

હ૦ ગામની વસતી હોય તિહાંથી એક હજાર હાથ એતલે પાંચ ગાઉ વેગલા રહેવો.

૨૦ તે પણિ જિહાં પર્વતે તથા વનખડે એકાંતસ્થલ હોઈ તિહાં રહેવો. (૩૭)

મંત્ર, તંત્ર, ના જડીબુટી, અઘોરમંત્ર નહુ જવણા ।
ક(કિ)સહે ઉપરિ રોસ ન ઘરણા, જિમ તુહિ આવાગમણા ।।૩૮।।

ટબો:

મં૦ મંત્ર તથા તંત્ર તથા જડીબૂટી એ ઉષધ વૈદક ન કરવા.

અ૦ અને આઘોર મંત્ર કોઈ મૈલો મંત્ર તે જપવો નહી જેહથી હિંસ્યા ઊપજે.

ક૦ કોઈ ઊપરિ ક્રોધ કરવો નહીં.

જિ૦ જિમ સંસાર માહિ આવાગમન હોઈ. (૩૮)

અતિ ઉત્તમ આસનિ નહુ રહિણા, જિહાં રહિ મન મોહ મન પાવિ ।
રામા રામા રંગિ ગાવિ, જોગ અનુથી જાવિં ॥૩૯॥

ટબોઃ

અ૦ ઘણો બહુમૂલ્ય આસન જે થાનક તિહાં

જિ૦ જે થાનક માંહિ રહતાં મનમાંહિ (મોહ) પ્રકટ થાઈ

રા૦ રામા રામા અસ્ત્રી જે થાનકૈ રહતી હોય, ગાવતી બજાવતી હોઈ તિહાં ન રહવો.

જો૦ યોગમાર્ગ તેથી જાઈ. (૩૯)

ધોઈ ધ્યાઈ ચપલ ગતિ પાવિ, એમ જલ પઠાવિ ।
માયા મમતા દયા જુ નથી, સો સો(સા) ધક કહાવઈ ॥૪૦॥

ટબોઃ

ધો૦ શરીરનઈ જિમજિમ ઘણૂ ધોઈઈ થાઈ યે તિમ તિમ ચપલતા પૈ દાખાયે.

એ૦ (અહીં ટબો લખવાનું રહી ગયું છે. જો કે ઉપરમાં તે આવી જાય છે.)

મા૦ માયા, મમતા, કપટ જો તબ છૂટા નથી અને ચિત્ત માંહિ દયા વસી નથી

સો૦ તો કાંઈ ન્હાયે ધોયૈ સુધ થાઈ નહીં (૪૦)

સોઈ નાથ જસ દેસિ રહિવિં, દુખ સબ જીવિ દુરિ ।
મરકી અમર દુકાલ ન હોઈ, લોક સુખી ભરિપૂર ॥૪૧॥

ટબોઃ

સો૦ અહો પુત્ર, એહવો અનાથનો નાથ તેહ પુરુષ જે દેશને વિષઈ રહઈ.

દુ૦ તે દેશથી સર્વ દુખ દૂરે ટલે.

મ૦ તે દેસને વિષે મરકી ન થાયેં, સંગ્રામ, યુદ્ધ, દુકાલ દુર્ભિક્ષ ઇત્યાદિક ન થાઈ.

લો૦ તે દેસના લોક ઘણૂં સુખીયા થાઈ.

પુત્ર પઢ્યા સોઈ ગુણ જાણિ, મુરખ કચ્છૂઅ ન બૂઝિ ।
અંધે કુયા દેસ દિખલાવે, લાંબા ભલા ભ(ભૂ)ડ(ડા) ના સુઝઈ ।।૪૨।।

ટબોઃ

પુ૦ અહો પુત્ર, જે ભણ્યો હોઈ તે સર્વગુણ જાણે. અકાર્ય કાર્ય જાણઈ

મુ૦ પિણ મૂર્ખ પ્રાણી કાંઈ વિવેક ન જાણઈ.

અં૦ જિમ અંધિળાને આરસી દેખાડીયે વલિ

લાં૦ પિણ આંધલાને કાંઈ ભૂડો ભલો દીસંઈ નહી (૪૨)

દોઈ ધરમ દૂનીઆ મઈ પુતા, આસી એક નરાસી ।
સોઈ નિરાકીની નિજ મન રંજિ, નિતિ પાવઈ અભ્યાસી ।।૪૩।।

ટબોઃ

દો૦ અહો પુત્ર, બે ધર્મ સંસાર માંહિ છઈ.

આ૦ એક ધર્મ આસી છઈ અને બીજો ધર્મ નિરાસી છે.

સો૦ નિરાસી તે ધર્મ કહીઈ તે પોતાનો મનરંજન પોતાને મન નઈ જે સમજાવે.

નિ૦ લોકને રાજી કરવા બહુ વાદ ન કરે હંમેશાં શાસ્ત્રનો અભ્યાસ કરઈ. (૪૩)

દુજા ધર્મ આસીક {હિ}કહાવે, આપણા ગુણ દેખલાવિ ।
દુજેકા સબ ગુણ ચ્છિપાવી, સોઈ વિરૂઈ ગતિ જાવઈ ।।૪૪।।

ટબોઃ

દુ૦ અને બીજો ધર્મ આસીતે કહીયે.

આ૦ પોતાના ગુણ લોકને દેખાડે, લોકને રાજી કરઈ

દુ૦ બીજા પ્રાણીનાં ગુણ છઈપાવૈ, કોઈનો ગુણ ગ્રહે નહી.

સો૦ એહવો હોઈ તે માઠી ગતિ જાઈ (૪૪)

સુંદરી સોનિ વિ(ચિ)ત્ત ન દેવિ, સરખા આપ પીઆરા ।
ઠ(વ)સ્યા બીસમ્યા સબ દિન રહિવિ, સોઈ ગુરૂ હમારા ।।૪૫।।

ટબો:

સુ૦ સ્ત્રી તથા સોનામાં ચિત્ત દ્યે નહી. એતલઈ કનક કામિનીથી વેગલો.

સ૦ જેહને પોતાના અનઈ પિયારા બે સરીખા

વ૦ અનઈ સદા સર્વદા વસ્યા વીસમ્યા સાનદાન રહઈ પિણ ક્રોધ ન કરે.

સો૦ એહવા જો મહાપુરુષ યોગીશ્વર તે માહરો ગુરુ છઈ (૪૫)

મન સરીખા મિત્ર કો ન મલ્યા, અનિ ચિત સરીખા ચેલા ।
જ્ઞાન ગોષ્ટિ સરખા ગુરુ ન મલ્યા, તેણઈ ગોરખ ફરઈ એકલા ।।૪૬।।

ટબો:

મ૦ જે મનને કેડે ચાલઈ એહવો કોઈ મિત્ર મિલ્યો નહી.

અ૦ અને ચિત્તતો ચિંતવ્યો જાણેંઈ ગાયાગાર સપન્નં ચેલો ના મે(ગ)લ્યો

જ્ઞા૦ અને જ્ઞાન ગોષ્ટિ કીજે અહેવો કોઈ ગુરુ પિણ મિલ્યો નહી

તે૦ તે માટઈ શ્રી ગોરખનાથ એકલા જ ફિર્યા. (૪૬)

જે ઘરિ રહેઈ, કોઈ દુખ પાવેઈ, જોગી તિહા ન રહિવિ ।
પ્રાણ જાતા જુઠ ન બોલઈ, સાચા હોઈ સો કહિવિ ।।૪૭।।

ટબો:

જે૦ જે ઘર રહતાં કોઈ પ્રાણી દુખ પામઈ,

જો૦ યોગીશ્વર તિહાં રહઈ નહીં

પ્રા૦ કદાચે પ્રાણ જાઈ તો પિણ મિથ્યા ન બોલઈ

સા૦ સાચો જિમ હોઈ તિત કહઈ (૪૭)

ભાગિ અફીમ અમલ નહુ ખાવિ, રહિવિ એકિ ધ્યાંનિ ।
આહાર નીહાર અલપ કરિનિ રમઈ સો બ્રહ્મજ્ઞાનિ ।।૪૮।।

ટબોઃ

ભા૦ ભાગિ અફીમ જૈથી અમલ ચટાવ થાઈ તે વસત ન ખાઈ.

ર૦ એક ધ્યાનને વિષઈ સ્થિર રહઈ.

આ૦ આહાર અલ્પ કરઈ અને નીહાર મલ માત્ર તે પણિ અલ્પ કરઈ

ર૦ રમી રહે બ્રહ્મજ્ઞાનને વિષૈ (૪૮)

ચેલા સોઈ ચિતિ ચાલઈ મનિ ચાલઈ સો મિત ।
કહિણી રહિણી સરખી ગુરુ જે, હોસી-સુખ અનતો ।।૪૯।।

ટબોઃ

ચે૦ ચેલો તો કહીયે જે ગુરુને ચિંતે ચાલઈ એહવો ચેલો ચાલઈ તે ચેલો.

મ૦ મનગમતો ચાલે તે મિત્ર કહીએ.

ક૦ અને કહિણી રયણી બૈ સરીખી હોઈ તે ગુરુ કહીયૈ

હો૦ જે ગુરુ સેવ્યાથી અનંત સુખ હોઈ (૪૯)

અઈસો જોગીકે પાય પખાલુ, આદેસ અનુકા કરણા ।
ગ્રાસ એક અનુકુ દીજે, તબ સ(સં)સાર ન ફરણા ।।૫૦।।

ટબોઃ

અ૦ એહવા યોગીશ્વરના પગ ધોવવા

આ૦ તેહનો કરણ(?) પણ કરવો

ગ્રા૦ એક ગ્રાસ માત્ર પણિ તેહને દીજીક

ત૦ તો સંસાર માંહિં ફિરવો ટલેઈ (૫૦)

નરનારીકે સંગ ભયા તબ દુજા ચિત્ત ન કીતા ।
અલપ સરીખા સુખ સબ દેખ્યા, જાણિ સંસાર સબ જીતા ।।૫૧।।

ટબોઃ

ન૦ પુરુષ સ્ત્રીનો સંજોગ થયો તિ વારઈ

દુ૦ બીજો ચિંતન વિચાર કીધો

અ૦ સર્વ બીજા તે અલ્પ કરી જાણ્યા અથ એ કામસુખ અલ્પ થોડા કાલનો

જા૦ પિણ અજ્ઞાંની પ્રાણી જાણેં મઈ સર્વ જગ જીત્યો એહવો સુખ વિલસ્યો. (૫૧)

નરનારી દોઈ પ્રીતિ ભઈ, જબ કોઈ કોણિ સેહલાયા ।
જઈસા કરમ કીઆ હુઈ બાબૂ, લઈસા પિંડ બંધાયા ।।૫૨।।

(અહીં કડી નં. ૫૨ને બદલે ૫૩ લખેલ છે પણ મેં અહીંથી સુધારીને લખેલ છે.)

ટબોઃ

ન૦ પુરુષ અનઈ સ્ત્રીનઈ પ્રીતિ થઈ.

જ૦ વિચરઈ કોઈ કોઈ નઈ કર્મથી મુકાવી ન સકઈ તે માટઈ

જ૦ જેહવાં કર્મ કીધાં હોઈ તે પ્રાણીનઈ હે પુત્ર,

ત૦ તેહવો પિંડ સરીર બંધાણો. નર નારી નપુંસકપણું પામ્યો. (૫૨)

હતુએ હલુએ જ બંધણિ જ લાગા, અનકી પુગી આસા ।
ઊંધિ મસ્તકે એ દુખ સહિવિ, ભોગવિઉ ગરભાવાસા ।।૫૩।।

ટબોઃ

હ૦ થોડે થોડેઈ ગર્ભમાં વધવા માંડ્યો.

અ૦ માતપિતાની આસ્યા પૂરણ થઈ એતલઈ માતપિતા તો રાજી થયા.

ઊં૦ પિણ ઉધૈ મસ્તકેં ઊપનેં પ્રાણી દુખ સહઈ

ભો૦ ગર્ભાવાસ ભોગવે. (૫૩)

માય, બાપ, બહિનેં, ભાઈ, એહ મલ્યા સહુ મેલા ।
આપ આપણિ કામિ લાગા, એહિ રહ્યા એકોલા ।।૫૪।।

ટબોઃ

મા૦ માતપિતા તથા બહિન તથા ભાઈ.

એ૦ એહ સહુ મેલો મિલ્યો છઈ.

આ૦ સહુ પોતા પોતાને કામૈ સ્વાર્થે વિલગા છઈ.

એ૦ પિણ આખરિં પ્રાણી એકલો રહ્યો, પૂર્વકૃત ભોગવઈ (૫૪)

ભલા કીઆ તે બહુ સુખ પાવિ, દુખ પાવિ બહુ પાપી ।
ભોગવિ કરણી આપ આપસકી, કાહે ચલઈ માય બાપિ ।।૫૫।।

ટબો:

ભ૦ જે પ્રાણી પૂર્વે ભલા પુણ્ય કરીને અવતર્યા છઈ તે ઘણો સુખ પામે.

દુ૦ દુખ પામે તે જેણે ઘણા પાપ કીંધૂ હોઈ.

ભો૦ પોતે પોતાના કીધી કમાઈ ભોગવઈ

કા૦ સ્થાને કાજે માબાપને દોસ દીજઈ.

એહી ઠોરઅ તુહીકું પ્યારા, જિસ ઠોરથી આયા ।
નાથ નિરંજન અઈસા દેખલાયા, ગોરખનાથે બુઝવાયા ।।૫૬।।

ટબો:

એ૦ તે જે ઠોર તેહનેં પ્યારી લાગે લે છઈ.

જિ૦ જિસ ઠોરથી આવ્યો, પેદા થયો, તે જ ઠોર વાલો લાગઈ છઈ.

ના૦ નાથ નિરંજનનઈ ઐસા એહવો દેખાડ્યો.

ગો૦ શ્રી ગોરખનાથે એ માર્ગ સમજાવ્યો છઈ (૫૬)

અઈસા દેખિ કરિ જોગી, જોગ રહિણા એકિ ધ્યાનિ ।
ભરથરી ઊજલ ફદ્ધૂક તણી પરિ, રમણાન્ન મગનાનિ ।।૫૭।।

ટબો:

અ૦ એહવો સંસારનો સ્વરૂપ દેખીને કરી યોગી તથા યોગિણી.

ર૦ રહે એક ધ્યાનેં નિશ્ચલ ચિત્તપણે પ્રવર્તે.

ભ૦ જિમ રાજા ભરથરી રાજ મુકીને યોગી થયા પછે ફિક પાષાણના પપૈરઈ ઉજલ નિર્મલ વિચર્યા પણિ આત્માનૈં પાપપંકઈ કરી લેપન કીધો.

૨૦ તિમ ભરથરી યોગીની પરેં બ્રહ્મગ્યાનને વિષઈ રમી રહ્યો. (૫૭)

જોગ મારગ દેખલાયા બાબા, જો તુમ જાણો સાચા ।
તુમ્હો ચલાવઉં તિમ હુ ચાલુ, એહ માહરી બા(વા)ચા ।।૫૮।।

ટબોઃ હવે શિષ્ય ગુરુ પ્રતિ કહઈ છઈ :-

જો૦ અહો બાબાજી, તુમો યોગમાર્ગ મુઝને દેખાડ્યો.

જો૦ જો યોગમાર્ગ સત્ય કરી જાણો છો.

તુ૦ આજથી તુમે ચલાવો તે માર્ગે હું ચાલું.

તિ(એ૦) એહવા તરો વચન છે (૫૮)

મનમોહનિ ઈંદ્રી જિહવા, એહ ચ્યાર ઠોરિ હિવિ ।
પાકે દિલ પકડનિ રાખિ, સોઈ પરમ પદ પાવિ ।।૫૯।।

ટબોઃ

મ૦ મન, મુખર, અનઈ ઇંદ્રી જે લઘુનીતિના ચોડ અમે જીભ ૪

એ૦ એહ ચ્યાર ઠામિ રાખઈ વસિ કરઈ.

પા૦ પાકદિલ યોગી છે તે પોતાનુ દિલ પકડનઈ રાખઈ

સો૦ જે દિલ જે મન વશિ કરઈ તે પરમ પદ મુક્તિ પામઈ. (૫૯)

માસ પાખે કોઈ મુડ મુંડાવેં, કોઈ બાલ ઉચાવિ ।
તબહી તાઈ નહિ શિવપદ પાવિ, જબ મન દહો દીસ ધાવિ ।। (૬૦)

ટબોઃ

મા૦ કોઈકનો મહી પાખૈ નઘૈ ઉતાવલો ઉતાવલો માથો મૂંડાવર.

કો૦ વલી કોઈક માથાના કેશ ઉપાડી નાંખાંઈ છઈં.

તબ૦ પિણ ત્યાર લગઈ શિવપદ મુક્તિપદ નહી પામેં

જ૦ જિવાર લગઈ મન દશ દિશાપે દોડે છે, વશિ કીધા નથી. (૬૦)

પઢેકી પરતીત ન આવિ, અગલેકુ સમઝાવિ ।
ઉરનકુ વઈકુંઠ દેખલાવિ, આપિ જમપુરી જાવિ ।।૬૧।।

ટબો:

પ૦ કેટલાઈક શાસ્ત્ર ભણે છે પિણ તે શાસ્ત્રની પ્રતિતી મનમાંહૈ ન આપઈ.

અ૦ બીજાને ધર્મમાર્ગ સમઝા,

ઉ૦ તેથી જાને તૌ વૈકુંઠમાર્ગ દેખાડે,

આ૦ અને પોતે યમલોક દુર્ગતિ જાય પામઈ (૬૧)

ગાણા બાણા લોક બુઝાણા, એ સબ પેટ ભરાઈ ।
એ તો કરતે મૂએ બપડે કૂનિ મુગતિ ન પાઈ ।।૬૨।।

ટબો:

ગા૦ ગાવવો ને બજાવવો અને શ્લોક ભણીને, શાસ્ત્ર ભણીને બીજાને સમઝાવવો.

એ૦ એ સર્વ પેટ ભરાઈ છે પિણ કોઈ મુગતિનો ખામુ નથી

એ૦ એહવી વિટંબના કરતાં કરતાં કેટલાએક બાપડા મરી ગયા પણિ અરથ સરયા નહિ.

કૂ૦ પિણ તે મુગતિ ન પામી

મુગતિ પાવિ તો આપથી પાવિ, કસકી દીઈ ન આવિ ।
મહિર ખઈરિ બહુત વડ કથી પાવે તો અનથી પાવિ ।।૬૩।।

ટબો:

મુ૦ જો મુગલિ પામે તો પોતાની કમાઈથી પામઈ.

ક૦ કોઈ બીજાની આપી ન આવઈ

મ૦ મહર ને દયા અને ખેરતે દાન એ બૈને સર્વ કરણીથી મોટી કરણી છે.

પા૦ મુગતિ પામ તો દયાદાનથી પામઈ (૬૩)

જોગી જોગ જુગતિ ચલાવિ, રખે રોસ થઈ આવિ ।
સુંદરી સોનિ ચિંતન દેવી, જોગ દેખતા ગમાવે ।।૬૪।।

ટબો:

જો૦ જે યોગીશ્વર હોઈ તે પોતાના યોગ યુગતિ ચલાવિ.

ર૦ જાણે જે રખે મુઝને રોસ ક્રોધ થઈ આવઈ.

સું૦ સ્ત્રી અને સોના ઊપરિ ચિત્ત ન ધૈ,

જો૦ જો ચિત્ત ધે તો યોગમાર્ગ દેખતાં દેખતાં ખોઈ બેસશે. (૬૪)

જોગી જોગ ગમાવિ પુત્રા, તો ક્યું સદ્‌ગતિ પાવિ ।
મુંડ મુંડાવિ ફિરિ સો ફોકટ, જડ્યા ધામ સોહાવિ ।।૬૫।।

ટબો:

જો૦ જે યોગીશ્વર પોતાનો યોગમાર્ગ ખોવે અહો પુત્ર

તો૦ તે કિમ સદગતિ પામઈ

મું૦ માથો મુંડાવીનઈ ફોકટ ફિરે છે એ કારે કોઈ આત્મકાર્ય થાવો નથી.

જ૦ જડ્યો ધામ જે ઘર તે સુહામ. (૬૫)

જડે ધામ સો લોક પતીત જાણઈ, ઉસ થૈ મિલૈ મીઠાઈ ।
મુરખ મનસુ સોઈ ન બૂઝઈ, ઉ મુઝ દોજક દોઈ ।।૬૬।।

ટબો:

જ૦ જે થાનક જડી કમાડ દેઈ માહે પોતે બેસી રહે લોકને પઈસદાન દે તે પિણ લોકે પ્રતીતિ ઉપજાવવા કરે

ઉ૦ તે લોકને પ્રતીતિ ઊપજે જે એ ભલો અતીત છે તેથી મીઠો ખાવાને મિલઈ.

મુ૦ મૂર્ખ અજ્ઞાની મનથી કોઈ ઈમ ન જાણતો.

ઉ૦ એકટ કરીને મીઠો ખાવો તે મુઝને દુર્ગતિનો સાધન છે. (૬૬)

પ્યાત્ર (૨) કરિ કોઈ ભિખ્યા દેવિ, જોગી બહુત ન લેવિ ।
ઘોસાઘુસી સોઈ ન પઈસઈ, યોગી જંગલ સેવિ ।।૬૭।।

ટબો:

પ્પા(ઘા?)૦ જે કોઈ ગૃહસ્થ ઘણે હેતે કરી ભિક્ષા આપે તો

જો૦ યોગીશ્વર હોઈ તે ઘણો ન લ્યે

ઘો૦ પિણ ઘુસાઘુસી ઘણા ગૃહસ્થાદિ કને ભેલો સૂયૈ રહઈ નહીં

યો૦ યોગીશ્વર હોય તો જંગલ વનખંડ સેવઈ (૬૭)

દામ દુનીઆ જાણી મેરી, સોઈ કહાંકા જોગી ।
પેટ કે તાઈ મુડ મુડાવિ, કરિ કુતા જિમ રોગી ।।૬૮।।

ટબો:

દા૦ ધન તથા કુટુંબ મિત્રાદિકને પોતાના કરી જાણે.

સો૦ તે સ્યાનો યોગી કહીયે ?

પે૦ પેટ ભરવાને અર્થે માથો મુંડાવઈ

ક૦ પછે જિમ રોગી કો સા કાનનો કુતરો ફિરે તિમ ઘરિ છરિ ફિરઈ (૬૮)

યતી જોગી, કાપડી, સંન્યાસી, ઉહ રાહો જેય વ(ચ) લાવિ ।
ગુરુકા દાસ ગરીબા બોલઈ, સોઈ પરમપદ પાવિ ।।૬૯।।

ઈતી શ્રી યોગપાવડી સંપૂર્ણઃ ।।

ટબો:

ય૦ યતિ, યોગી તથા કાપડી તથા સંન્યાસી

ઉ૦ એહવો માર્ગ જેહ ચલાવે.

ગુ૦ ગુરુનો દાસાનદાસ ગરીબદાસ કવીશ્વર એમ કહઈ છઈ.

સો૦ તેમહા પુરુષ યોગી યતિ કોઈકોને પરમ પદ પામઈ.

ઈતી શ્રી યોગપાવડી સંપૂર્ણઃ ।।

(આની નીચે આપેલું લખાણ):-

(આ લખાણ નાના-મોટા અક્ષરોમાં તથા છૂટા છૂટા અક્ષરોમાં અને પાંચ લીટી પછી જાણે બે ભાગમાં વહેંચાયેલું હોય તેવું અવાચ્ય જેવું લખાણ છે જેને ઉકેલવાની તથા તેના અર્થબોધ માટેની મારી સમજ પ્રમાણેની કોશિશ કરી છે તે નીચે પ્રમાણે છે:)

૧ શ્રીરિ વિતરાગા નમઃ/જંબુદિપમો જસએ વેજ્ઞી મુનીવર આર્યસુહસ્તીકુણ એક અવસરીઉ જે-

૨ ણિ સમોસરાએ ચરણ કરણમધાર ગુણમણિઆગર બહુપરઈ પરિવરુએ વન, વાડી, વિશ્રામ

૩ (આ લીટીના હાંસિયામાં 'શ્રી રવિ' લખેલ છે. પછીનું લખાણ હાંસિયા બહારનું છે.) લેઈ તિહા રહા દોઈ મુનીવર નગર પછ ઠ ઠ ઠ ચ ગણમણિઆર બહુ પરમુ

૪ ભદરને ઘર અ વસ કથ ધરુ દટ જસ કબ મહ પયઝ

૫ દખ સવ પહ જય મછો(હો?) દયશ્રી

૬ કપ જમબુ સહ માછાબોઈ સોપમ ગુથ

૭ કઝ ૬૭ સસુ વચ ભત તમ મસજ
(અહીં વચ્ચે જગ્યા છોડીને જે લીટી મળે છે તે) રુકમ પદ હઠ પર

૮ વ પસ છટ ત

(પ્રસ્તુત લખાણ બોડિયા અક્ષરોવાળું અને ક્રમબદ્ધ લખાયું નથી. પણ જે ઉકેલ્યું છે તેને આધારે જંબુદ્વીપમાં જ્ઞાની આર્યસુહસ્તિજી જંગલમાં વિશ્રામ કરી, તે જંગલમાં બે મુનિવરો રહ્યા અને અન્ય ૬૭ શિષ્યો સાથે શ્રી રવિ નગરમાં પરમુ ભદરને ઘેર રહ્યા છે. અન્ય લખાણ સમજાયું નથી.)

નાકરકૃત રામાયણની શ્રવણકથા

રાજેશ પંડ્યા*

શ્રી रामरक्षास्तोत्रનો પહેલો શ્લોક છે :

चरितं रघुनाथस्य शतकोटिप्रविस्तरम् ।
एकैकमक्षरं पुंसां महापातकनाशनम् ॥

चरितं रघुनाथस्य એટલે રામચરિત્ર. રામની કથા. રામાયણ. રામકથા शत कोटि છે. शतकोटिप्रविस्तरम् દ્વારા રામકથાની વ્યાપકતા અને વિવિધતા સૂચવાય છે.

ભારતની લગભગ બધી જ બોલાતી અને લખાતી ભાષામાં રામકથાની સમૃદ્ધ પરંપરા છે. મધ્યકાલીન ગુજરાતી ભાષામાં પણ ભાલણથી ગિરધર સુધીના કવિઓએ રામકથા આધારિત વિધવિધ કૃતિઓની રચના કરી છે. એમાંના એક કવિ નાકર [ઈ૦ ૧૬મી સદી] છે.

કવિ નાકર ગુજરાતી આખ્યાનકવિતાના એક વિલક્ષણ સર્જક છે. પ્રેમાનંદ કરતાં લગભગ દોઢસો વરસ પહેલાં, વડોદરાના જ આ કવિએ આખ્યાનની સ્વરૂપ સંરચના અને આખ્યાનની કથા સામગ્રી બંનેમાં વિશિષ્ટ પ્રદાન કર્યું છે.

નાકરનાં આખ્યાનોની કથા સામંગ્રી ત્રિવિધ છે.

૧. પૌરાણિક આખ્યાન કૃતિઓ : હરિશ્ચન્દ્રાખ્યાન, ધ્રુવાખ્યાન, લવકુશ આખ્યાન, મોરધ્વજ આખ્યાન, વીરવર્માનું આખ્યાન, સુધન્વા આખ્યાન, ચન્દ્રહાસ આખ્યાન, અભિમન્યુ આખ્યાન, કર્ણ આખ્યાન, નળાખ્યાન, ઓખાહરણ, શિવવિવાહ વગેરે.

૨. મહાભારતનાં પર્વો : આદિપર્વ, સભાપર્વ, આરણ્યકપર્વ, વિરાટપર્વ, ભીષ્મપર્વ, શલ્યપર્વ, ગદાપર્વ, સૌપ્તિકપર્વ અને સ્ત્રીપર્વ.

૩. રામાયણ.

નાકરનું 'રામાયણ' [રચના : સં૦ ૧૬૨૪/ઈ૦ ૧૫૬૮] લગભગ સવાસો કડવાં અને પાંચેક હજાર કડીઓનો વિસ્તાર ધરાવે છે. આ રામાયણ હજી અપ્રગટ છે. તેની બે હસ્તપ્રત મળે છે.

'સ્વાધ્યાય' – પુ. ૬૦, વર્ષ ૨૦૨૩, પૃ. ૧૩૭–૧૫૧. ISSN 2250-0391

* ગુજરાતી વિભાગ, ફેકલ્ટી ઓફ આર્ટ્સ, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, M: 9664733710

૧. ગુજરાત વિદ્યાસભા, અમદાવાદની હસ્તપ્રત [ક્રમાંક:૧૫૯૪]

૨. ડાહીલક્ષ્મી લાઇબ્રેરી, નડીઆદની હસ્તપ્રત [ક્રમાંક:૯/૧, ગુ.૧૨૫/૧,૬૪૫/૧,૧૬૦૦૪૪૬-૧]

આ બંને હસ્તપ્રત તૂટક છે. ગુજરાત વિદ્યાસભાવાળી હસ્તપ્રતની સરખામણીમાં ડાહીલક્ષ્મી લાઇબ્રેરીની હસ્તપ્રત જૂની જણાય છે. જોકે તેનાં આરંભનાં (વચ્ચે-વચ્ચેનાં અને અંતનાં) પાનાં મળતાં નથી.

ડાહીલક્ષ્મી લાઈબ્રેરીવાળી હસ્તપ્રત પંદરમા પાને (બાલકાંડના) છઠ્ઠા કડવાથી શરૂ થાય છે. એ કડવાથી જ આ ગુજરાતી રામાયણના કથાકથનની વિશિષ્ટતા જણાઈ આવે છે. એકવાર અંજનીમાતા હનુમાનને પૂછે છે : 'કોહો પુત્ર તમો સિ દૂબલા, સી ચંતા તમ વીર...' ત્યારે હનુમાન કહે છે : 'એક ક્ષણ મુજનિ રામવિયોગ તેણ દૂબલું હું આઈ.' આવો ઉત્તર સાંભળીને અંજની, હનુમાનના જીવને શાતા વળે તે માટે રામકથા સંભળાવવા કહે છે. રામકથાના વક્તા અને શ્રોતા તરીકે, પુત્ર અને માતાની આ કથનપ્રયુક્તિ ઘણી આકર્ષક છે. શ્રીમદ્ ભાગવતમાં પણ એ યોજાઈ છે. શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધમાં કપિલમુનિ, માતા દેવહૂતિને ભક્તિયોગનું જ્ઞાન આપે છે.

વર્તમાન સમયમાં રામકથાના વક્તાઓ 'આઈએ હનુમંત બિરાજીએ, કથા કહુ મતિ અનુસાર...' એ સાખીથી હનુમાનજીને કથાશ્રવણનું નિમંત્રણ આપે છે. હનુમાનજીને જેમ રામકથાનું ગાન તેમ રામકથાનું શ્રવણેય અતિ પ્રિય છે. જ્યાં જ્યાં રામકથા થાય છે ત્યાં ત્યાં હનુમાનજી કોઈને કોઈ સ્વરૂપે અચૂક ઉપસ્થિત હોય જ છે એમ શ્રદ્ધાપૂર્વક માનવામાં આવે છે.

ગોસ્વામી તુલસીદાસના શ્રીરામચરિતમાનસ પ્રમાણે ભગવાન શિવ રામકથાના આદિ રચયિતા છે [रची महेस निज मानस राखा] એ પછી શિવ, ઉમાદેવીને રામકથા ગાઈ સંભળાવે છે. ત્યારે તે રામકથાના વક્તા છે. આ જ ઉમામહેશ્વરને કુંભજ ઋષિ રામકથા સંભળાવે છે ત્યારે તે શ્રોતા છે. આમ ભગવાન શિવ રામકથાના વક્તા અને શ્રોતા બંને છે. હનુમાન પણ રુદ્રાવતાર છે. એ ન્યાયે, શિવની જેમ જ, હનુમાનજીમાં રામકથાના વક્તા અને શ્રોતા તરીકેની વિશેષતા ઊતરી આવી હશે. પરંપરામાં રામચરિત્રના ગાયક તરીકે હનુમાનજીનો વિશેષ મહિમા છે. આ પ્રણાલિકાનો નાકરકૃત રામાયણમાં કળાત્મક વિનિયોગ થયો છે.

કવિ નાકર, રામાયણના કેટલાય કથાપ્રસંગોમાં પણ રસકીય ફેરફાર કરે છે. વાલ્મીકિ 'રામાયણ'ના કથા પ્રસંગોની સાથે સાથે નાકર, ગુજરાતના જનસમૂહમાં પ્રચલિત પ્રાદેશિક લોક રામાયણનાં કથાનકોએ પણ સાંકળે છે. નાકરકૃત રામાયણની પ્રાદેશિક વિશિષ્ટતાના ઉદાહરણરૂપે અહીં શ્રવણકથા [કડવું:૬ , કડી:૧૩ થી કડવું:૯]નો પાઠ ડાહીલક્ષ્મી લાઇબ્રેરીની હસ્તપ્રતને આધારે પ્રસ્તુત છે.

કડવું : ૬

સરયો તીર નગર અજોધ્યા દશરથ રાય ઉદારિ;
પ્રજાપાલ[ક] પવિત્રી પણ ન સુખિઆ વર્ણ અઢારિ. ॥૧૩॥

ગજ, રથ, અશ્વ નિ છે સબિકા, પાયક દલ નહીં પારિ;
કર આઉધ કિરિ કર્મ ક્ષત્રી શીલવંત સર્વ આચારિ. ॥૧૪॥

બ્રાહ્મીણ, ક્ષત્રી[ય], વૈ[શ્ય], ક્ષુદ્ર કહીએ, ચાલ કુલ આચારિ;
બાંધ્ય નામ્ય પુરુષ જાણી (?), માર સોગઠી સારિ. ॥૧૫॥

બહુ પ્રધાન પુરા પનુતા ભલા તેહનાં ગ્નાન;
વશિષ્ટ ગુરુ ભલી વિધિ જેહના પ્રભુરાય જજમાન. ॥૧૬॥

સુખ લીલા, કીર[તિ] અતિ સુંદર, ઘણી ઘેર પટરાણી;
ત્રણ શત માંહ ત્રણ્ય અતિ વલભિ પ્રસિધ્યંત કહવ રાણી. ॥૧૭॥

કૌશલ્યા, કિઈકૈ, સુમિત્રા, માહા રૂપ અપારિ;
સતીમાંહ તે અતિ શિરોમણિ જાણ, પુન્ય વિચારિ. ॥૧૮॥

અનેક રિધ્યસિધ્ય દેખીન દશરથ ચંતાતુર હોય;
સકલ સુખ અધિક જાણવું પુત્ર નહીં માહારિ કોય. ॥૧૯॥

એક વારનિ સમિ તે ભૂપત્ય ઘોડિ થઆ અસવારિ;
સે[ન્ય], સેવક કોઅ નહીં રે સાથે, આવ્યા વંન મઝારિ. ॥૨૦॥

થઈ નિશા પડા વંન્ય ભૂલા સ્થ્યિર(?) રહા ભુપાલ;
પંપાસર દેખી નીર નિરમલ, પોયેણ્ય પુષ્પ વિશાલ. ॥૨૧॥

નાનાવિધિનાં સાવ્યજ બોલ ફલાં વૃક્ષ સેહકારિ;
ચતુર ચકિત ચિત્ય ધરીન રક્ષા કરિ તેણી વારિ. ॥૨૨॥

કહ કપિ સુણિયે, તાં સ્વામી રાય આવ્યા વંન મુઝારિ;
જલ અર્થ આવિ જે પ્રાણી ન કર કહીની કનવારિ. ||૨૩||

શાંતા નામિ એક જ નર નારી ચક્ષુ રહિત તંન્ય તેહ;
પ્રીત્ય ભલી પુરષોતમ ઉપિર, સદા નિર્વતી નેહ. ||૨૪||

ક્રૌંચ પક્ષીનું શોક જાણીન આણી મન્ય અતિ રંગ;
પર વેદ[ના] વ્યલાપ ન જાણ્યું રુત્યે મ્યલિઆં તે રંગ. ||૨૫||

તેહન સુત હવો એક સુંદર, સરવણ ઘરીઉં નામ;
પાંચ વરસ લિગ[લાડ] લડાવ્યું, અતિ વિદ્યા ભણાવ્યું ધામ્યિ. ||૨૬||

કડવું : ૭

માતપિતાય વિહિવા કરું, સાવ્યત્રી પરણી ઘિર આવ્યું;
રૂડાના કુલની વહુઅર પામિઓ રે... ||૧||

સકલીણી પરણી ઘર ઘરુણી કહ સરવણ તેણી વારિ;
મુજ માતપિતાની ભગત્ય કરે તું, એ ફલ સ્વપન સંસારિ. ||૨||

અહેવાં વચન શ્રવણે સાંભલીન બોલ મધુરી વાણી;
તમારિ માયેબાપે હું વાહી અણાવી, અંધ દુષ્ટ એ પ્રાણી. ||૩||

વ્યતાં કરું એ મનમાં નાણ, વાંક કાઢી દ્દિ ગાલ;
એ જીભારાની જીભ ઉપડી, માહારિ પિહર મુન વાલ. ||૪||

જે જે [જોઈ]અ તે ત્યાંહાં આપશ, આપણ આંહાં શું કાજ;
લોકરિહતે સંગત્ય રહતાં સાંહાની નિગમું લાજ. ||૫||

કામ્યની વચન સુણી કિહ શ્રવણ, એમ કહતાં હોયે પાપિ;
સુખી સાસરિ સુ કીજ રે, દુલભ છ માયબાપ. ||૬||

મુજ તણી આશાય બઠાં, એહનિ છેહ કયમ દીજ;
આપણાં માતપિતા દુઃખિ પામ તેહ કામ શું કીજ. ॥૭॥

સાવ્યત્રી કિહ સુણિયે સ્વામી હું તાં જન્મ જ હારિ;
મુજપિ સેવા હવડાં કરાવિ, કંમ ચાલ તું ત્યારિ. ॥૮॥

નાંખ કુઅ એ માતપિતાનિ, ચાલ મુજ મહિયેર જૈયે;
કરું ભગત્ય ભલી પિરિ તાહારી, સંસારનાં સુખ લહીયે. ॥૯॥

શામાવચન સુણી કિહ શ્રવણ, શું બોલાં મુખિ આલ;
અબલા માટિ રહું છું સાંખી, હવડાં આણેશ કાલ. ॥૧૦॥

આવી મહિયેર સુંપું તાહારિ, તુજથી ..... ન હોયે;
મન સંઘાત્ય જોઉં વિમાસી નહીં આભ્યંતર કોયે. ॥૧૧॥

ચાલું સાસર તેડી સુંદરી આ પુત્રી તમ લીજ;
મુજ માતપિતાન કૂઆમાં નાંખ તે સ્ત્રીન શું કીજ. ॥૧૨॥

પછ શ્રવણે ભગત્ય આદરી જાણું તીર્થ કરાવું;
દશ મસવાડા ઉદર જ વૂહા, જન્મવેદના વામું. ॥૧૩॥

ભલા વાંસ તા સુધ જ આણી, બરડકને ઘર જાયે;
ભલી કાવડિ કરે તું ભાઈ બિસ તાતિ ન માયે ॥૧૪॥

પ્રથવી પરદક્ષણા તેણ માંડી, નિત્ય ભજન હરિ ધાંન;
તેણ સરોવર આવી ચઢિઆ જાંહાં રાખિ છ રાજાંન. ॥૧૫॥

અધં નિશાયે થયાં તે તરસ્યાં, કિહ અંધ મુખ વાણી;
માહાવનમાં જુઉ રે કુંઅર લ્યાવું કયહીંથું પાણી. ॥૧૬॥

હા, સ્વામી જોઉં સનમુખ પંખી શબદ તણી વારિ;
અનેક વૃક્ષ, પુષ્પ તે પ્રેમલ, હોય નીરનું ઠારિ ॥૧૭॥

વટવૃક્ષિ કાવડ વડ વલગાડી, કુશલ રક્ષા તાત;
ચાલું નીર લેવાન કુંઅર ગ્રહી કમંડલ હાથ. ||૧૮||

કડવું : ૮. રામગ્રી

એણીપિર બોલ શ્રીહનુમાનજી
જેહની વાણી નિરમલ જ્ઞાનજી ||૧||

વાણી નિરમલ જ્ઞાન જેહનું, કેહેવા ઉપિર મંન;
સંસાર પાર ઉતારવાન, રામચંદ્ર રતંન. ||૨||

કુંઅર ચાલું નીર ભરવા, દશરથ જાહા રાજાંન;
શબદવેધીએ શબદ સુણીઉં થઆ તવ સાવધાંન. ||૩||

ભાથિથી બાણ કાઢિઉં પાણ ગ્રહીન ત્યાંહ;
માતંગ જાણી મુકીઉં, ક્રોધ ધરીન જાંહ. ||૪||

વાગુ રુદિ ત્યાર વદિ વાણી ત્રાહ ત્રાહિ ત્રિંકંમ;
મુજ માયબાપ તરસાં રહાં કોણ કીધું એ કર્મ. ||૫||

રાજાન દાઝ ઉપની પાછું બિ આવ્યું બાણ,
રાય આવી જોઈઉં , પડું પુત્ર જાયે પ્રાણ. ||૬||

રાયે પૂછું કોણ તું, અપરાધ કીધું નાથિ;
વ્યરાસે વ્યપરીત્ય થઉં, ધિક્ય બિલું મુજ હાથ. ||૭||

કિહ શ્રવણ ઉદક લેઈ જાઓ, જાંહાં માત ન તાત;
મુજન મારું રખે કહતા, તે કરશ ઉપઘાત. ||૮||

શ્રવણ પ્રાણ જ છુટીઆં, રાય ભરી ચાલા નીર,
કાવડિ પાસિ જૈ રહા તે ધનુરવિદ્યાધીર. ||૯||

શાંતા કહ તમો સુણો કંથજી એ ચાલ પુત્રની ન હોયે;
પુછા પાખિ કંથજી તમો રખે પીતા તોયે. ||૧૦||

રાય જૈઈ પાત્ર ઓડવ્યું, તમો પિયો પાણી માયે;
સાદ શ્રવણ નુહ કુઅર, તે વ્યના કયમ પિવાયે. ||૧૧||

બોલું સાચું ક્યમ મારું, કોણ લીધાં પ્રાણ;
લ્યાવિ મુઆ મુખ જોઈય, કાંઈ કહ જો વાણ. ||૧૨||

વદ દશરથ નુહ શ્રવણ, મિય મારો તાત;
પીઉં પાણી, દુઃખ ન આણી, કહુ સુધી વાત. ||૧૩||

કડવું : ૯. દેશી ફેરિ

માત તાતિ વિલાપ જ માંડીઉં ક્યંમ કીજ તોય;
એ દુષ્ટ પ્રાણ જાય નહીં, અમો પાપી સોય. ||૧||

રાય, કુંઅર ક્યાંહાં મારીઉં પોઢો કિહ ઠારિ રે;
અમો મંદભાગી કિહન, ભાલવ્યાં કોણ અમ આધારિ. ||૨||

રાય સુત તાં સુંપીઉં ખોલ લીધું શીશ રે;
મુખ ઉપર કર ફેરવ્યું હવિ અમ શી રીસ. ||૩||

નચિત થૈન પુઢીઆ, ચંતા ન કરું અંધ;
કોણ પ્રેમી લડાવશે, કાવડ લેઈ ખંધ. ||૪||

હું દાસનિ આધાર કિહ તણું, કોણ કહશ બાપિ;
અંત્રીઆલ્ય નાંખી ચાલિઆં, અમારાં પ્રોઢાં પાપિ. ||૫||

હસ્તવદન સોહામણું, નરતન કુંડલ કાન;
હવિ મુખ ક્યારિ દેખ[શું] શુભ જ તું ભીનિવાન. ||૬||

કોમલ દેહ સુત તાહરું, પ્રૌઢ રાતું બાણ;
તે આવતું તિ કંમ સહુ, ક્યમ ગઆં રે પ્રાણ. ।।૭।।

દુઃખ વાત કહો રે બાલકડા, બાહુ[વા] આદો બોલ;
ઈમ થઈન કાં રહા, અમો મેહેલ્યા નટોલ. ।।૮।।

એહવા પુત્ર તાં કો નહીં, કોણ પાલિ લાડિ;
પાપી પંડ પડી નહીં, અંમ તંન નિતાડિ. ।।૯।।

હવે કોણ કિહસ અમારડાં તમારાં મીઠાં બોલ;
અમ માટિ ત્ય સ્ત્રી ત્યજી, નથી કો સમતોલ. ।।૧૦।।

છેટું અમન પડી સહી, રાયજી અવિધાર;
હવિ અવસર માહારો સાચવો, વેગિ દો... ।।૧૧।।

દશરથ કિહ દેહ ક્યાં થકું તિજો, સેવા કરું થૈ દાસ;
શ્રવણની પિર માહાલજો, દુઃખી કીજ નાશ. ।।૧૨।।

સત્યવાદી રાયે સત્ય કહુ વ્યના સુત શું હોયે;
બિ દિવસ વાહાલા લાગિયે પછ સિધ્ય પૂછ કોયે. ।।૧૩।।

અગર, ચંદન મલિ આ ગરાંબ્રંદ કાઠી અપાર;
ત્યાંહાં ચતા રાય કરી, મધ્ય પુહ્ઢુ કુમારિ. ।।૧૪।।

શાંતાય તાં શીશ ગ્રહુ, પિતા ખોલ પાગ;
રાય હુતાશન મુકીઉં, આ શું થઉં ઉતપાત. ।।૧૫।।

ગદગદ કંઠિ તે રાયના સાંભલું કહુ બાપ;
શાપ દો તે હું ગ્રહુ જે થાઉં હું નિઃપાપિ. ।।૧૬।।

તવ રાજા તે શાપીઉં, અમ વ્યજોગ[થઓ જા]ણ
પુત્ર વ્યજોગ તમનિ હજો અન જાજો પ્રાણ. ।।૧૭।।

શીશ નામી ઊભા રહા, વારું, કોહો છો વચંન;
વ્યજોગ્ય મ્રત્ય પામશું, પણ હજો માહારિ તંન. ||૧૮||

શાંતા કહછ કંથન, જેહ ક્રૌંચ વિલાપિ;
તેહન દુઃખ ન જાણિ, તેહ લાગું પાપિ. ||૧૯||

ત્રણ્ય જણાં તે એકઠાં, બાલાં રાયે હાથ;
તે હત્યા માથિ ચઢી, ઉતારશ રઘુનાથ. ||૨૦||



શ્રવણકથા વિશે :

શ્રવણકથાનું રામકથા સાથે સંયોજન અનેક દૃષ્ટિએ મહત્ત્વનું છે.

૧. રામાયણ અને મહાભારત આદિકાવ્ય તરીકે સુપ્રસિદ્ધ છે. મહાભારતમાં નાટ્યાત્મક તત્ત્વ અને રામાયણમાં કાવ્યાત્મક તત્ત્વ વિશેષ છે. એટલે મહાભારત જીવનના વાસ્તવ સાથે અને રામાયણ જીવનના આદર્શ સાથે સવિશેષ સંકળાયેલ છે. રામાયણના ચરિત્રનાયક રામ એક આદર્શ પુત્ર-પતિ-ભાઈ-મિત્ર-શત્રુ-સ્વામી છે. શ્રીરામના આદર્શપુત્ર તરીકેના વ્યક્તિત્વનું સમર્થન કરવા રામાયણની મુખ્યકથા સાથે શ્રવણકથા જોડવામાં આવી હશે, કદાચ.

૨. વાલ્મીકીય રામાયણની શ્રવણકથા અયોધ્યાકાંડ [સર્ગ : ૬૩-૬૪૦ ગીતાપ્રેસ આવૃત્તિ]માં આવે છે. ત્યાં રામવનવાસ પછી અને દશરથના મૃત્યુ વચ્ચે શ્રવણકથા ગોઠવાઈ છે. દશરથનું મૃત્યુ પુત્રવિરહમાં થશે એ શાપ પ્રયોજન સિદ્ધ કરવા શ્રવણકથાનું અયોધ્યાકાંડમાં હોવું કથાસંકલનાની દૃષ્ટિએ યોગ્ય જણાય છે.

૩. નાકરકૃત રામાયણમાં શ્રવણકથા, કૃતિના આરંભમાં જ, બાલકાંડમાં રજૂ થઈ છે. આ સ્થાનભેદ પ્રયોજનભેદ માટે નિર્ણાયક ઠરે છે. અહીં શ્રવણકથા પુત્રવિરહમાં દશરથના પ્રાણત્યાગ પાછળ કારણભૂત શાપના ઘટકને પાછળ હડસેલી, પુત્રપ્રાપ્તિના પ્રયોજનને આગળ લઈ આવે છે. '... વ્યજોગ મ્રત્ય પામશું પણ હજો માહારિ તંન'[ક.૯/૧૮]. એ પંક્તિમાં તો પુત્રપ્રાપ્તિ અને મૃત્યુ એ બંનેનો સાથલગા ઉલ્લેખ થયો છે. આમ, એકના એક કથાઘટક દ્વારા બેવડી કાર્યસિદ્ધિ સૂચવાઈ છે.

૪. નાકર, માત્ર કથા સંકલના માટે શ્રવણ કથાનું સ્થાનાંતર કરે છે એવું નથી. વાલ્મીકીય રામાયણમાં ન હોય તેવા બીજા કથાંશોને પણ તેઓ ઉમેરે છે. નાકર લોકપરંપરાની શ્રવણકથાને અનુસરી શ્રવણના લગ્નનો ઉલ્લેખ કરે છે. શ્રવણકથામાં માતૃપિતૃભક્તિનું પરિમાણ ઉપસાવવા એ જરૂરી પણ

છે. શ્રવણની પત્ની સાવિત્રી, સત્યવાનની સાવિત્રી જેવી નથી, તે લોકકથાની અવળચંડી કુભારજા જેવી છે, જે શ્રવણના આંધળા માબાપની સેવા કરવાને બદલે કૂવે નાંખવાનું કહે છે. શ્રવણ પ્રતિવાદ કરી પત્નીને પિયરે મૂકી આવે છે. એમાં તત્કાલીન કુટુંબ સંસારનું ચિત્ર ઝિલાયું છે. આવા આલેખન દ્વારા નાકર માતપિતાની સેવાનો આદર્શ રજૂ કરે છે. જે રામાયણના ચરિત્રનાયક રામ દ્વારા વધુ દૃઢ થાય છે. શ્રવણની કથા એક રીતે તો માતૃદેવો ભવ । અને પિતૃદેવો ભવ । એ ભારતીય સૂત્રવચનોનું કથારૂપ જ ગણી શકાય.

૫. શ્રવણકથાની પરંપરા કેટલી જૂની હશે તેની તપાસ રસપ્રદ થઈ શકે. એક કથા આવી છે : કોઈ-પોપટ-પોપટી સંસારને અસાર જાણી, તીર્થયાત્રા પર નીકળે છે. રસ્તામાં દાવાનળ જોઈ અગ્નિમાં ઝંપલાવે છે. એક દાદુર પણ સાથે બળી મરે છે. બીજા જન્મમાં પોપટ બ્રાહ્મણને ઘેર અવતરે છે. તપ કરી સંતનુઋષિ બને છે. તે અંધ હોય છે. પોપટી દશરથ રાજાની બહેન સરૂપા તરીકે જન્મે છે. બંનેનાં લગ્ન થાય છે. પતિવ્રતા સરૂપા પણ પોતાની આંખ ફોડી નાંખે છે. પૂર્વજન્મમાં સાથે બળી મરેલો દાદુર એમના દીકરા તરીકે જન્મ લે છે. એનું નામ શ્રવણ. એ માતાપિતાની સેવા કરે છે. કાવડમાં બેસાડી તીર્થયાત્રા કરાવે છે. એક રાત્રિએ માતપિતા તરસ્યાં થાય છે. તેમની માટે પાણી લેવા જાય છે. દશરથના શબ્દવેધી બાણથી હણાય છે. શ્રવણને બદલે પાણી લઈ આવનાર દશરથને સંતનુઋષિ 'પુત્રવિરહમાં મૃત્યુ પામીશ' એવો શાપ આપે છે. આ કથામાં શ્રવણ એ દશરથની બહેનનો દીકરો-ભાણેજ હતો તેવો નિર્દેશ છે. એટલે મામા-ભાણેજ(ના વેર)ને લગતી લોકકથાઓ સાથે તેનો સંબંધ હોઈ શકે. કેટલાંક લોકગીતમાં પણ દશરથ-શ્રવણ વચ્ચે મામા-ભાણેજના સંબંધનો નિર્દેશ છે. જેમકે, 'નથી હું રાયકો, નથી રાય;/કને આવે તો સગો ભાણેજ થાય...' • 'ફટ રે પાપી પાપ કિયો, સગા ભાણેજને માર લિયો...' • 'સાવજ વરાંહે બાણ મારિયં રે, માર્યો સરવણ ભાણે ભાણેજ... અરર મામલિયા મને મારી નાંખ્યો રે' વગેરે.

૬. 'સામ જાતક' નામની એક બૌદ્ધ જાતકકથા શ્રવણકથાને ઘણી મળતી આવે છે. આ જાતકકથા પ્રમાણે : કોઈ નદીના સામસામા કાંઠે બે નિષાદગ્રામ હતાં. બંનેના મુખીઓએ પોતાને ત્યાં થનાર સંતાનોનાં લગ્ન કરવાનું નક્કી કર્યું. એક સંતાનનું નામ દુકુલક અને બીજાના સંતાનનું નામ પારિકા. એ બંને દિવ્યલોકના હોવાથી બ્રહ્મચર્યના આગ્રહી. લગ્ન પછી પ્રવ્રજ્યા લે. ઇન્દ્ર તેમને પુત્રમહિમા સમજાવી યુક્તિ બતાવે. તે પ્રમાણે દુકુલક પારિકાનો નાભિ સ્પર્શ કરે એટલે પારિકાના ઉદરમાં બોધિસત્ત્વ પ્રવેશે, પછી જન્મ લે. એનું નામ સ્વર્ણસોમ. સ્વર્ણસોમ સોળ વર્ષનો થતા માતાપિતાને આશ્રમમાં મૂકી ફળ લેવા જાય છે. ત્યારે પૂર્વજન્મના કર્મ અનુસાર ઝેરીલા સાપના દંશથી તેનાં માતાપિતા અંધ થઈ જાય છે. સામ એની સેવાચાકરી કરે છે. એક વાર કાશીના રાજા મૃગયા કરવા નદીપ્રદેશે આવે છે. પાણી લેવા આવેલા સામને એમનું તીર વાગે છે. છતાં ક્રોધે ભરાયા વિના તે અંધ માતપિતાની સંભાળ લેવાનું કહે છે. કાશીરાજ વચન આપે છે. પાણી લઈ તેના આશ્રમે જાય છે... આ જાતકકથામાં એક દેવકન્યા (જે પૂર્વજન્મમાં બોધિસત્ત્વની માતા હતી)ને કારણે સ્વર્ણસામ જીવિત રહે છે. અંધ માતાપિતાને પણ અંતે દૃષ્ટિ પાછી મળે છે.

૭. પ્રાદેશિક રામાયણોમાં કવિ કૃત્તિવાસનું બંગાળી રામાયણ ઘણું પ્રચલિત છે. તેમાં શ્રવણનું કથાનક દશરથના પૂર્વભવ સાથે સંકળાયેલું છે. તદનુસાર સિન્ધુ રાજાને પૂર્વજન્મમાં [illegible] એથી [illegible] શાપ આપેલો કે આવતા જન્મે તારું પુત્રવિયોગમાં મૃત્યુ થશે. ભારતીય ભાષાઓનાં બીજાં રામાયણમાં પણ શ્રવણકથાનાં જુદાં જુદાં રૂપાંતર મળતાં હશે. તેનો તુલનાત્મક અભ્યાસ ઘણો રસપ્રદ બની રહે.

૮. ઇન્ડોનેશિયાની કૃતિ 'સેરિરામ'માં શ્રવણકથાનું રૂપાંતર આવું છે : [illegible] ([illegible]) નામના એક વૃદ્ધ તાપસે દશરથ રાજાને વરદાન આપ્યું હતું કે એક હજાર હાથીનો વધ કર્યા પછી તમને ચાર પુત્ર (અને એક પુત્રી)ની પ્રાપ્તિ થશે. રોજ રાતે દશરથ એક હાથીને મારે છે. એક રાતે અજાણતાં હાથીને બદલે અંધ બ્રાહ્મણપુત્રનો વધ કરે છે અને શાપનો ભોગ બને છે.

૯. સિયામની એક પ્રાણીકથામાં પણ શ્રવણકથાનું વિભિન્ન રૂપાંતર પ્રાપ્ત થાય છે. '[illegible] કામ કરવા સિરો'ની વારતા પ્રમાણે એકવાર દશરથ રાજા, શિકાર કરતા કરતા, અંધ માતાપિતાની સેવા કરનાર પુત્રના આશ્રમે પહોંચે છે. ત્યાં દશરથને જંગલી હાથીઓથી આશ્રમનું રક્ષણ કરવાની વિનંતી કરવામાં આવે છે. એક રાતે પુત્ર પાણી લેવા ગયો હોય છે. દશરથ એને હાથી સમજી બાણથી વિંધી નાંખે છે. પુત્રશોકમાં વૃદ્ધ માતાપિતા પણ મરણ પામે છે.

૧૦. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં રામાયણ વિષયક કૃતિઓમાં, કોઈ ને કોઈ રૂપમાં શ્રવણકથા મળે છે. ભાલણથી ગિરધર સુધીના મધ્યકાલીન કવિઓએ તેમનાં રામાયણમાં શ્રવણકથાનું યથાવસર સંક્ષિપ્ત કે વિસ્તૃત આલેખન કર્યું છે. શ્રવણાખ્યાન નામે સ્વતંત્ર આખ્યાનકૃતિઓની પરંપરા પણ મધ્યકાળમાં હશે. જોકે 'મધ્યકાલીન કૃતિસૂચિ'માં એવી વિગત મળતી નથી. મધ્યકાળની [illegible] કે ચંદ્રાવળા જેવી પરંપરા અંતર્ગત સુર સ્વામી રચિત શ્રવણના [illegible] અને [illegible] રામાયણમાં શ્રવણના ચંદ્રાવળા મળે છે.

૧૧. એક કાળે, ગુજરાતની ગ્રામપ્રજામાં શ્રવણ વિશેનાં અનેક કથાગીત અને ઢોળ પ્રચલિત હતાં. 'સરવણ સરીખા દીકરા રે, સરવણ તીરથ કરવા જાય...' એવી પંક્તિથી શરૂ થતું 'સરવણ[illegible]' નામનું એક ઢોળ ખોડીદાસ પરમાર સંપાદિત 'ગુજરાતનાં લોકગીતો'માં સમાવાયું છે. ગુજરાત લોકસાહિત્યમાળાના મણકા ૧ થી ૧૪ ને આધારે [illegible] 'લોકગીતોમાં [illegible] અને [illegible]' નામે વિશિષ્ટ સંપાદન આપ્યું છે. તેમાં શ્રવણને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

૧૨. ગુજરાતના ગ્રામપ્રદેશમાં વસતા લોકસમુદાયની જેમ પહાડ અને જંગલના આદિવાસીઓમાં પણ રામકથાની કંઠપરંપરા કંઈક જળવાઈ રહી છે. ડૉ. ભગવાનદાસ પટેલે 'રામ સીતમાની વારતા' એવા શીર્ષકથી ઉત્તર ગુજરાતનું આદિવાસી રામાયણ સંપાદિત કર્યું છે. તેમાં પજનવારતારૂપે ગેય અને પાઠ્ય શ્રવણકથા આવે છે. તેનો વિસ્તૃત ગદ્યસાર પણ તેમણે આપ્યો છે. આદિવાસી શ્રવણકથાનો કિંચિત્ પરિચય મળે એ હેતુથી, એ ગદ્યસારનો સંક્ષેપ પણ રજૂ કર્યો છે.

પૂર્તિ :

૧. શ્રવણનું લોકગીત

માછલી વિયાણી કાંઈ દરિયાને બેટ
સરવણ રિયો એની માને પેટ. -સમરો રામને.

કાળી પછેડી ને ભમરિયાળી ભાત,
સરવણ જલમ્યા માઝમ રાત. -સમરો રામને.

અડી કડી ને નવઘણ કૂવો,
ત્યાં સરવણનો જુલમ હુવો. -સમરો રામને.

લાંબી પીપળ ટૂંકાં પાન
સરવણ ધાવે એની માને થાન. -સમરો રામને.

ચાર પાંચ વરસનો સરવણ થયો.
લઈ પાટી ને ભણવા ગિયો. -સમરો રામને.

ભણી ગણી બાજંદો થિયો
સુઘરી નારને પરણી આવ્યો. -સમરો રામને.

સુઘરી નાર, મારું વચન સુણો !
(મારાં) આંધળાં માબાપની સેવા કરો. -સમરો રામને.

આંધળાં માબાપને કૂવામાં નાખ !
મને મારે મૈયરીએ વોળાવ. -સમરો રામને.

મોર્ય સરવણ ને વાંસે નાર
સરવણ ચાલ્યો સસરાને દુવાર. –સમરો રામને.

સસરાજી, મારાં વચન સુણો
ને તમારી ધીડીને ઘરમાં પૂરો. –સમરો રામને.

રો'! રો'! જમાઈ, જમતા જાવ
મારી દીકરીના અવગુણ ગાતા જાવ. –સમરો રામને.

ઈ રે અભાગણીનાં મોં કોણ જુએ
(મારાં) આંધળાં માબાપને નાખે કૂવે. –સમરો રામને.

ત્યાંથી રે સરવણ ચાલતા થાય
સુતારીનાં ઘર પૂછતા જાય. –સમરો રામને.

ભાઈ રે સુતાર, મારાં વચન સુણો,
આંધળા માબાપની કાવડ ઘડો. –સમરો રામને.

કાવડ ઘડજો ઘાટ સઘાટ
સોયલાં બેસે મારાં મા ને બાપ. –સમરો રામને.

ત્યાંથી તે સરવણ ચાલતા થાય
દરજીનાં ઘર પૂછતા જાય –સમરો રામને.

ભાઈ રે દરજી, મારાં વચન સુણો
આંધળાં માબાપનાં લૂગડાં સીવો. –સમરો રામને.

લૂગડાં સીવજો ઘાટ સઘાટ
સોયલાં પે'રે મારાં મા ને બાપ. –સમરો રામને.

ત્યાંથી તે સરવણ ચાલતા થાય
મોચીડાનાં ઘર પૂછતા જાય. –સમરો રામને.

ભાઈ રે મોચીડા, મારાં વચન સુણો
આંધળાં માબાપની મોજડી સીવો. -સમરો રામને.

મોજડી સીવજો ઘાટ સઘાટ
સોયલી પેરે મારાં મા ને બાપ. -સમરો રામને.

ખંભે કાવડ હાથમાં તીર
સરવણ ચાલ્યો જમનાનાં નીર. -સમરો રામને.

ભરિયા લોટા ખખડ્યાં નીર
સરવણ વીંધ્યો પેલે તીર. -સમરો રામને.

આ લ્યો, બેન-બાઈ પાણી પીવો
ને તમારો સરવણ ગામ જ ગિયો. -સમરો રામને.

મારો સરવણ નથી ગામ ગિયો
ને મારે ને સરવણને વસવસો રિયો. -સમરો રામને.

૨. શ્રવણની આદિવાસી કથા

હરવણ કુવોર [શ્રવણકુમાર]

શ્રવણ પત્નીને કહે છે : 'મારાં માતા-પિતા આંખે આંધળા ને પગે લંગડાં થયા છે, તું સેવા કર. પત્ની કહે છે : 'તારાં માતપિતાને ઊંડાં કૂવામાં નાંખ. હું સેવા નહીં કરું. શ્રવણને પત્નીનાં વેણ કડવાં લાગે છે. તે કહે છે : 'તું નહીં કરે તો હું સેવા કરીશ.'

શ્રવણ વાણિયાની હાટે જઈ લીલુંપીળું કપડું લાવે છે. દરજીની પાસે જઈ ઝોળી સિવડાવે છે. ઝોળી પર માબાપનું ચિત્ર મંડાવે છે. એક ઝોળીમાં મા ને બીજીમાં બાપને બેસાડે છે. પાણીનો ઘડો ને ખાવાનું સાથે લે છે. ઝોળી ખભે ઊંચકી એક વનથી બીજે વન જાય છે. હરતોફરતો કદળીવનમાં આવે છે. માબાપને તરસ લાગે છે. એને ઝાડને છાંયે બેસાડી સમદરજળ લેવા જાય છે. પંખીએ ચાંચ બોળી એઠું ન કર્યું હોય એવું નિર્મળ જળ ભરે છે.

દશરથ રાજા જળની ચોકી કરતા હોય છે. ખળળ અવાજ કાને પડતા વિચારે છે કે કોઈ જાનવર જળ બોટવા આવ્યું લાગે છે. એણે નિર્મળ નીર વટલાવ્યું લાગે છે. રાજા તો અવાજની દિશાએ

બાણ છોડે છે. રામનામ લેતાંક શ્રવણ ધરણી ઢળે છે. મારા પુત્રનું નામ લેનાર આ કોઈ સગોવ્હાલો હશે એમ માની રાજા દોડતાંક કાંઠે આવે છે. શ્રવણ કુંવર નજરે પડે છે. તીર તો આરપાર નીકળી ગયું છે. રાજા ઊભો ઊભો વિચાર કરે છે : જેમ જીભથી બોલ તેમ પણછથી છૂટેલું તીર પાછું વળતું નથી. [હા રે પણસાંનાં સૂટાં... કે'દિ નેં વળેં... હા ને ઝીપાંનાં સૂટાં નેં વળે !]

શ્રવણનો જીવ જાય છે ને આવે છે. તે દશરથને કહે છે : તેં તારું પાપકર્મ કર્યું. હવે હું તારી સાથે લોઢાંલાકડાંથી લડી શકવાનો નથી. મારાં માતાપિતા આંખે આંધળાં ને પગે લંગડાં છે. આ વનમાં કયાં જશે. એનો તરસે જીવ જતો હશે. તું જઈને પાણી પા. આટલું કહેતા શ્રવણના પ્રાણ છૂટે છે.

દશરથ ઘડો લઈને ઝાડ પાસે આવે છે. એનો પગરવ સાંભલી શ્રવણનાં માતાપિતા પૂછે છેઃ 'જંગલી જાનવર છે કે પછી માણસ ?' દશરથ પાસે આવીને બોલે છેઃ 'મા બાપ, જાનવર નથી. તમારો દીકરો છું. પાણી લઈને આવ્યો છું.' તેઓ દશરથની બોલાશ ઓળખી જાય છે. દશરથ ભૂલ કબૂલે છે. માતાપિતા વિલાપ કરવા લાગે છે. રડતાં રડતાં બોલે છે : 'તે અમને વનની વચ્ચે રાખ્યાં અમે ક્યાંયનાય ના રહ્યાં. જા, એ તીરથી જ તારું મરણ થશે.'

ભગવાનને વારતા રાખવાની હશે. બંને ભગવાનનું સમરણ કરે છે. વૈકુંઠપુરીમાં ભગવાનને ખબર પડે છે. આકાશમારગે અમરપાલખી આવે છે. બંને પાલખીમાં બેસી ઊડી (સ્વર્ગે) જાય છે. દુઃખી હૃદયે દશરથ શ્રવણના શબ પાસે આવે છે. ચંદનચિતા ગોઠવે છે. ચિતા પર શ્રવણને સુવાડી આગ દે છે. અને સતયુંગની વારતા કળિયુગમાં આગળ ચાલે છે.

વારતા આગળ ચાલે છે તેમાં દશરથ બાણના ફળાને ઘસીઘસી નાનું કરે છે. વધુ ઘસતાં હાથમાંથી છટકી દરિયામાં પડે છે. માછલું ગળી જાય છે. એ મછ માછીમારની જાળમાં સપડાય છે. એનું પેટ ચીરતાં ફળું નીકળે છે. જે લુહાર રાખી લે છે. એની નરેણી બનાવે છે. નરેણીને દશરથનો નાઈ ખરીદી લે છે. નવી નરેણીથી દશરથના નખ કાપે છે. નખ કાપતાં રાજાની જમણી આંગળી વઢાય છે. પાટો બંધાય છે. પાકે છે ને બહુ દુઃખે છે ત્યારે કૈકેયા-કૌશલ્યા એને વારાફરતી મોંમાં રાખે છે. કૌશલ્યાના વારા વખતે રાજા મુગતિ પામે છે. 'તમે જ રાજાને ખઈ ગઈ છો' એમ આળ ચડાવી ઝગડે છે. આમ શ્રવણના માતાપિતાના શાપને લીધે રાજા દશરથ મૃત્યુ પામ્યા. વિધિના લેખ પૂરા થયા. હા...રો એ ખાંમદાંન વારતા રાખવી... ઓં આવી ન લેખ પૂરા થતા... હા... રો મરાઝ અવેં...

શ્રીસયાજી સાહિત્યમાળા

		રૂા. પૈ.
૩૫૧	ગુજરાતનો પૉટરી ઉદ્યોગ – શ્રી શાંતિલાલ પી. પુરોહિત (૧૯૭૫)	૯.૦૦
૩૫૨	ઊંડાણનો તાગ – શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫)	૧૫.૦૦
૩૫૩	ભારતીય વીણા – (સ્વ.) પ્રો. રસિકલાલ એમ. પંડ્યા (૧૯૭૮)	૩૧.૦૦
૩૫૪	ચરકનો સ્વાધ્યાય, ભાગ ૨ – (સ્વ.) બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૯)	૯૬.૦૦
૩૫૫	ચાંપાનેર : એક અધ્યયન – પ્રો. રમણલાલ ના. મહેતા (૧૯૭૯)	૩૬.૦૦
૩૫૬	દ્વારકાના પ્રદેશનો સાંસ્કૃતિક ઇતિહાસ – (સ્વ.) શ્રી ક. ન. જોષી (૧૯૭૯)	૪૪.૦૦
૩૫૭	આધુનિક ગુજરાતના સંતો, ભાગ ૨ – ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૭૯)	૪૫.૦૦
૩૫૮	સૂર્યશક્તિ – શ્રી પદ્મકાન્ત ૨. શાહ (૧૯૮૧)	૫૩.૦૦
૩૫૯	કવિ ગિરધર : જીવન અને કવન – ડૉ. દેવદત્ત જોશી (૧૯૮૨)	૫૧.૦૦
૩૬૦	વનૌષધિ-કોશ – અધ્યા. કે. કા. શાસ્ત્રી (૧૯૮૨)	૩૬.૦૦
૩૬૧	સહસ્રલિંગ અને રુદ્રમહાલય – (સ્વ.) શ્રી કનૈયાલાલ ભા. દવે (૧૯૮૩)	૭૯.૦૦
૩૬૨	વૈષ્ણવતીર્થ ડાકોર – (સ્વ.) ડૉ. મંજુલાલ ૨. મજમુદાર (૧૯૮૪)	૪૮.૦૦
૩૬૧	વૃદ્ધત્રયી અને લઘુત્રયી – (સ્વ.) બાપાલાલ ગ. શાહ (૧૯૮૪)	૩૩.૦૦
૩૬૩	વડોદરા : એક અધ્યયન – પ્રો. રમણલાલ નાગરજી મહેતા (૧૯૮૭)	૪૪.૦૦
૩૬૪	મહારાજા સયાજીરાવ ત્રીજા – (સ્વ.) પ્રો. હસિત હ. બૂચ (૧૯૮૮)	૪૯.૦૦
૩૬૫	નાભાજીકૃત ભક્તમાલના ઐતિહાસિક ભક્તો – એક અધ્યયન – શ્રી મૂલશંકર હી. કેવલિયા (૧૯૮૮)	૪૪.૦૦
૩૬૬	લેસર (પરમતેજ) – શ્રી પદ્મકાન્ત ૨. શાહ (૧૯૯૦)	૪૮.૦૦
૩૬૮	અર્વાચીન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ – (અનુ.) એ. જે. રાવલ અને વી. એસ. લેલે	૧૮૮.૦૦
૩૬૯	મંજુલવિમર્શ – શ્રી જે. પી. ઠાકર (૧૯૯૨)	૨૩૬.૦૦
૩૭૦	પ્રાણવહસ્રોતોના રોગો : શ્વાસ-દમ – વૈદ્ય મણિભાઈ બ્રહ્મભટ્ટ (૧૯૯૫)	૧૭૬.૦૦
૩૭૧	વડોદરાનાં મંદિરો – કુ. મંજુલા એમ. સોની (૧૯૯૫)	૬૮.૦૦
૩૧૭	આહારવિજ્ઞાન – (પુનઃમુદ્રણ) ડૉ. જયશંકર ધ. પાઠક અને (સ્વ.) અનંતરાય મ. રાવળ (૧૯૯૦)	૬૦.૦૦
૩૭૨	ભવાઈ : સ્વરૂપ અને લક્ષણો – કૃષ્ણકાંત ઓ. કડકિયા (૧૯૯૬)	૧૯૩.૦૦
૩૭૩	શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી – ડો. લવકુમાર મ. દેસાઈ (૧૯૯૬)	૧૯૫.૦૦
૩૭૪	નાભાજીકૃત ભક્તમાલના ઐતિહાસિક ભક્તો – એક અધ્યયન, ભાગ ૨ – શ્રી મૂલશંકર હી. કેવલિયા (૧૯૯૮)	૧૦૬.૦૦
૩૭૫	ભવાઈ : ભક્તિ, રસ અને આહાર્ય – કૃષ્ણકાંત ઓ. કડકિયા (૨૦૦૩)	૧૩૫.૦૦
૩૭૬	પ્લેટોના કેટલાક સંવાદો – હરસિદ્ધ એમ. જોશી (૨૦૦૪)	૧૯૦.૦૦
૩૭૭	કૈવલજ્ઞાન સંપ્રદાય : સિદ્ધાંત અને સાહિત્ય – બહેચરભાઈ પટેલ (૨૦૦૫)	૨૨૫.૦૦
૩૭૮	વિદુરનીતિનું વિષયપરિશીલન – ડૉ. અંબાલાલ દ. ઠાકર (૨૦૦૭)	૧૧૫.૦૦
૩૭૯	સ્વાધ્યાય-સૂચિ (પુસ્તક ૧-૨૫) – જયંત ઉમરેઠિયા (૨૦૦૭)	૨૧૫.૦૦
૩૮૦	મહાભારતનો યુદ્ધકાળ, – વસંત અ. ગોડબોલે (૨૦૧૧)	૧૪૦.૦૦
૨૮૩ / ૨૮૪	વડોદરા નરેશ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા) – ચિમનલાલ મગનલાલ ડોકટર, બીજી આવૃત્તિ (૨૦૧૪)	૫૮૫.૦૦
૩૮૧	મહાભારતનાં ગૂઢ રહસ્યો – અનુ. વિજયા લેલે (૨૦૧૬)	૪૩૦.૦૦
૩૮૨	સ્વાધ્યાય-સૂચિ (પુસ્તક ૨૬-૫૦) – જયંત ઉમરેઠિયા (૨૦૧૮)	૧૯૦.૦૦
૩૮૩	દેવર્ષિ નારદ – અનુ. વિજયા લેલે (૨૦૨૧)	૩૬૫.૦૦
૩૮૪	સોરઠ અને બરડા પ્રદેશનો ઇતિહાસ (૨૦૨૩) – પ્રદ્યુમ્ન ભ. ખાચર	૮૪૪.૦૦

પ્રાપ્તિસ્થાન : યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ

પ્રો. સી.સી. મહેતા ઓડિટોરિયમ નજીક, જનરલ એજ્યુકેશન સેન્ટર સામે

ડી.એન. હોલ ક્રિકેટ ગ્રાઉન્ડ સામે, પ્રતાપગંજ, વડોદરા – ૩૯૦ ૦૦૨; ફોન નં. : ૦૨૬૫-૨૭૮૧૭૦૦

વ્યાયોગપત્રિકા – વિજ્ઞપ્તિપત્ર કે નાટક ?

વંદના લેલે*

સંસ્કૃત હસ્તલિખિતોના અનેક વિદ્યમાન પ્રકારોમાં વિજ્ઞપ્તિપત્ર એક આગવું સ્થાન ધરાવે છે. જૈન મુનિઓનો સંઘ ચાતુર્માસ દરમ્યાન વિહાર અટકાવી કોઈ એક સ્થળે વિરામ કરે છે પરંતુ ધાર્મિક પ્રવૃત્તિઓની અખંડતા વિરામના સ્થળે જળવાઈ રહે છે. શ્વેતાંબર જૈન સમાજમાં જૈન આચાર્યોને આ સમય દરમ્યાન માનપૂર્વક પોતાના સ્થળે આમંત્રિત કરી તેમના દ્વારા થતી ધાર્મિક પ્રવૃત્તિઓનો લાભ લેવા માટેનો વિનંતીપત્ર જે તે સ્થળના મોભીઓ દ્વારા લખાયેલ હોય છે તે પત્રોને વિજ્ઞપ્તિપત્ર કહેવાય છે. આવા પત્રો મોકલવાની પરંપરા ઘણા પ્રાચીન સમયથી અને એકમાત્ર જૈનસમાજમાં પ્રચલિત હતી. જેનો તબક્કો ઈ.સ.૧૪ના ઉત્તરાર્ધથી ઈ.સ. ૧૭-૧૮ સુધી મળી આવે છે.[1] અન્ય હસ્તલિખિતની સરખામણીમાં વિજ્ઞપ્તિપત્રનું સ્વરૂપ અનોખું છે. ટૂંકમાં તેનું વિવરણ કરીએ તો, તેના લખાણ માટે લાંબા કાગળનો ઉપયોગ કરવામાં આવે છે. જેને લેખપટ (Scroll) કહેવાય છે. લખાણનો મુખ્ય વિષય વિજ્ઞપ્તિ હોવા ઉપરાંત, ત્યાં પહોંચવાના માર્ગનો નકશો અને તે સ્થળ વિષે અન્ય માહિતી વિવિધ રંગોનો ઉપયોગ કરી ચિત્રાંકિત કરી દર્શાવવામાં આવે છે. કાગળ પર બંને બાજુ લગભગ ૧.૫ ઈંચની જગ્યા છોડી સુશોભિત લીટીઓ દોરેલી હોય છે અથવા તો ફૂલોની વેલનું ચિત્રણ કરવામાં આવે છે. આ વિજ્ઞપ્તિપત્ર મોટાભાગે દેવનાગરી લિપિમાં લખાયાં છે અને કોઈકમાં મારવાડી અને ગુજરાતીનો પણ ઉપયોગ થયો છે. તે સંસ્કૃત ભાષામાં અથવા તો સંસ્કૃત અને સ્થાનિક ભાષામાં લખાયાં છે. જેનું સ્વરૂપ ગદ્ય અને પદ્ય મિશ્રિત અથવા તો કાવ્યાત્મક હોઈ શકે છે અને તેને ઉત્તમ કોટિનાં સંસ્કૃત કાવ્યોમાં ગણી શકાય.[2]

આ સંશોધનલેખમાં ઉપયોગમાં લેવાયેલ વ્યાયોગપત્રિકાનું લખાણ આવા જ એક લેખપટ ઉપર મળી આવે છે. તે જૈનમુનિ માટે લખાયેલ વિજ્ઞપ્તિપત્ર કરતાં જુદા જ પ્રકારની વિજ્ઞપ્તિ જણાઈ આવે છે.

'સ્વાધ્યાય' - પુ. ૬૦, વર્ષ ૨૦૨૩, પૃ. ૧૫૩-૧૭૪. ISSN 2250-0391

* ૨૦૧, કેશવ, ગુરુપ્રસાદ સોસાયટી, અકોટા, વડોદરા-૩૯૦ ૦૦૭, Email : vandana.lelel@gmail.com

1. *'Thai Prajñā, International Journal of Indology and Culture, Vol.I'*, "Citrapatas: A Scrolled Literary Heritage of India (with special reference to Oriental Institute, Baroda)." Sanskrit Studies Centre, in collaboration with the Department of Oriental Languages and the Faculty of Archaeology, Silpakorn University, Bangkok, Thailand, 2017, pp.190-191

2. Hiranand Sastri, *Ancient Vijñaptipatras*, World Public Library Edition, Classic Literature Collection, World Public Library. org (Sri Pratapsimha Maharaj Rajyabhisheka Granthmala, Memoir No. 1. Baroda State Press, 1942, p.2)

નાટકની પટકથાનું પ્રકટીકરણ કરવા માટે લખાયેલ વિજ્ઞપ્તિ અથવા તો વિનંતિને નાટકના સ્વરૂપમાં રજૂ કરાઈ છે. તેથી તેના બાહ્ય સ્વરૂપ અને આંતરિક સ્વરૂપને ધ્યાનમાં લઈને આ હસ્તપ્રતને વિજ્ઞપ્તિપત્રના પ્રકારમાં મૂકવી કે નાટકના પ્રકારમાં તે શંકાનું નિરાકરણ કરવાનો પ્રયત્ન આ સંશોધનલેખમાં કરવામાં આવ્યો છે. આ હસ્તલિખિતની એક જ પ્રત ઉપલબ્ધ હોઈ તેનો સંસ્કૃત પાઠ તેના આધારે સંપાદિત કર્યો છે.

વ્યાયોગપત્રિકાની હસ્તપ્રત પ્રાચ્યવિદ્યામંદિર, વડોદરામાં સુસંગ્રહીત છે. તેનું વિવરણ નીચે મુજબ છે.

અનુક્રમ નં.	: ૨૮૩૮૧	વિષય :	નાટક
સ્વરૂપ	: લેખપટ[3]	લિપિ :	દેવનાગરી
પરિમાણ	: ૯૫.૫ x ૨૦.૫ સે.મી.	ભાષા :	સંસ્કૃત
ગ્રંથસંખ્યા	: ૧૭૦	લેખક :	શ્રીનિવાસ

આ હસ્તપ્રતની પુષ્પિકા અનુષ્ટુપ છંદમાં છે જે ફક્ત લેખકનાં નામ અને કૃતિનો નિર્દેશ કરે છે.

इति श्रीश्रीनिवासेन पण्डितेन विनिर्मितः
व्यायोगः पत्रिकाख्योऽयं बोभवीतु सदां मुदे ।। व्यायोगपत्रिका ।।१७।।

લખાણમાં લેખકે કૃતિના રચનાકાળનો નિર્દેશ કર્યો ન હોવાથી તેનું અનુમાન વ્યાયોગપત્રિકામાં આવેલ સંદર્ભો અને અન્ય પુરાવાઓના આધારે શક ૧૭૯૧ (ઈ.સ. ૧૮૬૯) કરવામાં આવ્યું છે જેની વિસ્તારથી ચર્ચા લેખકપરિચયના શીર્ષક હેઠળ કરી છે. તદુપરાંત, હસ્તપ્રતના લખાણની ભાષા, અક્ષરો અને કાગળની સ્થિતિના નિરીક્ષણ પરથી પણ તે ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં અથવા ૧૯મી સદીની શરૂઆતમાં લખાઈ હોવી જોઈએ.

શ્રીનિવાસ પંડિત કરવીરક્ષેત્ર – સાંપ્રતનું કોલ્હાપુર, મહારાષ્ટ્રનાં નિવાસી હોઈ તેમનું ઉપનામ રાવજી પંડિત હતું જે નીચે દર્શાવેલ નાટકના ગદ્યાંશમાં ઉદ્ધૃત થયું છે.

पत्रिकाव्यायोगः श्रीमद्वाराणसीक्षेत्रे तत्सविधे प्रकटयितव्य इति तत्प्रेमाभिलाषिभिः श्रीमत्करवीरक्षेत्रनिवासिभिः श्रीरावजीमहाराजापरनामभिः श्रीनिवासपण्डितैरस्मत्प्रभुभिरादिष्टोऽस्मि । (व्यायोगपत्रिका भाग १)

---

3. આ હસ્તપ્રત લેખપટના સ્વરૂપમાં હોવાથી, તેની લંબાઈને ધ્યાનમાં લેતાં તેના ફોટોગ્રાફ ૬ વિભાગમાં લેવામાં આવ્યા છે. તેનો જ આધાર લઈ, હસ્તપ્રતના વિષયવસ્તુના અહીં સંદર્ભ ટાંકવામાં આવ્યા છે.

આ હસ્તપ્રતનો ઉલ્લેખ New Catalogus Catalogorum (N.C.C.) અને સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસનું આલેખન કરનારા વિવિધ પ્રકારના અન્ય સંદર્ભગ્રંથોમાં મળી આવતો નથી. તદુપરાંત, પુષ્પિકામાં પણ લહિયા વિષે કોઈ ઉલ્લેખ ન હોવાથી આ હસ્તલિખિત લેખકની મૂળપ્રત અને એકમાત્ર પ્રત હોઈ શકે છે એવું અનુમાન કરી શકાય.

વ્યાયોગપત્રિકા હસ્તપ્રતની લાક્ષણિકતાઓ : વિજ્ઞપ્તિપત્રનાં સામાન્ય લક્ષણો ધરાવતી આ હસ્તપ્રત આછા વાદળી કાગળ પર કાળા રંગની શાહીનો ઉપયોગ કરી સુંદર હસ્તાક્ષરોમાં લખાયેલી છે. કાગળની બંને બાજુએ કાળી શાહીથી હાથથી જ ઊભી પોલી લીટીઓ દોરી તેમાં પીળો રંગ ભરીને હાંસિયા બનાવ્યા છે. લખાણની વચ્ચે વચ્ચે ઘણી જગ્યાએ કાળી શાહીથી નાના નાના ચોરસ અને લંબચોરસ આકૃતિઓ નજરે પડે છે જેની ખાલી જગ્યામાં પીળો રંગ ભરેલો છે અને કાળા રંગમાં આડી તથા ઊભી લીટીઓ દોરી છે. પ્રથમ નજરે તેનો ઉપયોગ હસ્તપ્રતને સુશોભિત કરવા માટે કર્યો હશે તેમ જણાયું. પરંતુ તેમની વચ્ચે ચોક્કસ અંતર, હેતુનો અભાવ જણાયો અને વધુ બારીકાઈથી જોતાં જણાયું કે લેખકની અથવા લહિયાની લખવામાં થયેલી ભૂલોને ભૂંસીને આવી આકૃતિઓનો ઉપયોગ કરી વધારે સુંદર બનાવવામાં આવી છે. પ્રથમ પાના પર પહેલા શ્લોકની પહેલી પંક્તિના એક એક અક્ષરને આંતરે લાલ રંગનો છંટકાવ છે. ત્યારપછી પણ લાલ રંગનો ઉપયોગ હાઈલાઈટર તરીકે કરવામાં આવ્યો છે. જેમાં અમુક પવિત્ર અક્ષરો દા.ત. स्वस्ति, શ્લોકના આંકડા, નાટકનાં પાત્રો વગેરેનો સમાવેશ થાય છે. લાલ રંગના ઉપયોગથી એવું અનુમાન કરી શકાય કે હસ્તપ્રતના કર્તા માટે આ હસ્તપ્રત અતિશય પવિત્ર હશે અથવા તો તેની સુંદરતા વધારવા માટે પણ તેનો ઉપયોગ કર્યો હશે. લેખક અથવા લહિયાથી લખાણમાં રહી ગયેલ કોઈ કોઈ અક્ષરો અને વાક્યો કાકપાદનાં ચિહ્નોનો ઉપયોગ કરીને હાંસિયામાં દર્શાવ્યાં છે.

લેખકનો પરિચય : શ્રીનિવાસ પંડિતનો કાળ, સ્થળ, વિવિધ રચનાઓ, કુળ તેમજ તેમના પૂર્વજો વિષેની સંપૂર્ણ માહિતી સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ વર્ણિત કરનાર વિવિધ પ્રકારના સંદર્ભગ્રંથોમાં ઉપલબ્ધ નથી. પરંતુ વ્યાયોગપત્રિકામાં લેખકનું નામ, ઉપનામ, સ્થળ, અમુક રચનાઓ અને પૂર્વજો વિષેની થોડી પણ મહત્ત્વની માહિતી અનાયાસે નાટકના સંવાદો થકી ઉપલબ્ધ કરાઈ છે અને ખૂટતી કડીઓ અન્ય ગ્રંથોના આધારે એકત્રિત કરી તેમનો પરિચય આપવાનો એક પ્રામાણિક પ્રયત્ન અહીં કર્યો છે.

૧) **શ્રીનિવાસ પંડિતનો સમય :** સૌ પ્રથમ, લેખકના કાળ વિષે વિચાર કરીએ તો તેની માહિતી તેમની અન્ય રચનાઓના સંદર્ભોના આધારે જ પ્રાપ્ત થાય છે. શ્રીનિવાસ પંડિતે વ્યાયોગપત્રિકામાં નીચે મુજબની રચનાઓનો ઉલ્લેખ આ નાટકના એક ગદ્યાંશમાં કર્યો છે.

श्रीमल्लक्ष्मीसाहस्रयुपरि तैर्व्याख्या कृता । सा पुण्यनगरे शिलायामङ्किता । तस्याः प्रतिः१ । अथ च द्रौण्यस्त्रविप्लुष्टमिति श्रीमद्भागवतस्थश्लोके प्रसङ्गवशाद्विरोधोद्भावनमुद्भाव्य तत्परिहारकर्त्री

तदुपरि टीका कृता । तस्याः प्रतिः १ । परं च दानधर्मस्थं(म्) एको विष्णुरिति पद्यं वर्तते । तदन्ननिवेदनसमये सर्वत्र सर्वेऽपि पठन्ति । तदर्थविचारे संगत्यभावो दृश्यतेऽतस्तस्मिन्टीकाकरणार्थं (दृश्यतेऽतस्तस्मिंष्टीकाकरणार्थं) ताडपद्युपनामकरामरायाख्यैः कार्यवाहकैरस्मत्प्रभुनिकटे प्रेषितं तदुपर्यपि टीका कृता तस्याः प्रतिः १ । (વ્યાયોગપત્રિકા ભાગ ૪,૫). આ ગદ્યાંશ પ્રમાણે : ૧) શ્રીલક્ષ્મીસહસ્રની વ્યાખ્યા ૨) શ્રીમદ્ભાગવતગ્રંથમાં ઉદ્ધૃત શ્લોક 'द्रौण्यस्त्रविप्लुष्टमिति' ઉપર વિરોધાભાસ ઉત્પન્ન થવાની શક્યતાને ધ્યાનમાં લઈ તેનો પરિહાર કરતી ટીકા ૩) દાનધર્મ વિષયને અનુલક્ષીને લખાયેલા ગ્રંથોમાં 'एको विष्णुरिति' શ્લોકમાં વિસંગતીનું નિરાકરણ કરવા માટે શ્રી રામરાય ઉર્ફ તાડપદ્દી નામના ગૃહસ્થ દ્વારા કરવામાં આવેલ વિનંતીને માન આપી તેની પર લખલી ટીકાનો સંદર્ભ મળે છે. આ ત્રણ કૃતિઓમાંથી ફક્ત લક્ષ્મીસહસ્ર વ્યાખ્યા ઉપલબ્ધ થઈ છે.

અત્ર નોંધનીય છે કે શ્રીનિવાસ પંડિત ઉર્ફ રાવજી પંડિતના નામનો અને તેમના દ્વારા રચાયેલ કેટલીક કૃતિઓનો ઉલ્લેખ NCC[4] પણ કરે છે. જેમાં ૧) બાલકવિ રચિત મહિષશતક ઉપર સુબોધિની ટીકા ૨) રાગતત્ત્વ વિબોધ ૩) વેંકટાધ્વરિ કૃત લક્ષ્મીસહસ્ર ઉપર બાલબોધિની ટીકાનો સમાવેશ થાય છે. સંશોધનના પુરાવાઓને વધુ મજબૂત કરવા માટે કરેલ પ્રયત્નોના ભાગરૂપે ઉપર દર્શાવેલ કૃતિ ક્રમાંક ૧ મળી શકી નથી. કૃતિ ક્રમાંક ૨ રાગતત્ત્વવિબોધ એ ભારતીય સંગીત ઉપર લખાયેલ પુસ્તક છે. આ પુસ્તકની પ્રસ્તાવનામાં સંપાદક શ્રી વિભુકુમાર દેસાઈ, લેખકનો કાળ ઈ.સ. ૧૬૫૦ થી ઈ.સ. ૧૬૮૦ દરમ્યાનનો ગણે છે,[5] જે વ્યાયોગપત્રિકાના લેખક સાથે સુસંગત નથી. તેમાં જ પ્રો. ભાતખંડે, શ્રીનિવાસનો સમય અઢારમી સદીનો પૂર્વાર્ધ સૂચિત કરે છે.[6] તેમનું આ મંતવ્ય વ્યાયોગપત્રિકાના લેખકના કાળ સાથે સુસંગતતા ધરાવે છે. તેથી એવું નિશ્ચિત કરી શકાય કે ઉપર જણાવેલ NCC માં રાગતત્ત્વવિબોધના લેખક કોઈ અન્ય શ્રીનિવાસ છે. કૃતિ ક્રમાંક ૩ – વેંકટાધ્વરિ કૃત લક્ષ્મીસહસ્ર ઉપર બાલબોધિની ટીકા, હસ્તપ્રતમાં દર્શાવ્યા પ્રમાણે તેની ઉપર શ્રીનિવાસની જ વ્યાખ્યા છે અને તેનું સમર્થન NCCનો અન્ય ખંડ[7] પણ કરે છે.

આ ઉપરાંત, શ્રીનિવાસ પંડિતે લખેલ મરાઠી ભાષામાં 'रामचंद्र पंडित उर्फ बाबा महाराज ह्यांचा इतिहास' નામનું પુસ્તક તેમના દાદા રામચંદ્રના પાંડિત્યસભર ચરિત્રનો પરિચય કરાવે છે.

---

4 *New Catalogus Calalogorum, An Alphabetical Register of Sanskrit and Allied Works and Authors, Vol. XXV,* Edited by Dr. Siniruddha Dash, University of Madras, 2011, p.87

5 Srinivasa, *Rāgatattvavibodha,* A Work on Indian Music, Edited by Vibhukumar S. Desai, Oriental Institute, Baroda, 1956, p. ii

6 એજન

7 *New Catalogus Calalogorum, An Alphabetical Register of Sanskrit and Allied Works and Authors, Vol. XXXVI,* Edited by Dr. Siniruddha Dash, University of Madras, 2014, p.42

આ પુસ્તક શક ૧૭૭૪ માં લખાયું છે અને શક ૧૭૮૫ માં તેની નકલ થઈ છે.[૮] આ માહિતી શ્રીનિવાસ પંડિતનો સમય ઈ.સ. ૧૮૦૦નો ઉત્તરાર્ધ સૂચિત કરે છે. તેમણે તેમના પરદાદા શ્રી સિદ્ધેશ્વર મહારાજનું ચરિત્ર 'શ્રી ગુરુ ગીતામૃત' ગદ્ય-ઇતિહાસ; ચરિત્રના સ્વરૂપમાં લખ્યું હોવાની જાણકારી પણ આ જ સંદર્ભમાં ઉપલબ્ધ છે.[૯]

લેખકની પ્રતિભા નાટકકાર ઉપરાંત વેદના અભ્યાસક, કાવ્યકાર અને અલંકારરત્નાકર તરીકે તેમના લક્ષ્મીસહસ્રની ટીકામાં ઉદ્ધૃત સ્વપરિચયાત્મક શ્લોકમાંથી જાણવા મળે છે.

यः श्रीरामपदाम्बुजद्वयऽऽस्वादैकरोलम्बको
वेदव्याकृतिकाव्यनाटककरा(?)लङ्कारत्नाकरः ।
यावद्बुद्धिबलोदयं विवृतवान् स श्रीनिवासः कविः
स्तोत्रं वेङ्कटयज्वनिर्मितमिदं लक्ष्मीसहस्राऽभिधम् ॥२॥[१०]

શ્રીનિવાસ પંડિતના સમયગાળાનો અંદાજિત પણ મહત્ત્વનો પુરાવો વેંકટાધ્વરિ કૃત લક્ષ્મીસહસ્ર પર બાલબોધિની ટીકાની પુષ્પિકામાંથી મળી આવે છે. જે નીચે મુજબ છે.

स्वस्तिश्रीनृपशालिवाहनशकेऽब्ध्यष्टाऽद्रिधात्रिमिते ।
वर्षे दुन्दुभिसंज्ञके हरितिथौ मार्गाऽऽध्यापक्षे गुरौ ।
टीकेयं करवीरनामनगरे लक्ष्मीसहस्रस्तुते-
र्नीत्वाऽन्तं रघुवीरसुन्दरपदद्वन्द्वारविन्देऽर्पिता ॥४॥[११]

આ પુષ્પિકાને આધારે વેંકટાધ્વરિ કૃત લક્ષ્મીસહસ્ર સ્તોત્ર ઉપર શ્રીનિવાસ પંડિતની બાલબોધિની ટીકા શક ૧૭૮૪/૧૭૮૭ (ઈ.સ. ૧૮૬૨/૧૮૬૫)ના સમયગાળામાં, કરવીરનગરે (સાંપ્રત-કોલ્હાપુર) લખાઈ છે. આ ટીકાનો ઉલ્લેખ લેખકશ્રી તેમના નાટકમાં પણ કરે છે (વ્યાયોગપત્રિકા ભાગ ૪,૫). આ સમયને આધારભૂત પુરાવો ગણીએ તો શ્રીનિવાસ પંડિતને ૧૮મી સદીના ઉત્તરાર્ધ અને ૧૯મી સદીના પ્રારંભકાળમાં મૂકી શકાય.

---

8. *All-India Oriental Conference, Bhandarkar, Oriental Research Institute,* "Introduction to the Commentary Prātiśākhya Jyotsnā", Sunanda R. Abhyankar, Proceedings of the All India Oriental Conference, Thirty-First Session, University of Rajasthan, Jaipur, October, 1982, Poona, 1984, pp.167,168

9. એજન

10. *Lakshmisahasra, Veṅkaṭādhvari with the commentary called Bālabodhini,* by Śrīnivāsa Paṇḍita or Rāvjī Mahājāja edited with Avataraṇikas by Rāma Śāstri Tailanga, Chawkhamba Sanskrit Book Depot, Benaras, 1906, pp.782

11. એજન

૨) વ્યાયોગપત્રિકાનો રચનાકાળ : આ નાટકની રચના લેખકે શક ૧૭૯૧ (ઈ.સ. ૧૮૬૯)માં કરી હોવાનું જણાય છે જે લક્ષ્મીસહસ્રની ટીકાની ૧૭૮૪/૧૭૮૭ (ઈ.સ. ૧૮૬૨/૧૮૬૫) પશ્ચાત્ છે. નાટકના લેખકે, નાટકમાં માનવીય પાત્રો સાથે ગોચર/અવકાશી પાત્રો શુક્લવત્સર, વૈશાખદ્વાદશી, ઉત્તરાભાદ્રપદા, કંચુકી-ધ્રુવયોગ, વિદૂષક - બાલવકરણ અને ભૃગુવાસરને રજૂ કર્યાં છે. આ પાત્રોનો સંબંધ શક ૧૭૯૧ના પંચાંગ (તિથિ, નક્ષત્ર, યોગ, કરણ અને વાર) સાથે મળી આવે છે.

૧) નાટકના મધ્યવર્તી ગદ્યાંશમાં લેખક ધ્રુવયોગ નામના કંચુકીનો, શક ૧૭૯૧ વર્ષમાં આવેલ શુક્લવત્સર નામના પાત્ર સાથે આગમનનો નિર્દેશ કરે છે. જે નીચે મુજબ છે.

ततः प्रविशति ध्रुवयोगाख्यकञ्चुकिना दर्शितमार्ग एकनवतियुतसप्तदशशत १७९१ परिवारपुरोगः शुक्लो वत्सरः । (વ્યાયોગપત્રિકા ભાગ ૪).

૨) અધિકવૈશાખ દ્વાદશી, ભૃગુવાર (શુક્રવાર) સાથે પ્રવેશ કરે છે.

ततः प्रविशति सहचरेण भृगुवारेण दत्तहस्ता हंसवरगरुद्धौरतरशुक्ला चन्द्रिकापटावृताऽनशनव्रतोत्तरभोजनखिन्ना मन्दपादचारेणाधिकवैशाखद्वादशी (વ્યાયોગપત્રિકા ભાગ ૨).

શક ૧૭૯૧નું વર્ષ અધિક મહિના તરીકે અંકિત થયું છે જેની ઘોષણા નાટકના પ્રારંભે સૂત્રધારે કરી છે.

तेन च अस्मिन् वसन्तसमयेऽधिमासोत्साहे मिलितान् सभाजयितुमिच्छाम्यार्यमिश्रान् । (વ્યાયોગપત્રિકા ભાગ ૧).

૩) વિદૂષક - બાલવકરણ નામનું કરણ છે.

ततः इतस्ततोऽवलोकयन् प्रविशति बालवकरणाख्यो विदूषकः । (વ્યાયોગપત્રિકા ભાગ ૩)

૪) ઉત્તરાભાદ્રપદા નક્ષત્રનો પાત્રપરિચય નીચેના વાક્યથી અવગત થાય છે.

तच्छ्रुत्वा सामर्षा ततः प्रविशत्यपटीक्षेपेण तत्सहचारिण्युत्तराभाद्रपदाभिधेया तारा (વ્યાયોગપત્રિકા ભાગ ૩).

આ પાત્રોની પુષ્ટિ શક ૧૭૯૧ના વર્ષના પંચાંગના વિવિધ સ્રોતો દ્વારા કરી છે જેમાં ફક્ત ઉત્તરાભાદ્રપદા નક્ષત્રના બદલે ઉત્તરફાલ્ગુન નક્ષત્ર નોંધાયેલ છે. તે મુજબ, 'An Indian Ephmeris A.D. 1800 to A.D. 2000' નામના પુસ્તકમાં આપેલ ચાંદ્રવર્ષની ગણતરી પ્રમાણે શક ૧૭૯૧ (ઈ.સ. ૧૮૬૯) નું વર્ષ અધિક વૈશાખ શુક્લસંવત્સર તરીકે નોંધાયું છે, જેમાં તિથિ - ૧૨ (દ્વાદશી),

નક્ષત્ર - ૧૨ (ઉત્તરફાલ્ગુન) છે. અને સૌરવર્ષ પ્રમાણે તારીખ ૨૩ એપ્રિલ - શુક્રવાર દર્શાવે છે.[૧૨] તદુપરાંત, 'शंभरवर्षांचे पंचांग - शके १७०१ पासून शके १८०१ पर्यंत' મરાઠી પંચાંગમાં, આ બધી માહિતીની પૂર્ણપણે પુષ્ટિ થાય છે અને વધારામાં તે ધ્રુવયોગની પણ માહિતી આપે છે.[૧૩] અને બાલવકરણ નામના કરણની પુષ્ટિ આંતરજાલના સ્રોતથી કરવામાં આવી છે.[૧૪]

આ બધી જ અવકાશીય ઘટનાઓને લેખકે પોતાના નાટકમાં સુવ્યવસ્થિત રીતે ગૂંથી લીધી છે જે તેના રચનાકાળના પુરાવાનું સમર્થન કરે છે.

૩) **પૂર્વજો અને કુળ** : લેખકશ્રી શ્રીનિવાસ પંડિતના પૂર્વજો વિષે વ્યાયોગપત્રિકામાં શરૂઆતના ફક્ત બે શ્લોક થકી માહિતી અપાઈ છે. જેમાં તેમના કુળની તેમજ પિતાશ્રીના નામની માહિતી નથી. જ્યારે, લક્ષ્મીસહસ્રની બાલબોધિની ટીકામાં લેખક વિસ્તારથી પ્રારંભિક ૧૪ શ્લોકો દ્વારા અને ટીકાના અંતમાં આ બધી જ માહિતી આપે છે. જે વ્યાયોગપત્રિકા સાથે સુસંગતિ ધરાવે છે.

વ્યાયોગપત્રિકાનો પ્રારંભ લેખક નીચે દર્શાવેલ નમસ્કારવચન અને શ્લોકથી કરે છે.

श्रीमद्रामचन्द्रसिद्धेश्वरामृतराजगुरुभ्यो नम इदम् ।
श्रीकाशीस्थितविद्वद्भ्यो योऽग्रपूजां समीयिवान् ।
पितामहं सद्गुरुं च मम रामं नमामि तम् ।। व्यायोगपत्रिका १

આ થકી શ્રીમદ્રામચંદ્ર તેમના ઇષ્ટદેવ (લક્ષ્મીસહસ્ર શ્લોક ૫) અને પિતામહના (લક્ષ્મીસહસ્ર શ્લોક ૯) નામને સૂચિત કરે છે. જ્યારે સિદ્ધેશ્વરામૃતરાજ તેમના પ્રપિતામહ (લક્ષ્મીસહસ્ર શ્લોક ૬) છે.

वेदौ द्वौ षट् च शास्त्राणि सौजन्यश्रीनयाः कलाः ।
भक्तिर्ज्ञानं च यत्रासन्समे जयति सद्गुरुः ।। व्यायोगपत्रिका २

તેમના પ્રપિતામહ સદ્ગુરુના નામથી પ્રખ્યાત હોઈ તે દ્વિવેદ અને શાસ્ત્રપારંગત હતા. ભક્તિ અને જ્ઞાન બંને તેમના માટે સમાન હોવાનું જણાવાયું છે.

લક્ષ્મીસહસ્રટીકામાં જણાવ્યા પ્રમાણે તેમનો જન્મ અત્રિ કુળમાં થયો હોઈ, પિતાનું નામ

12. Dewan Bahadur L. D. Swamikannu Pillai, *An Indian Ephemeris A.D. 1800 to A.D. 2000'*, B.R. Publishing Corporation Delhi, First Reprint 2019, First Published 1915, p.140
13. रा.रा. शंकर नरहर जोशी, शंभरवर्षांचें पंचांग (शके १७०१ पासून शके १८०१ पर्यंत), printed and published at Chitrashala, Pune, 1910 (unfortunately page numbers are cut while rebinding the book)
14. https://www.drikpanchang/month-panchang.html?date=23/04/1869 dtd.31/07/2021

શ્રીકૃષ્ણ હતું.

श्रीकृष्णात्रिकुलोद्भवः शिवमहीपालस्य यः सद्गुरु-
र्देवोपाद्धयवान् यजुः श्रुतिधरः सिद्धेश्वरो योगिराट् ।
रामस्तनयः समस्तविबुद्धैः काश्यां कृताग्रयार्चनः
कृष्णस्तस्य सुतः कलासु कुशलस्तस्याऽप्यभुदात्मजः ।।

(લક્ષ્મીસહસ્ર સ્તબક ૨૫, શ્લોક ૧, પૃ.૭૮૨).

ઉપર રજૂ કરેલ માહિતી લેખકનો પૂર્ણ પરિચય આપે છે.

વ્યાયોગપત્રિકા નાટકની કથાવસ્તુ, પાત્રપરિચય, સારાંશ અને શીર્ષક :

૧) કથાવસ્તુ : વ્યાયોગપત્રિકા નાટક, અંક કે ગર્ભાંકથી વિભાજિત નથી પરંતુ તે એક સળંગ રચના છે. પત્રિકાવ્યાયોગ (નાટકકાર દ્વારા ઉપયોજિત શબ્દપ્રયોગ-ભાગ ૧) અથવા વ્યાયોગપત્રિકા એક નાટકના સ્વરૂપમાં વિજ્ઞપ્તિપત્ર છે. તે નાટકની પટકથાનું પ્રકટીકરણ કરવા માટેની વિજ્ઞપ્તિપત્રિકા છે. આ વિજ્ઞપ્તિપત્ર થકી લેખક દ્વારા રચાયેલી અન્ય ત્રણ કૃતિઓ ૧) શ્રીલક્ષ્મીસહસ્રની વ્યાખ્યા ૨) શ્રીમદ્ભાગવતગ્રંથમાં ઉદ્ધૃત શ્લોક 'द्रौण्यस्त्रविप्लुष्टमिति' ઉપર વિરોધાભાસ ઉત્પન્ન થવાની શક્યતાને ધ્યાનમાં લઈ તેનો પરિહાર કરતી ટીકા ૩) દાનધર્મ વિષયને અનુલક્ષીને લખાયેલા ગ્રંથોમાં एको विष्णुरिति શ્લોકમાં વિસંગતીનું નિરાકરણ કરવા માટે શ્રી રામરાય ઉર્ફે તાડપદ્રી નામના ગૃહસ્થ દ્વારા કરવામાં આવેલ વિનંતીને માન આપી તેની પર લખેલી ટીકા પારિતોષિક સ્વરૂપે વારાણસીક્ષેત્ર નિવાસી વિદ્વાનો શ્રીમદ્ ભિકુશાસ્ત્રી પાઠક અને રાજારામશાસ્ત્રી સમક્ષ મોકલવાનો ઉપક્રમ પણ લેખક દ્વારા યોજવામાં આવ્યો છે. આ કાર્ય સાધ્ય કરવા માટે લેખકે વિવિધ પાત્રોને નિયુક્ત કર્યાં છે. વારાણસીક્ષેત્ર નિવાસી વિદ્વાનો દ્વારા આ ત્રણ કૃતિઓનો ઉપહાસ ન થાય, યોગ્ય આલોચના થાય અને તેમની કૃપાદષ્ટિ મળી રહે તેવો આશય આ નાટક દ્વારા રજૂ કરાયો છે.

૨) પાત્રપરિચય : આ કથાવસ્તુની રજૂઆત નાટકકાર પ્રહસનના સ્વરૂપમાં કરે છે. 'હાસ્ય' આ નાટકનો આત્મા છે. નાટકના વિષયને માનવીય અને વિવિધ ગોચર/અવકાશી પાત્રોને સંયોજી, રમૂજી સંવાદો દ્વારા વિકસિત કરવામાં આવ્યો છે જેની પકડ નાટકનાં માનવીય પાત્રો : સૂત્રધાર - શ્રીનિવાસ પંડિત, પત્રપ્રણિધિ (પત્રદૂતનો અનુજ) અને પત્રદૂત છે. જ્યારે ગોચર પાત્રો : વિદૂષક - બાલવકરણ, ભૃગુવાસર, વૈશાખદ્વાદશી, ઉત્તરાભાદ્રપદા, શુક્લવત્સર અને કંચુકી - ધ્રુવયોગ છે.

૩) સારાંશ : સુગમતા માટે, અહીં નાટકને પ્રસંગાનુસાર ૫ વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે.

ભાગ ૧ - નાટકનો પ્રારંભ નાંદીથી થાય છે અને તેની રજૂઆત પછી સૂત્રધાર મહત્ત્વની ઘોષણા સાથે પ્રવેશ કરે છે. તે મુજબ સૂત્રધારને વ્યાયોગપત્રિકા, વારાણસીક્ષેત્ર નિવાસી શ્રીમદ્ ભિકુશાસ્ત્રી પાઠક

અને રાજારામશાસ્ત્રી આ બંને સંસ્કૃત વિદ્વાનની સમક્ષ રજૂ કરવાની આજ્ઞા શ્રીનિવાસ પંડિત દ્વારા કરાઈ છે. આ જ કાર્ય માટે પત્રપ્રણિધિની પણ નિયુક્તિ સ્વામી ઉર્ફ શ્રીનિવાસ પંડિતે કરી છે. રંગમંચ ઉપર બંનેની મુલાકાત હાસ્યસભર સંવાદ થકી રજૂ થઈ છે. જે અહીં રજૂ કર્યો છે. પત્રપ્રણિધિ વારાણસીનો માર્ગ દુર્ગમ હોઈ ત્યાં કેવી રીતે પહોંચવું તેની ચિંતામાં તેના એક સંવાદમાં ભટ - (જંગલી જાત) ના બદલે ભટ્ટ (વિદ્વાન માણસ માટે વપરાતી સંજ્ઞા) શબ્દનું ઉચ્ચારણ કરે છે અને હાસ્યરસની પ્રતીતિ થાય છે.

पत्रप्रणिधिः – श्रीकाशीक्षेत्रं त्वतिदूरतरमस्ति इति श्रूयते । अहं त्वेकाकी गन्तव्यमार्गानभिज्ञः मार्गस् त्वतिक्रूरैरञ्जनाचलनिभैर्भयानकैर्गलनालच्छेदकारिभिः लुण्ठनपरैः पश्यतो हरैः किरातभट्टैरित्यर्धोक्ते ।

सूत्रधारः – अरे पत्रप्रणिधे किं तन्मार्गे भूसुरा अपि लुण्ठनपराः ।

पत्रप्रणिधिः – नहि नहि ।

सूत्रधारः – तर्हि ?

पत्रप्रणिधिः – भावप्रभुकार्यगौरववशात् त्वरितं गन्तुमुत्सुकस्य मम मुखादधिक एकष्टकारो निः सृतः । अस्ति च भटभट्टयोर्नामतः कर्मतश्च महान्भेद इति जानामि । यशोक्तमार्यैरिमं मासमधिकृत्य (વ્યાયોગપત્રિકા ભાગ-૨)

અને કોઈક માર્ગદર્શકની અપેક્ષા સાથે નાટ્યમંચ ઉપર મૂર્છિત થાય છે. આ સાથે નાટકની પ્રસ્તાવના પૂરી થયાનો સંકેત છે.

ભાગ ૨ - ત્યાર પછી, અધિક માસમાં આવતી વૈશાખદ્વાદશી જે એકાદશીના ઉપવાસથી ખિન્ન થયેલ છે તે ભૃગુવાર સાથે પ્રવેશ કરે છે. મંચ ઉપર પત્રપ્રણિધિને મૂર્છિત અવસ્થામાં જોઈ તેની ઉપર પાણીનો છંટકાવ કરે છે અને પત્રપ્રણિધિ ભાનમાં આવે છે. તરત જ વિદૂષક - બાલવકરણ અને ઉત્તરાભાદ્રપદા તારાનો પ્રવેશ થાય છે. આ સાથે મંચ ઉપર પાંચ પાત્રો એકત્રિત થયેલાં જોવા મળે છે. આ સંજોગોમાં, અહીં પણ લેખક નાટકના સંવાદમાં चिता(શબનું દહન) અને चिन्ता(કાળજી) શબ્દપ્રયોગોની યોજના કરી ફરી એક વખત હાસ્યરસનો અનુભવ કરાવે છે.

पत्रप्र. – समाश्वस्य । मातर्नास्म्यातपादिना परिश्रान्तः । किन्तु चितया......

द्वादशी सम्भ्रमम् । कर्णौ पिधाय – शान्तं पापं २ (વ્યાયોગપત્રિકા ભાગ-૨)

पत्रप्रणिधिः –(सानुस्मरणम्) मातर्नास्मि त्रस्तः कृतान्तात् । किन्तु चिन्ताज्वरजर्जरितजिह्वस्य मम चिन्तयेति वक्तव्येऽनुस्वारोच्चारणं न जातम् । (વ્યાયોગપત્રિકા ભાગ-૩)

ભાગ ૩- એટલામાં જ નેપથ્યે મહાન કલરવ સંભળાય છે અને તે સાથે ધ્રુવયોગ નામનો કંચુકી શુક્લવત્સરને માર્ગ બતાવી દબાદબાભર્યો પ્રવેશ કરાવે છે. આ શુક્લવત્સરનો ૧૭૯૧ના વર્ષમાં પ્રવેશ થયેલો છે અને તે પરિવારનો મુખ્ય છે. કંચુકી પણ તેના પ્રભુ(શ્રીનિવાસ પંડિત)ની આજ્ઞા પ્રમાણે વ્યાયોગપત્રિકાની વિજ્ઞાપના કરવા માટે જ આ સ્થળે આવ્યો છે. તે સાંભળી શુક્લવત્સર પણ આ કાર્યમાં બધા સાથે જોડવાની ઇચ્છા વ્યક્ત કરે છે.

નાટકના રંગમંચ ઉપર ભેગાં થયેલાં બધાં જ પાત્રો વારાણસીના માર્ગથી અનભિજ્ઞ હોવાથી ત્યાં કેવી રીતે પોંહચવું તેની ચિંતામાં વિચારમગ્ન છે. એટલામાં જ વૈશાખદ્વાદશી જાહેર કરે છે કે તે વારાણસીના માર્ગથી પરિચિત છે કારણકે તે હાલમાં જ બંને શાસ્ત્રીવર્યોની મુલાકાત લઈને પરત ફરી છે અને સાથીઓને જણાવે છે કે શ્રીનિવાસ પંડિતે આ જ કાર્ય પાર પાડવા માટે અન્ય એક પત્રદૂતની પણ નિમણૂક કરી છે. અને તે સાથે જ પત્રદૂતનો પ્રવેશ થાય છે. આ પત્રદૂતના પરિવેષનું ખૂબ જ આહ્લાદક અને તેના પાત્રને સુસંગત વર્ણન કર્યું છે. તે નીચે મુજબ છે -

कोऽयमायाति चन्दनचर्चितनिटिलोपित(त?)दर्धस्थापितव्यत्यस्तकौसुम्भोष्णीषः दीर्घवसन-बद्धकटिरपि तत्संलग्नकच्छपुटविच्छुरितकरालकरवालः दृढतरतनुरपि चरणालम्बिकञ्चुकावृतः पृष्ठधृतचर्मापितत्यादूधृतपादः रुचिरतरदृष्टिरपि हस्तधृतयष्टिः । (વ્યાયોગપત્રિકા ભાગ-૪) .

ભાગ - ૪ હવે, રંગમંચ ઉપર બધાં જ પાત્રો ભેગાં થયાં છે. પત્રપ્રણિધિ પાસે વારાણસી સ્થિત બંને પંડિતોને પારિતોષિક રૂપે મોકલાયેલ ઉપર દર્શાવેલ ત્રણ ટીકાઓ છે. નાટકકારે, આ ટીકાઓમાં લક્ષ્મીસહસ્રની વ્યાખ્યા અન્ય બે કૃતિઓની સરખામણીમાં કેવી રીતે અતિ સાહસિક અને વિદ્વત્તાસભર કાર્ય છે તેની સમર્થાત્મકતા માટે પત્રપ્રણિધિ અને પત્રદૂત વચ્ચે રોચક ચર્ચા યોજી છે. તે મુજબ વેંકટાધ્વરિકૃત લક્ષ્મીસહસ્રમાં સ્તબક ૨૨ જે ચિત્રસ્તબક નામનું શીર્ષક ધરાવે છે તેની ઉપરની ટીકાને કાળા પત્થરને લોખંડથી તોડવા બરાબરની ઉપમા આપી છે. શ્રીનિવાસ પંડિતે તેને ભેદીને ટીકા કરવાનું કાર્ય કર્યું છે તેમ પત્રદૂત જણાવે છે જે સંવાદ નીચે પ્રમાણે વર્ણિત થયો છે.

पत्रदूतः - तद्ग्रन्थकारेण चित्रस्तबकसमाप्तौ आयासि त्वं न । कथमधुना चित्रकूटाश्मचारादायासित्वम् इत्युक्तम् । तस्य कृष्णोपलप्रायग्रन्थस्य लोहेनापि स्फोटनमशक्यम् । तस्य भेदनमयं लेखनिकयैव कर्तुमुद्युक्त इति । (વ્યાયોગપત્રિકા ભાગ-૫,૬) .

ભાગ - ૫ નાટકનાં બધાં જ પાત્રો વારાણસી જવા માટે તૈયાર થાય છે અને ભરતવાક્યમાં નાટકકાર અને શાસ્ત્રીવર્યોના દીર્ઘાયુષ્ય માટે શુભેચ્છા પ્રગટ કરી છે.

अस्मत्प्रभुः शास्त्रिवर्यौ शुक्लपक्षीयसोमवत् ।
कुर्वन्तः स्नेहसंवृद्धिं जीवन्तु शरदां शतम् ॥१५॥

અંતે, પૃષ્પિકામાં લેખક - નાટકકાર પોતાનું નામ અને કૃતિનો ઉલ્લેખ આપે છે તે પ્રમાણે-

इति श्रीश्रीनिवासेन पण्डितेन विनिर्मितः
व्यायोगः पत्रिकाख्योऽयं बोभवीतु सदां मुदे ।।१७।।
श्रीमद्रामचन्द्रसद्गुरुनाथार्पणं भूयात् ।

શીર્ષક : વ્યાયોગપત્રિકા નાટકના શીર્ષક સંબંધિત ચર્ચા પ્રારંભે ન કરતાં અંતમાં કરી છે. સંસ્કૃતજ્ઞોને માટે વ્યાયોગ શબ્દ એટલે નાટ્યશાસ્ત્ર અને સાહિત્યદર્પણમાં વર્ણિત કરેલાં ૧૦ રૂપકો પૈકી એક છે. વ્યાયોગ શબ્દની વ્યુત્પત્તિ આપતાં અભિનવ ગુપ્ત કહે છે. 'व्यायामे युद्धप्राये नियुद्धयन्ते पुरुषा यत्रेति व्यायोग इत्यर्थः ।'[૧૫] અને તેનાં લક્ષણોની વિસ્તૃત ચર્ચા નાટ્યશાસ્ત્ર (૨૦.૮૭-૨૦.૯૦)[૧૬] અને સાહિત્યદર્પણ (૬.૨૩૧-૬.૨૩૩) માં આપેલ છે. બંને શાસ્ત્રોમાં ઉદ્ધૃત કરેલાં વ્યાયોગનાં સામાન્ય લક્ષણો મુજબ આ પ્રકારના નાટકમાં અલ્પ સ્ત્રીપાત્રો અને ઘણાં પુરુષપાત્રો, પ્રખ્યાત નાયકનું પાત્ર, યુદ્ધનાં દૃશ્યો, એકાંકી, ખ્યાતવૃત્ત વગેરે મળી આવ્યાં છે. બધાં લક્ષણોને ધ્યાનમાં લેતાં અહીં એક પણ લક્ષણનું સામ્ય દેખાતું નથી. સંસ્કૃત શબ્દકોશ વ્યાયોગનો અર્થ આ પ્રમાણે આપે છે- એક એકાંકી નાટકનો પ્રકાર; સાહિત્યદર્પણ દ્વારા ઉદ્ધૃત વ્યાખ્યા..[૧૭] પરંતુ, સાહિત્યદર્પણ અને નાટ્યશાસ્ત્રમાં આપેલ વ્યાખ્યાઓ સાથે વ્યાયોગપત્રિકાનો વર્ણિત વિષય સુસંગત નથી. તેથી તેના અર્થની સ્પષ્ટતા માટે સંસ્કૃત શબ્દ आयोगः એટલે કે અભિનય[૧૮] અને તેની સાથે वि પ્રત્યયને જોડતાં 'વિશેષ અભિનય'નો આધાર લઈ શકાય, જે સાહિત્યદર્પણના સંપાદક સત્યવ્રતસિંઘની હિંદી વ્યાખ્યામાં આપેલ વ્યાયોગ શબ્દની વ્યુત્પત્તિ - विशेषेण आ समन्तात् युज्यन्ते कार्यार्थं संरभन्तेऽत्रेति व्यायोगः ।[૧૯] સાથે સાધર્મ્ય ધરાવે છે. પત્રિકા શબ્દને વિજ્ઞપ્તિપત્રના અર્થમાં લઈએ તો - 'નાટકની પટકથાનું પ્રકટીકરણ કરવા માટેની વિજ્ઞપ્તિપત્રિકા' એ રીતે શીર્ષકની સ્પષ્ટતા થાય છે. અને તે સાથે જ આ રચનાને હસ્તલિખિતના વિવિધ પ્રકારોમાં 'નાટક અને વિજ્ઞપ્તિપત્રનું એકીકરણ' તરીકે એક આગવા સ્થાનની ઉપલબ્ધતા ગણી શકાય.

વ્યાયોગપત્રિકા ભાષાકીય અને નાટકના સ્વરૂપસંદર્ભે વિશેષતાઓ : આ નાટકનો રચનાકાળ ૧૯મી સદીનો હોવાથી આધુનિક સંસ્કૃત સાહિત્યની રચનાઓના પરિપ્રેક્ષ્યમાં તેની વિશેષતાઓને લક્ષિત

---

15. *Nāṭyaśāstra, Vol.3,* Edited by Dr. N.P. Unni, NBBC Publishers & Distributors (P) Ltd., Delhi, Second Revised Edition, 2014, p.995

16. એજન, pp.994,995

17. Vaman Shivram Apte, *The Student's Sanskrit-English Dictionary,* Motilal Banarsidass Publishers, Delhi, Reprint 2000, p.540

18. એજન, pp.85

19. साहित्यदर्पणः, सविमर्श-'शशिकला'-हिन्दीव्याख्योपेतः, व्याख्याकार डॉ. सत्यव्रत सिंह, चौखम्बा विद्याभवन, वाराणसी, पृ.५१३

કરવામાં આવી છે. નાટકના વિષયને વાસ્તવિકતા અને કાલ્પનિકતાના સંમિશ્રણ સાથે રજૂ કરાયો છે. તેનું સ્વરૂપ ગદ્યપદ્ય મિશ્રિત છે. પદ્યમાં ૧૭ શ્લોકોની રચના વિવિધ છંદોમાં છે. આ ૧૭ શ્લોકોમાંથી નાટકકારના સ્વરચિત શ્લોકો ૧, ૨, ૩, ૪, ૫, ૭, ૧૦, ૧૧, ૧૩, ૧૫, ૧૬, ૧૭ અનુષ્ટુભ્ છંદમાં પ્રસ્તુત છે. આ બધા જ શ્લોકો અતિસરળ ભાષામાં લખાયેલ છે. જ્યારે શ્લોક ૬, ૮, ૯, ૧૨ અને ૧૪ સુભાષિતરત્નભંડારમાંથી લીધા છે અને તે વસંતતિલકા, ઇંદ્રવજ્રા-ઉપેંદ્રવજ્રામાં છે.

નાટકના અમુક સંવાદો અતિ લાંબા છે, દા.ત. पुण्यपुञ्जपरिपाकप्रसादप्रापित-परिपूर्णपुमर्थौ श्रीवाग्देवतासीमन्तधम्मिल्लाविव सुमनोभिभूषितौ तल्लोललोचने इव श्रुत्यन्तपरिशीलनशीलौ तत्कर्णाविव सुवर्णालङ्करणमण्डितौ तन्नासिके इव सुगुणगन्धग्राहकौ तदोष्ठाविवातिरक्तौ तद्भुजाविव सुवृत्तौ तदुरोजाविव परस्परसङ्गतौ तत्कराविव कङ्कणभूषितौ तन्नितम्बजघने इव गुण्यभिव्याप्तौ तच्चरणसारसे इव गतिसंसेवितद्विजराजौ तन्मुखचन्द्रेणेव स्वयशश्चन्द्रेण समवदातीकृतदिगङ्गनावदनारविन्दौ राजया विराजितौ श्रीमद्भिकुशास्त्रिपाठकराजारामशास्त्रिणौ प्रति अस्मत्साष्टाङ्गनतिततीनां निवेदकोऽयं पत्रिकाव्यायोगः श्रीमद्वाराणसीक्षेत्रे तत्सविधे प्रकटयितव्य इति तत्प्रेमाभिलाषिभिः श्रीमत्करवीरक्षेत्रनिवासिभिः श्रीरावजीमहाराजापरनामभिः श्रीनिवासपण्डितैरस्मत्प्रभुभिरादिष्टोऽस्मि । तेन च अस्मिन् वसन्तसमयेऽधिमासोत्साहे मिलितान् सभाजयितुमिच्छाम्यार्यमिश्रान् ।

નાટકની ભાષા સમાસપ્રચુર હોવાં છતાં સમજવામાં સરળ છે, દા.ત. ततः प्रविशति सहचरेण भृगुवारेण दत्तहस्ता हंसवरगरुद्गौरतरशुक्ला चन्द्रिकापटावृताऽनशनव्रतोत्तरभोजनखिन्ना मन्दपादचारेणाधिकवैशाखद्वादशी (વ્યાયોગપત્રિકા ભાગ-૨), જે નાટકકારની વિદ્વત્તા દ્યોતિત કરે છે.

નાટકમાં હાસ્યરસનું પ્રાધાન્ય છે (ઉદાહરણ સારાંશમાં ટાંક્યાં છે) અને અંત સુધી તે જળવાઈ રહ્યું છે તેથી તેને હળવા પ્રહસનના પ્રકારમાં ગણી શકાય.

નિષ્કર્ષ : વ્યાયોગપત્રિકાનાટકની ઉપલબ્ધિ આધુનિક સંસ્કૃતસાહિત્યના દષ્ટિકોણથી ઘણી મહત્ત્વની છે. આશરે ૧૫૦ વર્ષ પૂર્વે લખાયેલ નાટકની પટકથા નાવીન્યપૂર્ણ છે. તેના સરળ સંવાદો, અદ્ભુતપાત્રો અને હળવો હાસ્યરસ વાચકવર્ગને તથા તેનું રંગમંચ ઉપર અભિનય દ્વારા પ્રસ્તુતીકરણ પ્રેક્ષકગણને આહ્લાદકતા આપવા માટે સમર્થ છે. અને, હસ્તલિખિતોના સંશોધનક્ષેત્રનો જો વિચાર કરીએ તો, વિદ્વાનો દ્વારા સંશોધિત એક ચોક્કસ વિષયને કેંદ્રમાં રાખીને લખાયેલ પરંપરાગત લેખપટોમાં અલગ વિષયના વ્યાયોગપત્રિકા લેખપટનો સમાવેશ એક આગવો આવિષ્કાર ગણી શકાય.

श्रीमज्जनकजाजानिर्जयति ।

श्रीमद्रामचन्द्रसिद्धेश्वरामृतराजगुरुभ्यो नम इदम् ।

श्रीकाशीस्थितविद्वद्भ्यो योऽग्रपूजां समीयिवान् ।
पितामहं सद्गुरुं च मम रामं नमामि तम् ।।१।।

अपि च

वेदौ द्वौ षट् च शास्त्राणि सौजन्यश्रीनयाः कलाः ।
भक्तिर्ज्ञानं च यत्रासन्समे जयति सद्गुरुः ।।२।।

नान्द्यन्ते लेखकसूत्रधारः- परितोऽवलोक्य सानन्दम्

अहो रमणीयतास्य प्रभातसमयस्य । अलमतिपल्लवितेन । स्वस्तिश्रीमत्कालभैरवपदपङ्कजपरागपरिचरणम् । पुण्यपुञ्जपरिपाकप्रसादप्रापितपरिपूर्णपुमर्थौ श्रीवाग्देवतासीमन्तधम्मिल्लाविव सुमनोभिभूषितौ तल्लोललोचने इव श्रुत्यन्तपरिशीलनशीलौ तत्कर्णाविव सुवर्णालङ्करणमण्डितौ तन्नासिके इव सुगुणगन्धग्राहकौ तदोष्ठाविवातिरक्तौ तद्भुजाविव सुवृत्तौ तदुरोजाविव परस्परसङ्गतौ तत्करावि व कङ्कणभूषितौ तन्नितम्बजघने इव गुण्यभिव्याप्तौ तच्चरणसारसे इव गतिसंसेवितद्विजराजौ तन्मुखचन्द्रेणेव स्वयशश्चन्द्रेण समवदातीकृतदिगङ्गनावदनारविन्दौ राजया विराजितौ श्रीमद्धिकुशास्त्रिपाठकराजाराम शास्त्रिणौ प्रति अस्मत्साष्टाङ्गनतिततीनां निवेदकोऽयं पत्रिकाव्यायोगः श्रीमद्वाराणसीक्षेत्रे तत्सविधे प्रकटयितव्य इति तत्प्रेमाभिलाषिभिः श्रीमत्करवीरक्षेत्रनिवासिभिः श्रीरावजीमहाराजापरनामभिः श्रीनिवासपण्डितैरस्मत्प्रभुभिरादिष्टोऽस्मि । तेन च अस्मिन् वसन्तसमयेऽधिमासोत्साहे मिलितान् सभाजयितुमिच्छाम्यार्यमिश्रान् । तत्कथं कर्तव्यमिति विचारयन् स्थितः ।

नेपथ्ये- साधु रे भरताचार्य साधु आज्ञप्तमस्मत्स्वामिभिः ।

सूत्रधारः - (नेपथ्याभिमुखमवलोक्य) अयेऽस्मत्स्वामिभिरस्मिन्नेव कार्ये नियुक्तः पत्रप्रणिधिरित एवाभिपतति तदलमनया चिन्तयेति स्थितः ।

ततः प्रविशति पत्रप्रणिधिः ।

पत्रप्रणिधिः - श्रीमत्कालभैरवाधिष्ठितश्रीकाशीक्षेत्रनिवासिशास्त्रियुग्ममस्मत्कुशलवृत्तविज्ञापनेन समाधातव्यमिति नियुक्तोऽस्मि । तत्कथं कर्तव्यमिति चिन्तां नाटयन् स्थितः ।

सूत्रधारः - पत्रप्रणिधे का चिन्ता ?

पत्रप्रणिधिः - श्रीकाशीक्षेत्रं त्वतिदूरतरमस्ति इति श्रूयते । अहं त्वेकाकी गन्तव्यमार्गानभिज्ञः मार्गस्त्वतिक्रूरै रञ्जनाचलनिभैर्भयानकैर्गलनालच्छेदकारिभिर्लुण्ठनपरैः पश्यतो हरैः किरातभट्टैरित्यर्धोक्ते ।

सूत्रधारः - अरे पत्रप्रणिधे किं तन्मार्गे भूसुरा अपि लुण्ठनपराः ।

पत्रप्रणिधिः - नहि नहि ।

सूत्रधारः - तर्हि ?

पत्रप्रणिधिः - भावप्रभुकार्यगौरववशात् त्वरितं गन्तुमुत्सुकस्य मम मुखादधिक एकष्टकारो निःसृतः । अस्ति च भटभट्टयोर्नामतः कर्मतश्च महान्भेद इति जानामि । यथोक्तमार्यैरिमं मासमधिकृत्य

भट्टोऽपूपगणं हन्ति भटो रिपुगणं यथा
एकेनैव टकारेण भटाद्भट्टो विशिष्यते ।।३।।

इति भट्टास्तु कुशपाणयस्तेऽस्मत्सहाया एव परन्तु निस्त्रिंशपाणिभिर्भटैरावृतः । प्रभोराज्ञा तु दुर्लङ्घ्या ।

सङ्कटप्रायोऽयं सेवकभावः । यथोक्तमाचार्यैः प्रश्नोत्तरमालिकायां को नरकः परवशतेति । तदत्र मम (मया) प्राप्तम् । भोः कष्टम् । नास्ति कोऽपि मार्गे सहाय इति खिन्नः । कोऽत्र भो मार्गदर्शक इत्युक्त्वा चिन्ताकानने पतन् मूर्छां नाटयति ।

नेपथ्ये कलकलः ।

सूत्रधारः (नेपथ्याभिमुखमवलोक्य) (आत्मगतम्)

अये! कावप्यस्य साहाय्यकरावागच्छत इत्यलमनया चिन्तयेति निष्क्रान्तः ।

प्रस्तावना

ततः प्रविशति सहचरेण भृगुवारेण दत्तहस्ता हंसवरगरुद्धौरतरशुक्ला चन्द्रिकापटावृताऽनशन-व्रतोत्तरभोजनखिन्ना मन्दपादचारेणाधिकवैशाखद्वादशी ।

वैशाखद्वादशी-अरे सहचर भृगुवार कोऽप्ययं पथिक आतपादिना खिन्नो दृश्यते । आवामपि मार्गरूढौ । अहं तु निरन्तरैकादश्युपोषणखिन्ना । तं(त)देतत्परिचरणेनास्माकमपि श्रेयो भविष्यति । उक्तञ्च नादत्तमुपतिष्ठतीति । तद्गत्वा कोऽसीति सम्पृच्छ्यास्य व्यथां परिहरिष्यावः ।

इत्युभावपि समीपं समुपसृत्य

द्वादशी - सखे पथिक समाश्वसिहि २

किमिति खिद्यतेऽप्यातपेन रुग्णो भवानुत बुभुक्षापिपासाभ्याम् ? इदं नलदकर्पूरादिसुवासितं जलम् । इदं चतुर्विधभोज्यं चेति । सजलपाणिना तस्य शरीरं नेत्रे मूर्धानं च परामृशति ।

पत्रप्र. - समाश्वस्य । मातर्नास्म्यातपादिना परिश्रान्तः । किन्तु चितया .....

द्वादशी ससम्भ्रमम् । कर्णौ पिधाय - शान्तं पापं २

(पुनः स्वगतं) - कस्माद् भयमिह ? मरणादित्याचार्योक्तेर्नूनं कृतान्तत्रस्तोऽयमिति भाति । भवतु नामाशिषैनं जीवयिष्ये ।

(प्रकाशं) अरे पथिक! मा स्म भैषीर्मरणान्मद्वचनाच्छतंजीवी भवेति स्थिता ।

ततः इतस्ततोऽवलोकयन् प्रविशति बालवकरणाख्यो विदूषकः ।

विदूषकः - विकृतं विहस्य । हीं हीं अस्या निष्किञ्चनाया निरशनोत्तराशनाया अबलाया आशिषां (षा?) शतं जीवी भविता पत्रप्रणिधिरयम् । आश्चर्यमेतत् । तर्हि मदाशीर्वचनेनामी समस्ता अपि सभास्ताराश्शक्रपदाधिष्ठातारो भवन्तु ।

तच्छ्रुत्वा सामर्षा ततः प्रविशत्यपटीक्षेपेण तत्सहचारिण्युत्तराभाद्रपदाभिधेया तारा ।

उत्तराभाद्रपदा - अरे! वावदूक विदूषक! किमिति जम्बुकः सिंहीमुपहसतीति न्यायमनुसरति भवान् ? अपि न जानास्येनामतिसुकृतवतीमिति । श्रीविष्णुस्तादृशीमप्येकादशीमपहाय सततमस्यां भोजनं स्वप्नं पार्श्वपरिवर्तनं प्रबोधं विवाहमपि करोति । परञ्च वामनावतारोऽप्यस्यामेव गृहीत इति न त्वच्छ्रुतिगोचरं जातम् । अपि च अस्यां पारणामृतेन ह्येकादशीव्रतसाफल्यं कदाचिदपि प्रभवति । तव मम च बहुजन्मकृतपुण्यपुञ्जपरिपाकवशादतिपुण्याया अस्याः समागमो जातः । ईदृग्विधसुकृतवतीमपि द्वादशीं निन्दतस्तवार्हणाय कुम्भीपाको दूतं न प्रेषयिष्यति ।

ततो भयमभिनीय कम्पं नाटयन्विदूषकः ।

विदूषकः- इदमहं जानाम्यस्या माहात्म्यं तथापि को वा स्वभावमन्यथा कर्तुमी(मि)ष्टे ? स्वभावो दुस्त्यजो नाथ! लोकानां यदसङ्ग्रह इति श्रीभागवते भगवन्तं प्रति कालियोक्तेः अपि च त्वन्मुखेनैतस्या माहात्म्यमिमान् सामाजिकान् प्रकटयितुमिदमुक्तं तत्क्षन्तुमर्हति भवती । एवंविध पुण्यशीलाया आशिषा चिरजीवी भवेदेव पत्रप्रणिधिः ।

पत्रप्रणिधिः -(सानुस्मरणम्) मातर्नास्मि त्रस्तः कृतान्तात् । किन्तु चिन्ताज्वरजर्जरितजिह्वस्य मम चिन्तयेति वक्तव्येऽनुस्वारोच्चारणं न जातम् ।

द्वादशी-अरे! गता तर्हि भेषजमन्तरा खर्जूः । परन्तु किं कारणं चिन्ताया अपि ?

पत्रप्रणिधिः- (मनोगतम्) श्रीमत्कालभैरवाधिष्ठितेत्यादिनिवेद्य स्थितः ।

द्वादशी – अरे शृणु!

सजीवं दहते चिन्ता निर्जीवं दहते चिता ।
उच्चारणे बिन्दुभेदः कर्मभेदो महांस्त्रयोः ।।४।।

पत्रप्रणिधिः-मातः ! सत्यमेव गदितं त्वया तन्मयेदानीमेवानुभूयते । तत्किं कर्तव्यमिति विषण्णोऽस्मीत्युपायं पृच्छामि ।

द्वादशी – सखे ! भैषीर्मालं विषादेन ! यदुक्तमभियुक्तैः जीवन्नरो भद्रशतानि पश्येदिति । अपि च एति जीवन्तमानन्दो नरं वर्षशतादपीति श्रीमदध्यात्मरामायणस्थवेदव्यासवचनादुपायः स्यादेवेति स्थिता ।

ततः नेपथ्ये महान्कलकलः ।

आः ! सर्वपरिवृन्दं मां विहाय कुत्र गच्छन्ति (ति) मदीयाः । ततश्च सर्वेऽपि चिन्तां नाटयन्तः स्थिताः ।

विदूषकः – भो पत्रप्रणिधे ! यज्ञपशुमारं मारयतु भक्षयतु वा सर्वानसौ यक्षस्त्वं मा मा वृणु ।

पत्रप्रणिधिः – अरे विप्रबटो ! न भवेदसौ यक्षस्तर्हि सकलकालप्रवर्तकोऽयं शुक्लनामा (म्नः) वत्सरराजः स्वत्यागेन कोपमापन्नो भवेदिति । ततःप्रविशति ध्रुवयोगाख्यकञ्चुकिना दर्शितमार्ग एकनवतियुतसप्तदशशत १७९१ परिवारपुरोगः शुक्लो वत्सरः ।

कञ्चुकी – भो भो वत्सरराज ! इतः२

शुक्लः – उद्धतं(?) परिक्रम्य पूर्वोक्तं पठति ।

कञ्चुकी – भो वत्सरराज । अधिभुवं त्वां विहाय परिवारः कथं गच्छेदुल्लसेदपि । किन्तु समग्रसामग्रीसन्नाहं सम्पाद्य नायकं त्वां विज्ञाप्य सहैव गमिष्याम इति मार्गं प्रतीक्षन्तः स्थिताः । अथ च प्रभुविज्ञापनार्थमेव तदाज्ञयाऽहमागतोऽस्मि ।

शुक्लः – यद्येतादृशं तदाहमप्यस्मिन्कार्ये आत्मानमुपयोक्ष्यामीति स्थितः ।

द्वादशी – एतावत् पर्यन्तं पण्डितवरान् श्रीकृपया कुशलिनो दृष्ट्वाऽऽगतास्मि । परिचितमपि मम तत्क्षेत्रवरमविमुक्तपुरं मार्गाभिज्ञाप्यस्मि । सकलकलाकपपेशलौ तौ सूरिवरावपि मम परिचितौ । विशेषस्तु अबलया मया शास्त्रिवर्याग्रे पुरुषवत्स्थित्वाऽस्मत्प्रभुभावुकोदन्तनिवेदनानुजस्तत्सन्देशो विज्ञापनीय इत्यस्माकमसमञ्जसमेतत् त्वमागतश्चेदपि सकलविद्यापारावारपाठीनयोस्तयोरग्रे वाग्मी सोमस्य सूत्रदानवत्कथमपि भविष्यसि परन्तु गमनोपायः कथमिति चिन्तां नाटयन्ती स्थिता । क्षणं विचिन्त्य ।

स्मृतिमभिनीय ।

पुनः सहर्षं - अरे पत्रप्रणिधे ! शृणु ! कथयामि गमनोपायम् ।

पत्रप्रणिधिः - मातः ! किमिति ?

द्वादशी - अरे पण्डिताज्ञयाऽस्मिन्नेव कार्ये नियुक्तोऽपरः पत्रदूतः । श्रूयते स आगमिष्यति चेत् तव समीचीनमुपोषणक्लिष्टाया मम च । भवतोः स्कन्धारोहणेन शास्त्रिपरिवृद(न्द)दर्शनं स्यादित्यानन्दमग्ना तिष्ठति ।

निपुणं निरूप्य ।

कोऽयमायाति चन्दनचर्चितनिटिलोऽपि तदर्धस्थापितव्यत्यस्तकौसुम्भोष्णीषः दीर्घवसनबद्धकटिरपि तत्संलग्नकच्छपुटविच्छुरितकरालकरवालः दृढतरतनुरपि चरणालम्बिकञ्चुकावृतः पृष्ठधृतचर्मापितत् धृतपादः रुचिरतरदृष्टिरपि हस्तधृतयष्टिः । (पुनर्दृष्ट्वा)स एवायमायाति इदानीमेव चिन्तितः पण्डितप्रभुप्रेषित अपरः पत्रदूतः ।

पत्रदूतः - मातर्द्वादशि ! वन्दे ते चरणौ ।

द्वादशी - (निर्वर्ण्य सानन्दम्)

वत्स ! शतं जीव । अरे पत्रदूत ! क्व गन्तास्यतिपटुरसि वाग्विलासे । बहुदिवसैर्दृष्टोऽसि ।

पत्रदूतः - पण्डितप्रभूणामाज्ञया तत्कुशलकथनार्थं क्षेत्रमेव गच्छामि । भवती पुनः कं देशमलङ्करिष्यति ? अयं पुनस्त्वत्सविधे को धूलिधूसरतनुः ।

निपुणं निरूप्य । सहर्षम् ।

अनुजोऽयं ममैवाद्य प्रातः प्रेषितः पत्रप्रणिधिः । तत्समीचीनं जातमुभावप्येककार्ये नियुक्तौ तत्सुखेन सहैव गच्छाव इति ।

अरे ! अनुज ! पत्रप्रणिधे ! शास्त्रिवर्यसकाशे निवेदनार्थमस्मत्स्वामिभिः स्नेहस्मारकं किञ्चित्पारितोषिकं दत्तमस्ति ?

पत्रप्रणिधिः - अस्ति ।

पत्रदूतः - किं तत् ?

पत्रप्रणिधिः - श्रीमल्लक्ष्मीसाहस्र्युपरि तैर्व्याख्या कृता । सा पुण्यनगरे शिलायामङ्किता तस्याः प्रतिः १ ।

अथ च द्रौण्यस्त्रविप्लुष्टमिति श्रीमद्भागवतस्थश्लोके प्रसङ्गवशाद्विरोधोद्भावनमुद्भाव्य तत्परिहारकर्त्री तदुपरि टीका कृता ।

तस्याः प्रतिः १ । परं च दानधर्मस्थं(म्) एको विष्णुरिति पद्यं वर्तते । तदन्ननिवेदनसमये सर्वत्र सर्वेऽपि पठन्ति । तदर्थविचारे संगत्यभावो दृश्यतेऽतस्तस्मिन्टीकाकरणार्थं (दृश्यतेऽतस्तस्मिंष्टीकाकरणार्थं) ताडपद्युपनामकरामरायाख्यैः कार्यवाहकैरस्मत्प्रभुनिकटे प्रेषितं तदुपर्यपि टीका कृता तस्याः प्रतिः १ । एतत्त्रितयं पारितोषिकं प्रेषितमस्ति ।

पत्रदूतः - अरे अनुज ! पद्यद्वयटीकाकरणमस्तु । परन्तु साहस्र्युपरि टीकाकरणमारम्भरूपम् । किमेतत्सूरेरप्यस्मत्प्रभोः साहसं कर्म ।

पत्रप्रणिधिः- कथमिव ?

पत्रदूतः - तद्ग्रन्थकारेण चित्रस्तबकसमाप्तौ आयासित्वं न । कथमधुना चित्रकूटाश्मचारादायासित्वम् इत्युक्तम् । तस्य कृष्णोपलप्रायग्रन्थस्य लोहेनापि स्फोटनमशक्यम् । तस्य भेदनमयं लेखनिकयैव कर्तुमुद्युक्त इति ।

पत्रप्रणिधिः - भो अग्रज ! प्रवृत एवेति साहसं तवाश्चर्यजनकं जातम् । तर्ह्येतस्मादप्यधिकं साहसतरं सम्पन्नम् ।

पत्रदूतः - कथमिव ।

पत्रप्रणिधिः - भोः समाप्तिं गमितापि सा टीका । तेन न हि आरम्भशूराः खलु दाक्षिणात्या इति वाक्यस्य भूषणं दत्तम् ।

पत्रदूतः - अरे पत्रप्रणिधे ! इदं कथमिव न साहसम् ।

पत्रप्रणिधिः - भोः (भो) विचार्य! कृतं साहसमपि सिद्धिदं भवति ।

तथा हि

साहसेन विना राजन्न सिध्यन्ति मनोरथाः ।
शिखण्डिनी साहसतः प्राप पुंस्त्वं हि यक्षतः ।।५।।

अत्र स्त्रीत्वात्प्राणत्यागसाहसे यक्षादपि तस्याः(?) पुंस्त्वसम्पत्तिर्जाता न वा । परं च सकलराजन्य-मुकुटमणिहीरनीरजितचरणकमलैः श्रीमद्रामचन्द्रप्रभुभिः श्रीमज्जनकजास्वयंवरसमये शैशवे एव शैवधनुर्भङ्गं कृत्वा सीतापि परिणीता । तच्छ्रुत्वा(तच्छ्रुत्वा) क्रोधमुषितविवेकः क्षत्रियान्तकरोऽहमिति गर्वितो जामदग्न्यः द्वन्द्वयुद्धं याचितवान् तदानीं रामप्रभुभिस्तस्योत्तरं दत्तम् । तत्पद्यं हनुमन्नाटके

बाह्वोर्बलं न विदितं न च कार्मुकस्य
त्रय्यम्बकस्य(त्रैयम्बकस्य) महिमा न तवापि सैषः ।
यच्चापलं परशुराम मम क्षमस्व ।
डिम्भस्य दुर्विलसितानि मुदे गुरूणाम् ।।६।।

अनेन कृतं साहसमपि सिद्धिं गच्छति । परञ्च पूज्यपादास्तत्क्षमापनमपि कुर्वन्तीति स्फुटतरं भवति । अस्मिन्त्रिजगत्पूज्यतमरामप्रभुकर्मणि कथने च विश्वासं दत्वा लेखनिकयैव स्थूलाश्मस्फोटने प्रवृत्तः स च हृतकमलस्थितिस्फूर्तिदायकश्रीमद्रामचन्द्रपण्डितदेशिकवरचरणानुकम्पयैव केवलं सम्पन्नः ।

पत्रदूतः - अस्त्वेतन्नाम । परन्तु परशुरामः अंशावतारः । रामस्तु भगवान्स्वयम् इति सति परशुरामे प्रभोर्गुरुत्वोक्तिः कथं सङ्गच्छते ।

पत्रप्रणिधिः- श्रुण्ववहितमनाः।

पत्रदूतः - शृणोमि ।

पत्रप्रणिधिः - आद्यावतारत्वादग्रजजात्युत्पन्नत्वाच्च तद्गुरुत्वोक्तिः सङ्गच्छते ।

पत्रदूतः - तर्हि युज्यत इदम् ।

पत्रप्रणिधिः - इदं यदा युज्यते तदेतरत्किमप्यसमञ्जसमिव स्यात् ।

पत्रदूतः - अथ किम् ?

पत्रप्रणिधिः - किं तत् ?

पत्रदूतः - अनादिविद्यापीठस्थशास्त्रिशार्दूलयोः पुरः ।
ईषत्स्वकृतिविज्ञप्तिर्नोपहासास्पदं भवेत् ।।७।।

पत्रप्रणिधिः - नहि । नहि ।

पत्रदूतः - कथमिव ।

पत्रप्रणिधिः - ईषन्मात्रमपि साधवः स्वीकुर्वन्ति भूषयन्ति च ।

तथा हि

अपि मुदमुपयान्तो वाग्विलासैः स्वकीयैः
परभणितिषु तोषं यान्ति सन्तः सुशान्ताः ।
निजघनमकरन्दस्यन्दपूर्णालवालः

कलशसलिलसेकं नेहते किं रसालः ॥८॥

अपि च

अपां निधिं वारिभिरर्चयन्ति दीपेन सूर्यं प्रतिदीपयन्ति ।
